

પેજ-08

₹119 કરોડના નવા ઘરમાં દેખાયા દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ.....

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09

રોહિત અને હાર્દિક અફઘાનિસ્તાન સામે રમશે, વન-ડે સીરિઝમાં સ્ટાર ....




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 41.00 | 30.00 |
| વડોદરા | 39.00 | 31.00 |
| સુરત | 35.00 | 30.00 |

પેજ 5



વૈશ્વિક અસ્થિરતા વચ્ચે સોના-ચાંદીના ભાવમાં જોવા મળી ઉછળકૂદ


10 JUNE-2026 WEDNESDAY


પરમાણુ હથિયાર ત્યાગવા ઈરાન તૈયાર હોવાનો ટ્રમ્પનો દાવો



પેજ 10

**.....સુવિચાર.....**

દરેક વખતે દુશ્મન જ તમારું ખરાબ કરે એવું ના હોય ક્યારેક તમારા નજીકના લોકો પણ તમને હરાવવામાં મહત્વનો ભાગ ભજવે છે


વર્ષ-15 । અંક-209 । વિક્રમ સંવત-2082 । જેઠ વદ-10 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# ભારતે પહેલીવાર 12 પરમાણુ બોમ્બ તૈનાત કર્યા

## આપણા એટમી હથિયારો 2 વર્ષમાં 180 થી વધીને 190 થયા; જે પાકિસ્તાન કરતાં 20 વધુ

(એજન્સી) નવી દિલ્હી। તા. 09

ભારતે પહેલીવાર 12 પરમાણુ હથિયારો મોરચે તૈનાત કર્યા છે. દેશનો પરમાણુ હથિયારોનો ભંડાર પણ 180 થી વધીને 190 થઈ ગયો છે. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SIPRI) ના તાજેતરના અહેવાલમાં આ જણાવવામાં આવ્યું છે.

અહેવાલમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે 2025માં ભારતે એક પણ પરમાણુ હથિયાર તૈનાત કર્યા ન હતા, પરંતુ 2026માં 12 તૈનાત કર્યા છે. પાકિસ્તાનના પરમાણુ હથિયારોમાં કોઈ વધારો થયો નથી. તેમની પાસે હાલમાં 170 પરમાણુ હથિયારો છે. તેના કેટલા હથિયારો તૈનાત છે, તે સ્પષ્ટ નથી.

રશિયા-અમેરિકાની જેમ ભારત પોતાના પરમાણુ હથિયારોની ચોક્કસ સંખ્યા, ક્ષમતા અને નામ સત્તાવાર રીતે જાહેર કરતું નથી. SIPRI અને અન્ય સંસ્થાઓ ફક્ત અનુમાનના આધારે અહેવાલ બહાર પાડે છે.



### દુનિયાના 9 દેશો પાસે કુલ 12,187 પરમાણુ હથિયારો

SIPRI ઈયરબુક 2026 અનુસાર, દુનિયા એક નવા પરમાણુ સ્પર્ધાના યુગમાં પ્રવેશી રહી છે. અમેરિકા, રશિયા, ચીન, ભારત, પાકિસ્તાન સહિતના તમામ પરમાણુ સંપન્ન દેશો પોતાના હથિયારો અને ડિલિવરી સિસ્ટમને ઝડપથી અપગ્રેડ કરી રહ્યા છે. 2026 ની શરૂઆતમાં દુનિયાના 9 દેશો અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ, ચીન, ભારત, પાકિસ્તાન, ઉત્તર કોરિયા અને ઈઝરાયલ પાસે કુલ 12,187 પરમાણુ હથિયારો છે. તેમાંથી 9,745 પરમાણુ હથિયારો સેનાના ભંડાર ગૃહમાં છે, જે ઉપયોગ માટે સંપૂર્ણપણે તૈયાર છે.



### રિપોર્ટના 3 મુદ્દા જે ભારત સાથે જોડાયેલા છે

**વિશ્વનો 5મો સૌથી મોટો સૈન્ય ખર્ચ કરનાર દેશ:** 2025માં ભારતનો સંરક્ષણ ખર્ચ 92.1 અબજ ડોલર પર પહોંચી ગયો, જે ગયા વર્ષની સરખામણીમાં 8.9 ટકા વધુ છે. સંરક્ષણ ખર્ચના મામલે ભારતથી આગળ ફક્ત અમેરિકા, ચીન, રશિયા અને જર્મની છે.

**વિશ્વનો બીજો સૌથી મોટો હથિયાર આયાત કરનાર દેશ:** 2021-25 દરમિયાન ભારત વિશ્વનો બીજો સૌથી મોટો હથિયાર આયાતકાર પણ રહ્યો. વૈશ્વિક હથિયાર આયાતમાં ભારતનો હિસ્સો 8.2% રહ્યો. યુક્રેન, ભારત, સાઉદી અરેબિયા, કતાર અને પાકિસ્તાનનો સંયુક્ત હિસ્સો 35% રહ્યો.

**અમેરિકા-રશિયા પાસે વિશ્વના લગભગ 86% પરમાણુ હથિયારો:** બંને દેશો મોટા પાયે પરમાણુ આધુનિકીકરણ કાર્યક્રમો ચલાવી રહ્યા છે. ચીનનો પરમાણુ ભંડાર પણ વધીને 600 થી 620 હથિયારો સુધી પહોંચી ગયો છે. ભારત પાસે 190, પાકિસ્તાન પાસે 170 પરમાણુ હથિયારો છે.

### ભારતનો પ્રયાસ- ચીનના અંતિમ છેડા સુધી પહોંચી શકે તેવા હથિયારો બનાવવાનો

"ભારત લાંબા અંતરના એવા હથિયારો બનાવવાનું ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે, જેથી તેમની પહોંચ ચીનના અંતિમ છેડા સુધી થઈ શકે. ભારત એકસાથે ચીન અને પાકિસ્તાન બંને મોરચે સંતુલિત વ્યૂહાત્મક ક્ષમતા જાળવી રાખવાનો પ્રયાસ કરી રહ્યું છે. 2020ની હિંસક ગલવાન અથડામણ પછી ભારત-ચીન સરહદ પર ભારતીય સૈન્ય દેખરેખ પણ વધી છે. ભારત નવી પરમાણુ ડિલિવરી સિસ્ટમ પર પણ કામ કરી રહ્યું છે. આમાં સૌથી મહત્વપૂર્ણ છે MIRV ટેકનોલોજી એટલે કે મલ્ટીપલ ઈન્ડિપેન્ડન્ટલી ટાર્ગેટેબલ રીએન્ટ્રી વ્હીકલ. આ ટેકનોલોજી દ્વારા એક જ બેલિસ્ટિક મિસાઈલ ઘણા પરમાણુ હથિયારો લઈ જઈ શકે છે અને અલગ-અલગ લક્ષ્યોને નિશાન બનાવી શકે છે."

### સમુદ્રમાં પણ વધી પરમાણુ તાકાત

"રિપોર્ટમાં ભારતની દરિયાઈ પરમાણુ ક્ષમતાને પણ અત્યંત મહત્વપૂર્ણ ગણાવવામાં આવી છે. ભારતની પરમાણુ સબમરીન, ખાસ કરીને INS અરિહંત, હવે દેશની 'સેકન્ડ સ્ટ્રાઈક કેપેસિટી'નો મોટો આધાર બની રહી છે. SIPRIનો અંદાજ છે કે ભારત હવે શાંતિ કાળમાં પણ મર્યાદિત સંખ્યામાં પરમાણુ હથિયારોને બેલિસ્ટિક મિસાઈલ સબમરીન પર તૈનાત કરવા લાગ્યું છે. આનાથી દુશ્મનના પહેલા હુમલા પછી પણ જવાબી કાર્યવાહી કરવાની ક્ષમતા જળવાઈ રહે છે. રિપોર્ટ અનુસાર અમેરિકા, રશિયા અને ફ્રાન્સ માત્ર ત્રણ દેશોએ પરમાણુ હથિયારોને નિવૃત્ત કર્યા છે. અમેરિકાએ કુલ 1342, રશિયાએ 1020 અને ફ્રાન્સે 80 હથિયારોને કાફલામાંથી બહાર કર્યા છે. ઈઝરાયેલ પાસે 90 હથિયારો છે. તેમાં કોઈ વધારો કે ઘટાડો કરવામાં આવ્યો નથી."

### રિપોર્ટમાં ઓપરેશન સિંદૂરનો પણ ઉલ્લેખ

"રિપોર્ટ અનુસાર, વિશ્વના ઘણા ભાગોમાં હજુ પણ મોટા યુદ્ધો ફાટી નીકળવાનો ખતરો યથાવત છે. મે 2025માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થોડા દિવસો સુધી સૈન્ય સંઘર્ષ થયો હતો. આ દરમિયાન ભારતે પાકિસ્તાનના કેટલાક હવાઈ અને મિસાઈલ ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો, જે પાકિસ્તાની પરમાણુ કાર્યક્રમ સાથે સંકળાયેલા હોવાની આશંકા હતી. જોકે, બંને દેશોએ પરિસ્થિતિને વધુ ગંભીર બનતી અટકાવી હતી. રિપોર્ટમાં ઉલ્લેખ છે કે ભારત અને પાકિસ્તાને પ્રથમ વખત કોઈ સૈન્ય સંઘર્ષ દરમિયાન ખુલ્લેઆમ સાયબર હુમલાઓ અને ડિજિટલ ઓપરેશન્સનો ઉપયોગ કર્યો હતો. ભારતે તેને ઓપરેશન સિંદૂર નામ આપ્યું હતું. જે 7 થી 10 મે 2025 સુધી ચાલ્યું હતું. આ 2 દેશો ઉપરાંત, દુનિયામાં સંઘર્ષગ્રસ્ત દેશોની સંખ્યામાં નજીવો ઘટાડો થયો છે. 2024માં 50 દેશોમાં સંઘર્ષ ચાલી રહ્યા હતા, જ્યારે 2025માં આ સંખ્યા ઘટીને 49 થઈ ગઈ. 2021-25 દરમિયાન ભારત વિશ્વનો બીજો સૌથી મોટો હથિયાર આયાતકાર પણ રહ્યો. વૈશ્વિક હથિયાર આયાતમાં ભારતનો હિસ્સો 8.2% રહ્યો. યુક્રેન, ભારત, સાઉદી અરેબિયા, કતાર અને પાકિસ્તાનનો સંયુક્ત હિસ્સો 35% રહ્યો."

*ગામની સત્તાવાળાઓને પહેલા જાણ કરવી પડશે; નાગા ગામમાં હુમલા બાદ તણાવ વધ્યો*

# મણિપુરના ગામોમાં સુરક્ષા દળોના પ્રવેશ પર નવી શરત લાગુ કરાઈ

(એજન્સી) મણિપુર । તા. 09

મણિપુરમાં 3 વર્ષથી વંશીય હિંસા ચાલી રહી છે. રાજ્યમાં સંપૂર્ણ શાંતિ નથી. સોમવારે કાંગપોકપી જિલ્લાના પોંગ્રિંગલોંગ રોંગમેઈ નાગા ગામમાં કુકી ઉગ્રવાદી સંગઠને ગોળીબાર કર્યો. આ ઘટના બાદ ગુમ થયેલા ચુંજાંગલુંગ પાનમેઈ નામના નાગા વિલેજ ગાર્ડનો મૃતદેહ જંગલમાંથી મળ્યો છે. તેના માથામાં ગોળી મારવામાં આવી હતી.

નાગા જૂથોનો આરોપ છે કે કેન્દ્ર કુકી જૂથોનો ઉપયોગ શેડો વોર (છાયા યુદ્ધ) તરીકે કરી રહ્યું છે. આ ઉપરાંત, ચિંગ મામાગ ગામમાં અજાણ્યા હથિયારબંધ લોકોએ ગોળીબાર કર્યો, જેમાં એક વ્યક્તિ ઘાયલ થયો. નાગા સંગઠનોએ સુરક્ષા દળો પર પક્ષપાતનો આરોપ લગાવ્યો છે. સાથે જ નિષ્પક્ષ તપાસની માગ કરી છે.




### ગામમાં સુરક્ષા દળોના પ્રવેશ પહેલા વિલેજ ઓથોરિટીને જાણ કરવી જરૂરી

આ દરમિયાન નોને જિલ્લાના લોંગજાંગ/ઠંગાલ ગામની વિલેજ ઓથોરિટીએ રાજ્ય પોલીસ, આસામ રાઈફલ્સ, CRPFને નોટિસ આપી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે માહિતી આપ્યા વિના તેઓ ગામોમાં ન આવે. ડ્રોન પણ ન ઉડાડે. મણિપુર હિલ એરિયાઝ વિલેજ ઓથોરિટી એક્ટ, 1956 હેઠળ ગામડાઓની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની જવાબદારી વિલેજ ઓથોરિટી પાસે છે. તલાશી, પેટ્રોલિંગ, દરોડા, ધરપકડ પહેલાં વિલેજ ઓથોરિટીને જાણ કરવી જરૂરી છે.

# વિશાખાપટ્ટનમ સ્ટીલ પ્લાન્ટમાં દુર્ઘટના, 8 મજૂરોનાં મોત નિપજ્યાં

*1600 ડિગ્રી સેલ્સિયસ ગરમ લોખંડ ક્રેનથી લઈ જઈ રહ્યા હતા*

(એજન્સી) આંધ્ર પ્રદેશ । તા. 09

આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમ સ્થિત વિઝાગ સ્ટીલ પ્લાન્ટમાં સોમવારે મોટી દુર્ઘટના ઘટી. પ્લાન્ટમાં પીગળેલા લોખંડ (મોલ્ટન આયર્ન) ફેલાઈ જવાથી આઠ કર્મચારીઓના મોત થયા. તમામ ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

માહિતી અનુસાર, આ અકસ્માત ત્યારે થયો જ્યારે ક્રેનની મદદથી એક મોટી બકેટમાં પીગળેલું લોખંડ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન બકેટમાંથી અત્યંત ગરમ પીગળેલું લોખંડ બહાર ફેલાઈ ગયું અને ત્યાં કામ કરી રહેલા કર્મચારી પર પડ્યું.

રાષ્ટ્રીય ઈસ્પાત નિગમ લિમિટેડ (RINL)ના વિઝાગ સ્ટીલ પ્લાન્ટમાં થયું. ઘટના પછી પ્લાન્ટ પરિસરમાં અફરાતફરીનો માહોલ સર્જાયો. રાહત અને બચાવ દળે તાત્કાલિક ઘાયલોને સુરક્ષિત બહાર કાઢીને હોસ્પિટલ પહોંચાડ્યા.

CM ચંદ્રબાબુ નાયડુએ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો અધિકારીઓએ જણાવ્યું કે હાલમાં દુર્ઘટનાના કારણોની તપાસ કરવામાં આવી રહી છે. એ જાણવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે ક્યાંક દુર્ઘટનાનું કારણ ટેકનિકલ ખામી કે સુરક્ષા ધોરણોમાં કોઈ ચૂક તો નથી.

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુએ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો. જ્યારે ગૃહમંત્રી વંગાલાપુડી અનિતાએ વિશાખાપટ્ટનમના કલેક્ટર અને સિટી પોલીસ કમિશનર સાથે ફોન પર વાત કરીને દુર્ઘટનાની જાણકારી લીધી.

*બ્રાન્ડ વેલ્યુ ₹3542 કરોડ; શાહરૂખ બીજા, પ્રિયંકા ત્રીજા અને અમિતાભ 7મા નંબરે*

# વિરાટ કોહલી ભારતનો સૌથી પહેલો વેલ્યુએબલ પર્સનાલિટી ધરાવતો વ્યકિત

(એજન્સી) મુંબઈ । તા. 09

દિગ્ગજ ક્રિકેટર વિરાટ કોહલી ભારતની સૌથી વેલ્યુએબલ પર્સનાલિટીની યાદીમાં પ્રથમ સ્થાને છે. તેમની બ્રાન્ડ વેલ્યુ 3,542 કરોડ રૂપિયા છે. શાહરૂખ ખાન બીજા અને પ્રિયંકા ચોપરા જોનાસ ત્રીજા સ્થાને છે. ફોર્ચ્યુન ઈન્ડિયા અને ઈન્ટરબ્રાન્ડે દેશની 25 સૌથી વેલ્યુએબલ સેલિબ્રિટી પર રિસર્ચ કર્યું. જેમાં ટોપ 10માં 3 ક્રિકેટર અને 7 ફિલ્મી સેલિબ્રિટી છે. મહિલા સેલિબ્રિટીઝમાં પ્રિયંકા ચોપરા સૌથી ઉપર રહી. આ ઉપરાંત દીપિકા પાદુકોણ (11મું સ્થાન), રશ્મિકા મંદાના (17મું સ્થાન), કૃતિ સેનન, ભારતીય મહિલા ક્રિકેટર સ્મૃતિ મંધાના અને સાઉથની અભિનેત્રી નયનતારાને સ્થાન મળ્યું છે. વેલ્યુએબલ વ્યક્તિઓની યાદીમાં દિલજીત દોસાંઝ, કરણ જોહર, સૌરવ ગાંગુલી અને વિકી કૌશલના પણ નામ છે.

### કેવી રીતે નક્કી કરવામાં આવી બ્રાન્ડ વેલ્યુ

આ અભ્યાસમાં બ્રાન્ડ વેલ્યુ નક્કી કરવા માટે સેલિબ્રિટીઝની કમાણી, ફોલોઅર્સ કે બોક્સ ઓફિસ પરની સફળતા ઉપરાંત અન્ય ઘણી બાબતો પર પણ ધ્યાન આપવામાં આવ્યું છે. આમાં બ્રાન્ડની તાકાત નક્કી કરતા પાસાઓ જેવા કે- વિશિષ્ટતા, તાલમેલ, જોડાણ, વિશ્વાસ, આત્મીયતા અને જવાબદારી પર પણ ધ્યાન આપવામાં આવ્યું છે, જે મળીને તેમની અંતિમ બ્રાન્ડ વેલ્યુ નક્કી કરે છે.



# 3 આતંકવાદીઓને ઠાર કરનાર કર્નલને શૌર્ય ચક્ર

(એજન્સી) નવી દિલ્હી। તા. 09

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સોમવારે રાષ્ટ્રપતિ ભવનમાં 13 જવાનો અને અધિકારીઓને શૌર્ય ચક્રથી સન્માનિત કર્યા. સન્માન મેળવનારાઓમાં LoC પર 3 આતંકવાદીઓને ઠાર કરનાર લેફ્ટનન્ટ કર્નલ નિતેશ ભારતી શુક્લાનો સમાવેશ થાય છે. છત્તીસગઢમાં નક્સલ વિરોધી અભિયાન દરમિયાન બહાદુરી દર્શાવનાર પોલીસ અધિકારીઓને પણ શૌર્ય ચક્ર આપવામાં આવ્યું. સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ હાજર રહ્યા હતા.

**લેફ્ટનન્ટ કર્નલ નિતેશ ભારતી શુક્લા :** ભારતીય સેનાની શીખ રેજિમેન્ટની 19મી બટાલિયનના લેફ્ટનન્ટ કર્નલ નિતેશ ભારતી શુક્લાને LoC પર ત્રણ આતંકવાદીઓને ઠાર કરવા બદલ શૌર્ય ચક્ર પ્રદાન કરવામાં આવ્યું.

**મેજર અંશુલ બલટુ :** જમ્મુ-કાશ્મીર લાઈટ ઈન્ફન્ટ્રી અને 32 આસામ રાઈફલ્સના મેજર અંશુલ બલટુને શૌર્ય ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા.

**લેફ્ટનન્ટ કમાન્ડર દિલના કે અને રૂપા એ. :** નાવિકા સાગર પરિક્રમા-II અભિયાન દરમિયાન સાહસ, દરિયાઈ કૌશલ્ય અને ધૈર્યનો પરિચય આપવા બદલ ભારતીય નૌકાદળના લેફ્ટનન્ટ કમાન્ડર દિલના કે અને લેફ્ટનન્ટ કમાન્ડર રૂપા એને શૌર્ય ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા.

*કોચિંગ ડિરેક્ટર રોશન આનંદના જામીન પર નિર્ણય નિર્ણય આવી શકે છે, સમર્થનમાં વિદ્યાર્થીઓએ કેન્ડલ માર્ચ યોજી હતી*

# કોર્ટે ખાન સરની ધરપકડ પર રોક લગાવી

(એજન્સી) પટના । તા. 09

ફાયરિંગ કેસમાં ખાન સરની આગોતરા જામીન અરજી પર મંગળવારે પટના સિવિલ કોર્ટમાં સુનાવણી થઈ. કોર્ટે ખાન સરની ધરપકડ પર રોક લગાવી દીધી છે. પોલીસ પાસેથી કેસ ડાયરીની પણ માંગ કરી છે.

કોર્ટે પોતાના આદેશમાં કહ્યું છે કે 'આગળના આદેશ અથવા આગામી સુનાવણી સુધી સંબંધિત વ્યક્તિ વિરુદ્ધ કોઈ કડક અથવા દબાણપૂર્વક કાર્યવાહી ન કરવામાં આવે.'

સોમવારે ખાન ગ્લોબલ સ્ટડીઝના ડાયરેક્ટર ખાન સર તરફથી પટનાની ડિસ્ટ્રિક્ટ સેશન કોર્ટમાં આગોતરા જામીન અરજી કરવામાં આવી હતી. ખાન સર પર હત્યાના પ્રયાસ અને હથિયારોના ગેરકાયદેસર ઉપયોગનો કેસ નોંધાયેલો છે. ખાન સરની કોચિંગ પર હુમલાના કેસમાં જેલમાં બંધ જ્ઞાન બિંદુ કોચિંગના ડાયરેક્ટર રોશન આનંદની જામીન પર પણ આજે નિર્ણય આવી શકે છે.



### ખાન સરના ગાર્ડ્સના નિવેદન પર હત્યાના પ્રયાસનો કેસ નોંધાયો

પોલીસે ખાન સરના ગાર્ડ્સના નિવેદન પર તેમના પર હત્યાના પ્રયાસ અને આર્મ્સ એક્ટનો કેસ નોંધ્યો છે. પોલીસની FIRમાં જણાવવામાં આવ્યું છે કે ખાન સરે ગાર્ડ્સને કહ્યું હતું - તમે ગોળી ચલાવો બાકી હું જોઈ લઈશ. બીજી તરફ, જ્ઞાન બિંદુ કોચિંગના ડાયરેક્ટર રોશન આનંદની મુક્તિની માંગને લઈને પટનામાં સોમવારે વિદ્યાર્થીઓએ કેન્ડલ માર્ચ યોજી હતી. વિદ્યાર્થીઓ કોચિંગથી કારગિલ ચોક જવાની તૈયારીમાં હતા. પોલીસે બધાને ત્યાં જ રોકી લીધા છે. આગળ જવાની મંજુરી આપવામાં આવી નથી. વિદ્યાર્થીઓએ રોશન આનંદના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા. ખાન સરની ધરપકડની માંગ કરી. કેટલાક વિદ્યાર્થીઓ હાથમાં પોસ્ટર લઈને જોવા મળ્યા.

### જેલમાં બંધ સિક્યોરિટી ગાર્ડ કેસમાં કોર્ટે પુરાવા માંગ્યા

સોમવારે આ જ કેસમાં જેલમાં બંધ ખાન સરના બે સિક્યોરિટી ગાર્ડ, દીપક કુમાર અને તાલેબર સિંહની નિયમિત જામીન પર પણ સુનાવણી થઈ. તેમના વકીલ અરવિંદ મૌઆરે જજ અનુરાગ વર્માની કોર્ટમાં દલીલો રજૂ કરી. કોર્ટે બંને પક્ષોને સાંભળ્યા પછી પોલીસ પાસેથી કેસમાં પુરાવા માંગ્યા છે. બંને સુરક્ષા ગાર્ડની જામીન અરજી પર પણ આજે નિર્ણય આવી શકે છે. સોમવારે બંને ગાર્ડની જામીન અરજી પર સુનાવણી કર્યા પછી કોર્ટે આદેશ સુરક્ષિત રાખ્યો હતો. આ બંને ગાર્ડ્સને 4 જૂને ધરપકડ કરવામાં આવી હતી.

# મુંબઈમાં બસે 3 વાહનોને ટક્કર મારી:એકનું મોત

(એજન્સી) મુંબઈ । તા. 09

મુંબઈમાં સોમવારે સવારે સાડા નવ વાગ્યે દાદરના પ્લાઝા સિનેમા પાસે એક BEST (મ્યુનિસિપલ) બસે 3 વાહનોને ટક્કર મારી. આ અકસ્માતમાં 22 વર્ષના એક યુવકનું મોત થયું અને અન્ય ત્રણ લોકો ઘાયલ થયા. ઘાયલોમાં બસનો કંડક્ટર પણ સામેલ છે.

ઘટનાસ્થળે હાજર લોકોએ જણાવ્યું કે વળાંક પર ટ્રાફિક ધીમો હતો. ત્યારે પાછળથી આવતી એક ઝડપી બસ વાહનોને કચડતી નીકળી ગઈ. બસની ટક્કર બાદ જોરદાર અવાજ આવ્યો અને રસ્તા પર વાહનોનો કાટમાળ ફેલાઈ ગયો.

શિવાજી પાર્ક પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ તરત જ ઘટનાસ્થળે પહોંચી. ટીમે ત્યાં પહોંચીને વાહનમાં ફસાયેલા ઘાયલોને બચાવી બહાર કાઢ્યા. પોલીસે આરોપી બસ ડ્રાઈવરને કસ્ટડીમાં લીધો છે.

મહારાષ્ટ્રના થાણેમાં 13 એપ્રિલે માર્ગ અકસ્માતમાં 11 લોકોના મોત થયા. બે ગંભીર રીતે ઘાયલ થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર, અકસ્માત સવારે લગભગ 10:45 વાગ્યે મુર્બાડના ગોવિલી ગામ સ્થિત રૈતા બ્રિજ પર થયો. કલ્યાણથી મુર્બાડ જઈ રહેલી વાન સામેથી આવી રહેલા સિમેન્ટ મિક્સર ટ્રક સાથે અથડાઈ. ટક્કર એટલી ભયાનક હતી કે વાનમાં સવાર 9 લોકોનું ઘટનાસ્થળે જ મોત થયું.

### અકસ્માત બાદ વાહનોમાં આગ ભભૂકી ઉઠી, વાન ડ્રાઈવરનું કમકમાટીભર્યું મોત થયું

# અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર અકસ્માતમાં મોત

(એજન્સી) વડોદરા । તા. 09

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર આજે બપોરે એક ભયાનક અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં બોલેરો કાર અને વાન વચ્ચેની જોરદાર ટક્કર બાદ બંને વાહનો સળગી ઉઠ્યા હતા. આ ગોઝારા અકસ્માતમાં વાનનો ડ્રાઈવર આગની ઝપેટમાં આવી જતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.

બપોરે ૧૨ વાગ્યાના સુમારે વડોદરા ટોલનાકા બાદ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર ચડવાના માર્ગ પર આ અકસ્માત સર્જાયો હતો. પ્રાથમિક વિગતો મુજબ, બોલેરો અને વાન વચ્ચેની ટક્કર એટલી પ્રચંડ હતી કે બંને વાહનોમાં તુરંત જ આગ લાગી ગઈ હતી. વાન ડ્રાઈવર વાહનની અંદર જ ફસાયેલો હોવાથી તે બહાર નીકળી શક્યો નહોતો અને ગંભીર રીતે દાઝી જવાથી તેનું શરીર સંપૂર્ણપણે ભડથું થઈ ગયું હતું.



## તપાસ અને બચાવ કામગીરી

ઘટનાની જાણ થતાં જ ભાદરવા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસ અત્યારે આ મામલે સઘન તપાસ કરી રહી છે કે બંને વાહનોમાં કુલ કેટલા લોકો સવાર હતા અને અન્ય મુસાફરોની હાલ શું સ્થિતિ છે. મૃતક ડ્રાઈવરની ઓળખ અત્યંત મુશ્કેલ બની હોવાથી પોલીસે વાનના નંબર પ્લેટના આધારે તેના માલિક અને ડ્રાઈવરની ઓળખ કરવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. આ ઉપરાંત, આસપાસની સિવિલ હોસ્પિટલોમાં પણ ઈજાગ્રસ્તો અંગે તપાસ કરવામાં આવી રહી છે.

## ફાયર બ્રિગેડની જહેમત

વડોદરા ફાયર બ્રિગેડના ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરના નરવતભાઈ પગીએ જણાવ્યું હતું કે, "બંને વાહનોમાં લાગેલી ભીષણ આગને કાબૂમાં લેવા માટે અમારી ટીમોએ ભારે જહેમત ઉઠાવવી પડી હતી." સૂત્રો દ્વારા એવી પણ શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે વાનમાં કોઈ સિલિન્ડર બ્લાસ્ટ થયો હોવાની શક્યતા છે, પરંતુ આ બાબત ચોક્કસપણે પોલીસ તપાસનો વિષય છે.

આ અકસ્માતને કારણે એક્સપ્રેસ વે પર ટ્રાફિક વ્યવસ્થા પણ ખોરવાઈ ગઈ હતી, જેને નિયંત્રિત કરવા પોલીસ તંત્રને સતર્ક રહેવું પડ્યું હતું. એક્સપ્રેસ વે પર વાહનોની ગતિને લઈને ફરી એકવાર ચર્ચાઓ જાગી છે.

હાલમાં, સમગ્ર ઘટના પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસ તકનીકી અને ફોરેન્સિક પુરાવાઓ એકત્રિત કરી રહી છે.

## અપાર આઈડી બનાવવાની પ્રક્રિયા તેજ બની રજીસ્ટ્રેશનની અંતિમ તારીખ 30 જૂન




વડોદરા | વિદ્યાર્થીઓના શૈક્ષણિક રેકોર્ડના ડિજિટલ સંચાલન માટે કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ 'અપાર' (ઓટોમેટેડ પરમેનન્ટ એકેડેમિક એકાઉન્ટ રજિસ્ટ્રી) આઈડી પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતની શાળાઓ માટે મહત્વની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યના તમામ વિદ્યાર્થીઓ માટે આ ડિજિટલ આઈ.ડી. બનાવવાની અંતિમ તારીખ ૩૦ જૂન, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. આ યોજના 'વન નેશન, વન સ્ટુડન્ટ આઈડી' ના સૂત્રને સાર્થક કરે છે. આ ડિજિટલ આઈડી દ્વારા વિદ્યાર્થીની શૈક્ષણિક સિદ્ધિઓ, સ્કોલરશિપ અને પ્રમાણપત્રોનો સંગ્રહ એક જ રાષ્ટ્રીય એકાઉન્ટમાં સુરક્ષિત રહેશે. આ પ્રોજેક્ટથી એક શાળામાંથી બીજી શાળામાં પ્રવેશ મેળવવાની પ્રક્રિયા અત્યંત સરળ બનશે. રાજ્ય સરકારના સીધા આદેશ મુજબ, હવે કોઈ પણ પ્રકારની ઢીલાશ ચલાવી લેવામાં આવશે નહીં. આ માટે દરેક શાળાએ હવે દર શનિવારે 'અપાર સંતૃપ્તિ કેમ્પ' અથવા 'અપાર દિવસ' તરીકે ઉજવવો પડશે. જે વિદ્યાર્થીઓના આઈડીમાં ભૂલ છે, તેમને શાળાએ બોલાવીને સુધારો કરવાની સૂચના આપવામાં આવી છે.

## જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ ચૌધરીએ જનકલ્યાણ શિબિરની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી

નરેન્દ્ર દવે જૂનાગઢ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વના ૧૨ વર્ષની ઉજવણી ગુજરાત સરકાર દ્વારા જનસેવાના કાર્યો થકી કરવામાં આવી રહી છે, જે અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં જિલ્લા પંચાયતની બેઠકવાર જન કલ્યાણ શિબિર યોજવામાં આવનાર છે. આ સંદર્ભમાં જિલ્લા કલેક્ટર શ્રી યોગેશ ચૌધરીએ સંબંધિત અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જનકલ્યાણ શિબિરની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી હતી. જિલ્લા કલેકટરશ્રીએ જન કલ્યાણ શિબિર ખરા અર્થમાં લાભદાયી નીવડે તે માટે જરૂરી માર્ગદર્શન કર્યું હતું. ઉપરાંત




જિલ્લા પંચાયત બેઠકવાર યોજાનાર આ કાર્યક્રમની ગામડાઓમાં સરપંચ સહિતના અગ્રણીઓને સાથે રાખીને પૂરતો પ્રચાર પ્રસાર થાય અને લોકોને કાર્યક્રમની જાણકારી મળી રહે તે સુનિશ્ચિત કરવા પણ સૂચના આપી હતી. આ કાર્યક્રમ ના સ્થળે પીવાના પાણી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ રહે તે માટે પણ માર્ગદર્શન કર્યું હતું. આમ, નાગરિકોને સરકારી સેવાઓનો લાભ સરળતાથી મળી રહે તે માટે જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા દિશાનિર્દેશ આપવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, સેવા સેતુ કાર્યક્રમની તર્જ ઉપર જન કલ્યાણ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે, આ કાર્યક્રમના માધ્યમથી લોકો જુદી જુદી સરકારી યોજનાઓ અને પ્રમાણપત્રો મેળવી શકશે. જનકલ્યાણ શિબિર કાર્યક્રમના નોડલ ઓફિસર અને અને એડિશનલ કલેક્ટર સુશ્રી જીજ્ઞાબેન દલાલે આ બેઠકની પૂર્વભૂમિકા આપી હતી.આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર સુશ્રી બી.એસ. બારડ ઉપરાંત તાલુકા કક્ષાએથી પ્રાંત અધિકારીશ્રી, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી સહિતના અધિકારીઓ વર્ચ્યુઅલી જોડાયા હતા.




## રાજકોટ હિરાસર એરપોર્ટ પર બર્ડ હિટની ઘટના: એર ઈન્ડિયાની ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ

(એજન્સી) રાજકોટ । તા. 09

રાજકોટના આંતરરાષ્ટ્રીય હિરાસર એરપોર્ટ પર આજે એક મોટી વિમાન દુર્ઘટના ટળી હતી. રાજકોટથી દિલ્હી જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ ટેકઓફ કરી રહી હતી ત્યારે અચાનક પક્ષી અથડાતા (બર્ડ હિટ) વિમાનના એન્જિનમાં ગંભીર ટેક્નિકલ ખામી સર્જાઈ હતી. જોકે, પાયલોટની સમયસૂચકતા અને કુશળતાને કારણે ફ્લાઈટનું સુરક્ષિત ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. એર ઈન્ડિયાની આ ફ્લાઈટમાં ૧૨૪ મુસાફરો સવાર હતા. વિમાન રનવે પરથી ઉડાન ભરે તે સમયે જ એક પક્ષી સીધું વિમાનના એન્જિનના પંખા (ફેન બ્લેડ) સાથે અથડાયું હતું. અથડામણ એટલી તીવ્ર હતી કે એન્જિનની બ્લેડને મોટું નુકસાન પહોંચ્યું હતું. પાયલોટને તરત જ એન્જિનમાં ક્ષતિની ચેતવણી મળી ગઈ હતી, જેને પગલે તેમણે કોઈ પણ પ્રકારનું જોખમ લેવાને બદલે એર ટ્રાફિક કંટ્રોલ (ATC) નો સંપર્ક કર્યો હતો. હવામાં વિમાનના એન્જિનમાં ખામી સર્જાતા મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો, પરંતુ પાયલોટે ખૂબ જ શાંતિ અને કુશળતાથી વિમાન પર કાબૂ મેળવ્યો હતો. તેમણે વિમાનને રનવે પર સુરક્ષિત રીતે પાછું ઉતારી લીધું હતું.

## આર્ટસ ફેકલ્ટીમાં પ્રવેશની નબળી સ્થિતિ, અનેક બેઠકો ખાલી, સાયન્સમાં કેમેસ્ટ્રી વિષયની તમામ બેઠકો ભરાઈ

(એજન્સી) વડોદરા । તા. 09

ગુજરાત કોમન એડમિશન સર્વિસ (જીકાસ) હેઠળ ચાલી રહેલી પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ રાઉન્ડના અંતે વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીની બે મુખ્ય ફેકલ્ટીઓમાં વિપરીત પરિસ્થિતિ જોવા મળી છે. એક તરફ કોમર્સ ફેકલ્ટીમાં પ્રવેશ માટે ભારે ધસારો જોવા મળી રહ્યો છે, તો બીજી તરફ આર્ટસ અને સાયન્સ ફેકલ્ટીમાં પરિસ્થિતિ જુદી છે.

આર્ટસ ફેકલ્ટીમાં પ્રવેશ પ્રક્રિયા અત્યંત ધીમી જણાય છે. પ્રથમ રાઉન્ડના અંતે કુલ બેઠકોની સામે માત્ર ૨૩ વિદ્યાર્થીઓએ જ પ્રવેશ લીધો છે. પરિસ્થિતિ એટલી ગંભીર છે કે આર્કિઓલોજી, ફ્રેન્ચ, જર્મન, રશિયન, સંસ્કૃત અને હિન્દુ સ્ટડીઝ જેવા સાત વિભાગોમાં ૧૦ થી પણ ઓછા વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે.

એટલું જ નહીં, લિન્ગ્વિસ્ટિક (ભાષાશાસ્ત્ર), પર્શિયન અને મરાઠી એમ ત્રણ વિભાગોમાં તો હજુ સુધી એક પણ વિદ્યાર્થીએ પ્રવેશ લીધો નથી, પરિણામે ત્યાં 'ઝીરો' એડમિશનની સ્થિતિ છે. આ ફેકલ્ટીમાં માત્ર ઈકોનોમિક્સ વિભાગમાં જ સૌથી વધુ ૯૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે.

### સાયન્સ ફેકલ્ટીમાં કેમેસ્ટ્રીની લોકપ્રિયતા

બીજી તરફ સાયન્સ ફેકલ્ટીમાં પરંપરાગત વિષયોની માંગ યથાવત છે. કેમેસ્ટ્રી, ફિઝિક્સ, ઝૂઓલોજી અને મેથેમેટિક્સ વિભાગમાં વિદ્યાર્થીઓનો રસ વધુ જોવા મળ્યો છે. ખાસ કરીને કેમેસ્ટ્રી વિભાગમાં પ્રથમ રાઉન્ડના અંતે ૧૨૧ બેઠકો ભરાઈ ગઈ છે, જેનાથી આ વિભાગની લગભગ તમામ બેઠકો પૂર્ણતાના આરે છે.

આ સ્થિતિ દર્શાવે છે કે વિદ્યાર્થીઓનો ઝુકાવ હજુ પણ મુખ્ય વિષયો તરફ વધુ છે, જ્યારે ભાષા અને અન્ય વિશિષ્ટ વિષયોમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. યુનિવર્સિટી સત્તાધીશો હવે બીજા રાઉન્ડમાં આ ખાલી પડેલી બેઠકો ભરવા માટે કેવા પગલાં લે છે તે જોવું રહ્યું.

## કોમર્સ ફેકલ્ટીમાં પ્રવેશ માટે બીજું લિસ્ટ જાહેર, 10 જૂનથી પ્રવેશ કાર્યવાહી શરૂ થશે




વડોદરા | એમ.એસ. યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં પ્રવેશ પ્રક્રિયામાં ચાલી રહેલી મૂંઝવણ વચ્ચે એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. ફેકલ્ટીએ પ્રવેશ માટે બીજા રાઉન્ડનું લિસ્ટ જાહેર કર્યું છે, જેમાં ૨૩૦૦ જેટલા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યાદી ફેકલ્ટીના નોટિસ બોર્ડ અને યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઈટ પર જોઈ શકાશે. કોમર્સ ફેકલ્ટીના ડીન પ્રો. પ્રજ્ઞોશ શાહે જણાવ્યું હતું કે, લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે અને પ્રવેશની કાર્યવાહી જીકાસ (GCAS) ના શિડ્યુલ મુજબ ૧૦ જૂનથી શરૂ થશે. પહેલા રાઉન્ડની જેમ જ વિદ્યાર્થીઓએ જરૂરી દસ્તાવેજો સાથે રૂબરૂ હાજર રહીને ફી ભરવાની રહેશે. આ યાદીમાં વડોદરા શહેર અને જિલ્લાના એવા વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે જેમણે પ્રવેશ પરીક્ષા આપી છે અને ૪૫ ટકા સુધીના ગુણ ધરાવે છે. પહેલા રાઉન્ડમાં ૪૭૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યા બાદ, હવે ફેકલ્ટી દ્વારા અગાઉના નિર્ધાર કરતા વધુ વિદ્યાર્થીઓને એફ.વાય.બી.કોમમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.

### પાલિકાનું બુલડોઝર ફરી વળ્યું, 90 મીટરનો રસ્તો ખુલ્લો

## કપુરાઈમાં દબાણ હટાવો ઝુંબેશ: પાંચ મકાનોની દીવાલ તોડી રસ્તો ખુલ્લો કરાયો

(એજન્સી) વડોદરા । તા. 09

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની દબાણ શાખા દ્વારા આજે શહેરના કપુરાઈ વિસ્તારમાં એક મહત્વની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ટીપી-૪૦માં આદિત્ય પેરેડાઈઝ બંગલોથી ૧૨ મીટરના રસ્તાને ખુલ્લો કરવા માટે આડે આવતી ૫ મકાનોની ગેરકાયદે કમ્પાઉન્ડ વોલ પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું.

શહેરના છેવાડે આવેલા કપુરાઈ ટીપી-૪૦માં આદિત્ય પેરેડાઈઝ બંગલો પાસેથી પસાર થતો ૧૨ મીટરનો મુખ્ય રસ્તો છેલ્લા ઘણા સમયથી બંધ હતો. તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે અંદાજે ૯૦ મીટર જેટલા વિસ્તારમાં ૫ મકાનોની કમ્પાઉન્ડ વોલ ગેરકાયદેસર રીતે રસ્તામાં અવરોધરૂપ બની હતી. લાંબા સમયથી ચાલી રહેલી આ સમસ્યાને ઉકેલવા પાલિકા તંત્રએ આજે આકરી કાર્યવાહી હાથ ધરી હતી.

કોઈ પણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે પાલિકાએ અગાઉથી જ તૈયારીઓ કરી લીધી હતી. દબાણ શાખાની સાથે મેડિકલ ટીમ, વીજ નિગમ, ફાયર બ્રિગેડ, સ્થાનિક પોલીસ અને એસઆરપી (SRP) ના જવાનોને સ્થળ પર તૈનાત કરવામાં આવ્યા હતા. કામગીરી જોવા માટે મોટી સંખ્યામાં સ્થાનિકો ઉમટી પડ્યા હતા, પરંતુ પોલીસ કાફલાએ સમયસર સંયમ દાખવીને પરિસ્થિતિને નિયંત્રણમાં રાખી હતી



અને ટોળાને ત્યાંથી ખસેડ્યા હતા.

પાલિકાના આ પગલાથી વર્ષોથી રસ્તાની સમસ્યાનો સામનો કરી રહેલા સ્થાનિકોએ રાહત અનુભવી છે. ૧૨ મીટરનો આ રસ્તો ખુલ્લો થવાથી હવે આ વિસ્તારના વાહનચાલકો અને રહીશો માટે અવરજવર સરળ બનશે. દબાણ શાખાના અધિકારીઓએ જણાવ્યું હતું કે શહેરના અન્ય વિસ્તારોમાં પણ જો રસ્તામાં અવરોધરૂપ ગેરકાયદે બાંધકામો જણાશે, તો તંત્ર દ્વારા નિયમોનુસાર કડક કાર્યવાહી કરવામાં આવશે.

### એસીબીની સતત કાર્યવાહી છતાં ભ્રષ્ટાચાર યથાવત

## સુરત પાલિકામાં ભ્રષ્ટાચારનો ખેલ: પાંચ વર્ષમાં 28 લાંચિયા ઝડપાયા

(એજન્સી) સુરત । તા. 09

સુરત મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચારનું દૂષણ જાણે કે એક મજબૂત માળખું બની ગયું હોય તેમ લાગે છે. એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં કરવામાં આવેલી કડક કાર્યવાહીમાં ૨૮ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓ લાંચ લેતા ઝડપાયા છે, છતાં ભ્રષ્ટાચારના આ ખેલમાં કોઈ મોટું પરિવર્તન આવ્યું નથી. એક નિવૃત્ત અધિકારી સામે અપ્રમાણસર મિલકતનો ગુનો પણ નોંધાઈ ચૂક્યો છે.

પાલિકામાં ભ્રષ્ટાચારની સૌથી વધુ ફરિયાદો ગેરકાયદે બાંધકામ અને આકારણી વિભાગ સાથે જોડાયેલી છે. શહેરમાં ગેરકાયદેસર બાંધકામ પર તંત્ર દ્વારા માત્ર કાગળ પર કાર્યવાહી કરવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં આવા બાંધકામો બેરોકટોક ચાલુ રહે છે. આ ઉપરાંત, કોન્ટ્રાક્ટરોના બિલ પાસ કરવા અને વિવિધ સરકારી મંજૂરીઓ મેળવવા માટે 'ટકાવારી' (કમિશન) નું દુષણ પણ વ્યાપક હોવાના



આક્ષેપો લાંબા સમયથી થઈ રહ્યા છે.

સૌથી ચિંતાજનક બાબત એ છે કે એસીબીના દરોડામાં ઝડપાયેલા ૨૮ પૈકી એક પણ કેસમાં હજુ સુધી દાખલારૂપ સજા થઈ નથી. કાયદાકીય પ્રક્રિયા અત્યંત લાંબી ચાલતી હોવાથી આરોપીઓ જામીન પર મુક્ત થઈને ફરી પોતાની કામગીરી સંભાળી લે છે. જેના કારણે લાંચ લેનારા અધિકારીઓ અને કર્મચારીઓમાં કાયદાનો ભય લગભગ ગાયબ થઈ ગયો છે. એસીબીના દરોડા અને તે પછીની ચર્ચા એક 'નિયમિત પ્રક્રિયા' બનીને રહી ગઈ છે. ભ્રષ્ટાચાર હવે માત્ર કર્મચારીઓ પૂરતો સીમિત રહ્યો નથી.

## સંસ્કાર નગરી કે ભુવા નગરી? કારેલીબાગમાં ફરી રસ્તો બેસી ગયો




વડોદરા | એક તરફ વડોદરા 'સંસ્કાર નગરી' તરીકે ઓળખાય છે, પરંતુ શહેરના રસ્તાઓ પર અવારનવાર પડતા ભુવાઓને કારણે તે હવે 'ભુવા નગરી' તરીકે પણ બદનામ થઈ રહી છે. તાજેતરમાં જ કારેલીબાગ જીવન ભારતી સ્કૂલ સામે પડેલા ભુવાનું સમારકામ પૂરું થયું છે, ત્યાં જ આજે કારેલીબાગ સ્થિત ચેપી રોગના દવાખાના પાસે વધુ એક ભુવો પડતા તંત્રની કામગીરી પર ફરી સવાલો ઉભા થયા છે. સામાન્ય રીતે ચોમાસા દરમિયાન વધુ વરસાદને કારણે રસ્તાઓ બેસી જવાની સમસ્યા સર્જાતી હોય છે, પરંતુ વડોદરામાં હવે કોઈ પણ ઋતુ હોય, ગમે તે જગ્યાએ ભુવા પડવા એક સામાન્ય ઘટના બની ગઈ છે. ચોમાસું હજી દૂર છે, તેમ છતાં ઉનાળામાં પણ ભુવા પડવાનો સિલસિલો અવિરત ચાલુ રહેતા સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કારેલીબાગ વિસ્તારમાં ચેપી રોગના દવાખાના પાસે સવારે રસ્તો બેસી જતા મોટો ભુવો પડી ગયો હતો.

## એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની ડાંગમાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે અનોખી સેવા

સુશીલ પવાર ડાંગ

ડાંગ જિલ્લાનાં અંતરિયાળ અને આદિવાસી વિસ્તારોમાં આરોગ્ય તથા શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તાસભર સેવાઓ પહોંચાડવાના હેતુથી એથર ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ સુરત દ્વારા નવી પહેલ હાથ ધરવામાં આવી છે.એથર ઈન્ડસ્ટ્રીઝનાં માર્ગદર્શન હેઠળ ડાંગનાં વઘઇ તાલુકાનાં કૂકડનખી ગામ સ્થિત આવેલ એસ.એસ.માહલા કોલેજ ખાતે ગરીબ,જરૂરિયાતમંદ અને આદિવાસી પરિવારો માટે વિશાળ મેગા મેડિકલ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યુ હતુ.આ કેમ્પનું આયોજન એથર ઈન્ડસ્ટ્રીઝનાં દીપકભાઈ મહેતાનાં નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યુ હતુ.આ મેડિકલ કેમ્પમાં આશરે 100થી વધુ લોકોએ પોતાના સ્વાસ્થ્યની તપાસ કરાવી અને નિષ્ણાત તબીબોની સેવાઓનો લાભ લીધો હતો. લોકોને શ્રેષ્ઠ આરોગ્યસેવા ઉપલબ્ધ થાય તે માટે વિવિધ ક્ષેત્રના નિષ્ણાત ડોક્ટરોની ટીમ ઉપસ્થિત રહી હતી. તેમાં જનરલ ફિઝિશિયન, આંખના નિષ્ણાત, દંતચિકિત્સક તેમજ ચામડીના રોગોના નિષ્ણાત ડોક્ટરોનો સમાવેશ થતો હતો. ઉપરાંત હૃદય સંબંધિત પ્રાથમિક તપાસ માટે ઈસીજી (ECG) મશીનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેના કારણે ગ્રામજનોને સ્થળ પર જ જરૂરી તબીબી માર્ગદર્શન મળી શક્યું હતુ.ખાસ કરીને આંખોની તપાસ દરમિયાન દૃષ્ટિદોષ ધરાવતા લોકોને વિના મૂલ્યે નંબરવાળા ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ સુવિધાથી અનેક લોકોને



ડાંગ જિલ્લાનાં એસ.એસ.માહલા કોલેજ ખાતે મેગા મેડિકલ કેમ્પ યોજાયો

તાત્કાલિક રાહત મળી હતી અને ગ્રામજનોએ આ સેવાકીય કાર્યની પ્રશંસા કરી હતી.ડાંગ જેવા અંતરિયાળ વિસ્તારમાં આરોગ્ય સેવાઓ પહોંચાડવા માટે આયોજિત આ કેમ્પને સ્થાનિક લોકો તરફથી ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો હતો.અહી ઉપસ્થિત ગ્રામજનોએ અને આગેવાનોએ એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આવી પ્રવૃત્તિઓથી ગ્રામ્ય અને આદિવાસી સમાજના આરોગ્ય સ્તરમાં નોંધપાત્ર સુધારો થશે.આ પ્રસંગે એથર ઈન્ડસ્ટ્રીઝનાં દિપકભાઈ મહેતા તરફથી જણાવવામાં આવ્યું હતું કે એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ભવિષ્યમાં પણ ડાંગ સહિતના દુર્ગમ અને વંચિત વિસ્તારોમાં આરોગ્યલક્ષી સેવાઓ, મેડિકલ કેમ્પો અને સામાજિક વિકાસની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરતી રહેશે.ઉલ્લેખનીય છે કે એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ માત્ર આરોગ્ય ક્ષેત્રે જ નહીં પરંતુ દક્ષિણ ગુજરાતનાં અનેક જિલ્લાઓમાં શિક્ષણ ક્ષેત્રે પણ મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. હાલમાં ડાંગ જિલ્લામાં એથર ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ચીંચલી ગામે નવી શાળાનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. ઉપરાંત શામગહાન ગામ ખાતે એક શાળા તથા બે વિદ્યાર્થી છાત્રાલયોના નિર્માણ કાર્યો પણ પ્રગતિ હેઠળ છે. આ પ્રોજેક્ટ્સ પૂર્ણ થયા બાદ ડાંગ જિલ્લાના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ બનશે.ડાંગ જિલ્લાના આદિવાસી સમાજમાં આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે સતત સેવા કાર્યનું બીડું ઝડપનાર એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની કામગીરીને સ્થાનિક લોકો દ્વારા વ્યાપક બિરદાવવામાં આવી રહી છે.આવનાર દિવસોમાં કંપનીના આ પ્રયાસો ગ્રામ વિકાસ, આરોગ્ય જાગૃતિ અને શિક્ષણના પ્રસાર માટે પ્રેરણારૂપ અને લાભદાયી બનશે.

### વારંવારની ફરિયાદો છતાં તંત્ર દ્વારા કોઈ કામગીરી નહીં

## અટલાદરામાં પાણીની લાઈનમાં ભંગાણ: ઉનાળામાં ચોમાસા જેવી સ્થિતિ

(એજન્સી) વડોદરા । તા. 09

વડોદરા શહેરમાં એક તરફ પીવાના પાણી માટે વલખાં મારવા પડી રહ્યા છે, તો બીજી તરફ પાઈપલાઈનમાં થતા ભંગાણને કારણે હજારો લીટર પાણીનો બગાડ થઈ રહ્યો છે. શહેરના અટલાદરા વિસ્તારમાં પાણીની લાઈનમાં સર્જાયેલા ગંભીર ભંગાણને કારણે ઉનાળાની કાળઝાળ ગરમીમાં ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ છે. અટલાદરા વિસ્તારના રહીશોના જણાવ્યા અનુસાર, છેલ્લા ઘણા દિવસોથી અહીં પાણીની મુખ્ય લાઈનમાં લીકેજ છે. આ લીકેજના કારણે રસ્તા પર પાણી ભરાઈ રહે છે અને ઉનાળામાં જ્યારે પાણીની ખૂબ જ જરૂર હોય છે ત્યારે આખા વિસ્તારમાં પાણીનું પ્રેશર ઘટી ગયું છે. રહીશોએ આ અંગે અનેકવાર વડોદરા મહાનગરપાલિકાના તંત્રને લેખિત અને મૌખિક ફરિયાદો કરી છે, પરંતુ પાલિકાના પેટનું પાણી હલતું નથી.

એક તરફ શહેરના અન્ય વિસ્તારોમાં પાણીની અછત હોવાથી ટેન્કર દ્વારા પાણી પહોંચાડવું પડી રહ્યું છે, જ્યારે અટલાદરામાં આટલી મોટી માત્રામાં શુદ્ધ પાણીનો બગાડ થતો હોવા છતાં તંત્ર દ્વારા સમારકામ કરવામાં આવતું નથી. લાઈન લીકેજના કારણે નજીકના વિસ્તારોમાં પાણીનો પુરવઠો અપૂરતો મળી રહ્યો છે, જેના લીધે ગૃહિણીઓ અને સામાન્ય નાગરિકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. રહીશોએ તંત્રને ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી ૨૪ થી ૪૮ કલાકમાં આ લીકેજ રિપેર કરવામાં નહીં આવે તો રહીશોને નાછૂટકે આંદોલન કે પાલિકા કચેરીએ રજૂઆત કરવાની ફરજ પડશે. વડોદરામાં રસ્તાઓ પર ભુવા પડવાની સમસ્યાની સાથે સાથે આવી પાઈપલાઈન લીકેજની ઘટનાઓ તંત્રના આયોજન પર ગંભીર સવાલો ઉભા કરે છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશો આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે.

**વૃષભ : બ. વ. ઉ.**

આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. લાંબા-ગાળાના દ્દષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. તમારા અંગત જીવન વિશે મિત્રો તમને સારી સલાહ આપશે. તમારા પ્રિયપાત્રને કશું કઠોર ન કહેવાનો પ્રયાસ કરજો-અન્યથા તમારે પછીથી પસ્તાવું પડશે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારા અધીરો તથા જિદ્દી સ્વભાવ પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો ખાસ કરીને પાર્ટીમાં કેમ કે ત્યાં આ સ્વભાવ મૂડ બગાડી શકે છે. પૈસા ની અછત આજે ઘર માં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો .

**કર્ક : ડ. હ.**

તમારી માટે કોઈ કામ કરવા માટે લોકો પર દબાણ લાવશો નહીં કે તેમને એવું કરવાની ફરજ પણ પાડશો નહીં. અન્યોની જરૂરિયાતો તથા હિતોના સંદર્ભમાં પણ વિચારો એનાથી તમને અનહદ આનંદ મળશે.

**સિંહ : મ. ટ.**

આજ ના દિવસે ઘર માં કોઈ ઈલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે. કારકિર્દીનું આયોજન કરવું એ બાબત પણ રમત જેટલી જ મહત્વની છે.

**કન્યા : પ. ઠ. ણ.**

થોડુંક ટૅન્શન તથા કેટલાક મતભેદો તમને અજંપ તથા બેચેન કરી મુકશે. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. અંગત બાબતો ઉકેલવાના તમારા અભિગમમાં ઉદાર રહો.

**તુલા : ર. ત.**

આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે.

**વૃશ્ચિક : ન. ય.**

બાળકો તમારી પસંદગી મુજબનું વર્તન નહીં કરે-જે તમારો ગુસ્સો વધારી મુકશે. તમારે તમારી જાતને રોકવી જોઈએ, કેમ કે નિરંકુશ ગુસ્સો સૌને નુકસાન કરે છે અને ખાસ કરીને જે વ્યક્તિ ગુસ્સામાં છે તેને સૌથી વધુ નુકસાન કરે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. મિત્રોનો સાથ રાહત આપશે. લાંબા સમયથી તમને ઝકડી રાખનારો એકાંતભર્યો તબક્કો પૂરો થાય છે-લાગે છે.

**મકર : ખ. જ.**

ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમને કોઈક સારા સમચાર મળશે જે તમને જ નહીં પણ તમારા પરિવારના સભ્યોને પણ ખુશખુશાલ કરી મુકશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

ગ્રુપને લગતી પ્રવૃત્તિઓ સાથે સંકળાવાથી તમે નવા મિત્રો બનાવશો. તમારા પ્રિયપાત્ર સાથેના સંબંધો કોઈક સાવ ક્ષુલ્લક બાબતને લઈને વણસી શકે છે. આજે તમારા મધુર પ્રેમ જીવનમાં તમને અદભુતતાનો સ્વાદ માણવા મળશે.

**કુલ રૂ.81,000નો મુદ્દામાલ જપ્ત**

## જામનગર જિલ્લામાં પ્રોહિબિશન એક્ટ હેઠળ 6 ગુનાઓ નોંધાયા : વિવિધ સ્થળોએથી વિદેશી દારૂ જપ્ત, 6 ની અટકાયત

(એજન્સી) જામનગર | તા.09

જામનગર જિલ્લામાં પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ સઘન કાર્યવાહી હાથ ધરી વિવિધ પોલીસ મથક વિસ્તારોમાંથી વિદેશી દારૂ સાથે 6 શખ્સોને ઝડપી પાડ્યા છે. અલગ-અલગ રેઈડ દરમિયાન ભારતીય બનાવટનો વિદેશી દારૂ, વાહનો તથા અન્ય મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.સીટી 'એ' ડિવિઝન વિસ્તારમાં નિલકંઠનગર ખાતે કરવામાં આવેલી રેઈડ દરમિયાન દિલીપભાઈ ઉર્ફે રાજા કારાભાઈ પરમાર પાસેથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવતા તેની સામે કાર્યવાહી કરવામાં આવી હતી.સીટી 'બી' ડિવિઝન વિસ્તારમાં નવાગામ ઘેડ, કબીરનગર સફીયાવાસ ખાતે કરવામાં આવેલી રેઈડ દરમિયાન મામદભાઈ સુલેમાનભાઈ સફીયાના રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂના ચપલા કબજે કરવામાં આવ્યા હતા.સીટી 'સી' ડિવિઝન વિસ્તારમાં બે અલગ-અલગ કાર્યવાહીમાં સોનુસિંગ શેરસિંગ ખીચ્ચી તથા સચિનકુમાર અશોકકુમારને વિદેશી દારૂ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન દારૂ ઉપરાંત એક્ટીવા પણ કબજે કરવામાં આવી હતી.જોડીયા પોલીસ મથક વિસ્તારમાં ભાદરા પાટીયા સર્કલ નજીક નીલેશભાઈ ચંદુભાઈ ધામેચા એક્ટીવામાં દારૂની હેરાફેરી કરતા ઝડપાયો હતો. તેની પાસેથી દારૂ, મોબાઈલ ફોન તથા એક્ટીવા મળી કુલ રૂ.81,000નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. કાલાવડ ગ્રામ્ય પોલીસ મથક વિસ્તારમાં મોઈનભાઈ ઉર્ફે સોનુ અનવરભાઈ મીયાવા જાહેર સ્થળે વિદેશી દારૂ સાથે ઝડપાતા તેની સામે પણ પ્રોહિબિશન એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.જિલ્લા પોલીસ દ્વારા હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં કુલ 6 પ્રોહિબિશનના ગુનાઓ નોંધાયા છે. તમામ ગુનાઓમાં સંબંધિત પોલીસ મથકો દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

**જામનગરના સાત રસ્તા સર્કલ વિસ્તારમાં ટ્રાફિક પોલીસની વિશેષ ડ્રાઇવ**

# ટ્રાફિક નિયમોનો ભંગ કરનાર વાહનચાલકો પાસેથી દંડ વસૂલાયો

(એજન્સી) જામનગર | તા.09




જામનગર શહેરમાં ટ્રાફિક નિયમોના અસરકારક અમલ અને માર્ગ સુરક્ષા અંગે જાગૃતિ લાવવાના હેતુથી સાતરસ્તા વિસ્તારમાં વિશેષ ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેર વિભાગના ડીવાયએસપીના માર્ગદર્શન અને ઉપસ્થિતિમાં યોજાયેલી આ ડ્રાઈવ દરમિયાન ટ્રાફિક પોલીસની ટીમે સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. ડ્રાઈવ દરમિયાન સાતરસ્તા વિસ્તારમાંથી પસાર થતા અનેક વાહનોની તપાસ કરવામાં આવી હતી. ખાસ કરીને ફોરવ્હીલ વાહનોમાં ગેરકાયદેસર રીતે લગાવવામાં આવેલી ડાર્ક ફિલ્મ સામે ઝુંબેશ ચલાવવામાં આવી હતી. પોલીસે અનેક કારોને અટકાવી તેમની તપાસ કરી હતી, અને નિયમોનો ભંગ કરતી ગાડીઓમાંથી ડાર્ક ફિલ્મ દૂર કરાવી સંબંધિત વાહનચાલકો સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરી હતી.આ ઉપરાંત સીટ બેલ્ટનો ઉપયોગ ન કરવો, જરૂરી દસ્તાવેજો સાથે ન રાખવા, ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરવું સહિતના વિવિધ ભંગ બદલ પણ અનેક વાહનચાલકો સામે કેસો કરવામાં આવ્યા હતા.પોલીસ તંત્ર દ્વારા જણાવાયું હતું કે માર્ગ સુરક્ષા અને ટ્રાફિક શિસ્ત જળવાઈ રહે તે માટે આવી વિશેષ ડ્રાઈવો આગામી સમયમાં પણ ચાલુ રાખવામાં આવશે. ટ્રાફિક નિયમોનું પાલન કરી સુરક્ષિત વાહન વ્યવહાર માટે પોલીસ દ્વારા વાહનચાલકોને અપીલ પણ કરવામાં આવી હતી.

## ખાતર ખાલી કરીને પરત ફરતા સમયે નડ્યો અકસ્માત

(એજન્સી) છોટા ઉદેપુર | તા.03

પાવી જેતપુરના સુસ્કાલ ગામ નજીક ટ્રક અને ટ્રેક્ટર વચ્ચે ગમખ્વાર અકસ્માત, 30 વર્ષીય યુવકનું મોત છોટા ઉદેપુર જિલ્લાના પાવી જેતપુર તાલુકામાંથી એક ગમખ્વાર અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. પાવી જેતપુરના સુસ્કાલ ગામના રણાફળિયા નજીક એક બેકાબૂ ટ્રક અને ટ્રેક્ટર વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રેક્ટરચાલક 30 વર્ષીય આશાસ્પદ યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. સુસ્કાલ ગામના કેટલાક યુવાનો ટ્રેક્ટરમાં ખાતર ભરીને ગયા હતા. ખેતરમાં ખાતર ખાલી



કરીને જ્યારે આ યુવાનો ટ્રેક્ટર લઈને પરત ફરી રહ્યા હતા, ત્યારે સુસ્કાલ ગામના રણાફળિયા નજીક સામેથી આવી રહેલી એક ટ્રકે ટ્રેક્ટરને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ટ્રેક્ટરના ચાલક અને સુસ્કાલ ગામના વતની 30 વર્ષીય ઘનશ્યામભાઈ રાઠવાનું ગંભીર ઈજાઓ થવાના કારણે કરૂણ મોત નીપજ્યું હતું. અકસ્માતની જાણ થતાં જ આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓ મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ અંગે તાત્કાલિક પોલીસને પણ જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને જોતા પોલીસ કાફલો તુરંત ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી.

## જામજોધપુર તાલુકાના અમરાપર ગામમાં જમીન વિવાદમાં 3 મહિલાઓ પર હુમલો : ચાર સામે ગુનો

જામજોધપુર : જામજોધપુર તાલુકાના અમરાપર ગામે જમીન સંબંધિત જૂની અદાવતને લઈને 3 મહિલાઓ ઉપર થયેલા હુમલાના બનાવમાં પોલીસે ચાર આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ ફરિયાદ મુજબ તા.8 જૂનના રોજ સવારે આશરે 11.00 વાગ્યે અમરાપર ગામની ગૌશાળા નજીક રોડ પર આરોપીઓએ જૂના જમીન વિવાદનો ખાર રાખી હુમલો કર્યો હતો.

આ બનાવ અંગે અમરાપર ગામની રહેવાસી જીવીબેન વિરમભાઈ કારાવદરાએ જામજોધપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી નાગાજણભાઈ ભીમાભાઈ ઓડેદરા, તેમની પત્ની ભરમીબેન, ભાવનાબેન દુદાભાઈ ઓડેદરા તથા નાગાજણભાઈના પુત્ર માનવે એકસંપ થઈ લોખંડના પાઈપ અને લાકડાના ધોકા જેવા હથિયારો સાથે હુમલો કર્યો હતો.હુમલામાં ફરિયાદીને ડાબા હાથની કોણીમાં ફ્રેક્ચર જેવી ગંભીર ઈજા ઉપરાંત ખભા અને હાથમાં ઈજાઓ પહોંચી હતી.

સાથે રહેલી સાકળબેનને હાથ, ખભા અને માથાના ભાગે જ્યારે સુમિત્રાબેનને ખભા, પેટ તથા પગના ભાગે ઈજાઓ પહોંચ્યાનું ફરિયાદમાં જણાવાયું છે. આ બનાવ અંગે જામજોધપુર પોલીસે ભારતીય ન્યાય સંહિતા, 2023ની વિવિધ કલમો તેમજ જી.પી. એક્ટની કલમ 135(1) હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## જામનગર શહેરમાં ફાયર સેફ્ટી ચેકિંગ દરમિયાન ત્રણ વ્યાવસાયિક એકમોને સીલ

જામનગર : જામનગર મહાનગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા શહેરમાં ફાયર સેફ્ટી નિયમોના અમલને સુનિશ્ચિત કરવા માટે હાથ ધરવામાં આવેલા ચેકિંગ અભિયાન અંતર્ગત સોમવારે શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા 15 જેટલા વ્યાવસાયિક એકમોની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ત્રણ સ્થળોએ ફાયર એનઓસીનો અભાવ હોવાનું તેમજ ફાયર સેફ્ટી સંબંધિત જરૂરી નિયમોનું પાલન કરવામાં આવ્યું ન હોવાનું સામે આવતા સંબંધિત એકમોને સીલ કરવામાં આવ્યા હતા. મનપાના ફાયર વિભાગ દ્વારા અંબર સિનેમા રોડ વિસ્તાર આવેલા પીઝા પાર્લર સહિત કુલ ત્રણ વ્યાવસાયિક એકમો સામે સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.ફાયર વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ આગ જેવી આકસ્મિક પરિસ્થિતિમાં લોકોની સુરક્ષા જળવાઈ રહે તે માટે ફાયર એનઓસી અને અન્ય સુરક્ષા ધોરણોનું પાલન કરવું ફરજિયાત છે. નિયમોના ભંગ બદલ કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં.મહાનગરપાલિકાએ સ્પષ્ટ કર્યું છે કે શહેરના વિવિધ વિસ્તારોમાં ફાયર સેફ્ટી ચેકિંગ અભિયાન આગામી દિવસોમાં પણ યથાવત રહેશે અને જ્યાં પણ નિયમોના ભંગની વિગતો સામે આવશે ત્યાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

**સોશિયલ મીડિયા મારફતે તેમની બદનામી કરવામાં આવી**

## જામનગરની મહિલાનો ફોટો યુટ્યુબ પર એડિટ કરી બદનામ કરતો વીડિયો વાયરલ કરનાર શખ્સ સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ




(એજન્સી) જામનગર | તા.09

જામનગરની એક મહિલાના ફોટોગ્રાફ્સનો તેની મંજૂરી વગર ઉપયોગ કરી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ યુટ્યુબ પર એડિટ કરેલો વીડિયો વાયરલ કરીને બદનામી પહોંચાડવાના આક્ષેપ સાથે રાજકોટના કોટડાસાંગાણીના એક શખ્સ સામે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદ મુજબ દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં રહેતી એક યુવતીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ગત 15 ફેબ્રુઆરીના રોજ સોશિયલ મીડિયા પર રીલ્સ જોતી વખતે તેમને પોતાના ફોટોગ્રાફ્સનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલ એક વીડિયો જોવા મળ્યો હતો. આ વીડિયોમાં રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી વિસ્તારના મનસુખ ગોવિંદભાઈ રાઠોડનો ફોટો તેમજ ફરિયાદીના ફોટોગ્રાફ્સ સાથે લખાણ ઉમેરીને એડિટિંગ કરવામાં આવ્યું હોવાનું જણાવાયું છે.

ફરિયાદ અનુસાર વીડિયોમાં તેમની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તેવું અને બદનામી થાય તેવા શબ્દો તથા ઉશ્કેરણીજનક લખાણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ વીડિયો યુટ્યુબ ચેનલ "ધ વાયરલ વોઈસ 62642" પર અપલોડ કરીને વાયરલ કરવામાં આવ્યો હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. મહિલાએ આરોપ મૂક્યો છે કે તેમની મંજૂરી વગર ફોટોગ્રાફ્સ મેળવી તેનો ઉપયોગ કરીને સોશિયલ મીડિયા મારફતે તેમની બદનામી કરવામાં આવી છે. બનાવ અંગેની પેન ડ્રાઈવ સહિતની સામગ્રી પોલીસને સોંપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**સદનસીબે કોઈ જાનહાનિ કે ઈજાની ઘટના નોંધાઈ નહોતી**

## જામનગરના સેતાવાડ વિસ્તારમાં દાયકાઓ પુરાણું પીપળાનું વૃક્ષ ભારે પવન સાથે ધરાશાઈ થતાં સમગ્ર વિસ્તારમાં દોડધામ

(એજન્સી) જામનગર | તા.09



જામનગર શહેરના સેતાવાડ વિસ્તારમાં અવેડીયા મામા નજીક આવેલુ પીપળાનું વૃક્ષ ધરાશાયી થયાની જાણ થતાં સ્થાનિક કોર્પોરેટર ધવલ નાખવા તેમજ અમર કનખરા તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. ઘટનાની જાણ થતાં જ તેમણે સંબંધિત તંત્ર સાથે સંકલન સાધી જરૂરી કામગીરી હાથ ધરાવી હતી.વૃક્ષ રસ્તા પર પડી જતાં વિસ્તારમાં વાહનવ્યવહાર અને અવરજવરમાં અડચણ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી, અને કરવત સહિતના સાધનોની મદદથી વૃક્ષની ડાળીઓ કાપી દૂર કરવાની કામગીરી શરૂ કરી હતી.લગભગ એક કલાક જેટલી જહેમત બાદ ફાયર બ્રિગેડની ટીમે વૃક્ષના અવરોધને દૂર કરી સમગ્ર રસ્તો અને વિસ્તારને ફરીથી ખુલ્લો કરી આપ્યો હતો. વૃક્ષ પડવાને કારણે થોડા સમય માટે ગભરાટ અને ચિંતાનું વાતાવરણ સર્જાયું હતું, જોકે સદનસીબે કોઈ જાનહાનિ કે ઈજાની ઘટના નોંધાઈ નહોતી. સ્થાનિક રહીશો દ્વારા પણ તાત્કાલિક કામગીરી બદલ ફાયર બ્રિગેડ અને તંત્રનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## જામનગર પાલિકાની નવી સ્ટેન્ડિંગ કમિટી 12 સભ્યોની પ્રથમ બેઠક 11મીએ મળશે

જામનગર: જામનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી બાદ નવી રચાયેલી સ્ટેન્ડિંગ કમિટીની પ્રથમ બેઠક આગામી તા. 11 જૂન, ગુરુવારે બપોરે 12.00 વાગ્યે સ્ટેન્ડિંગ કમિટી હોલ ખાતે યોજાનાર છે. નવા ચેરમેન ધીરેન્દ્ર મોનાણીના અધ્યક્ષસ્થાને મળનારી આ બેઠકમાં શહેરના વિકાસને લગતી અનેક મહત્વપૂર્ણ દરખાસ્તો પર વિચારણા કરવામાં આવશે.ચાર મહિનાના વિરામ બાદ મળનારી આ બેઠકમાં શહેરના વોર્ડ નં. સહિત વિવિધ વિસ્તારોમાં લોકભાગીદારીથી સીસી રોડ, સીસી બ્લોક અને અન્ય માળખાગત સુવિધાઓના કામોને મંજૂરી આપવાનો એજન્ડા સામેલ છે. ઉપરાંત રોડ સ્વીપર મશીનના ઓપરેશન અને મેન્ટેનન્સ, ઈલેક્ટ્રિક સામગ્રીની ખરીદી, કોર્પોરેશનના ભંગારના વેચાણ, ફર્નિચર ખરીદી તેમજ સ્ટ્રીટ લાઈટોની ખરીદી સંબંધિત દરખાસ્તો પણ રજૂ કરવામાં આવશે.

**ઓળખાણ ધરાવતા વ્યક્તિઓને આગળ આવવા અનુરોધ કરવામાં આવ્યો**

## જામનગરની જી.જી. હોસ્પિટલમાંથી બિનવારસી બુઝુર્ગ મહિલાનો મૃતદેહ મળી આવ્યો : વાલી-વારસદારની શોધખોળ

(એજન્સી) જામનગર | તા.09



જામનગર શહેરના સીટી બી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ.એસ. કલમ-194 મુજબ નોંધાયેલાં બનાવ અંગે જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તા.08/06/2026ના રોજ એક બુઝુર્ગ મહિલાનું મૃત્યુ થયું હોવાનું નોંધાયું છે.

મળતી વિગતો મુજબ, અંદાજે 70 વર્ષીય મહિલા, જેનું નામ નીરુબેન લીલાધર કપટા હોવાનું જાણવા મળેલ છે, તેઓ હર્ષદ મિલ કમ્પાઉન્ડ, જાગૃતિ કોલોની, બ્લોક નં. 03, રૂમ નં.143, જામનગર ખાતે રહેતા હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. મહિલાને કોઈ બીમારી સબબ સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તપાસ કરતા તેમનું મૃત્યુ થયાનું જાહેર કર્યું હતું. મૃતક મહિલાના કોઈ વાલી-વારસ કે સંબંધીઓ હજુ સુધી મળી આવ્યા નથી. તેથી જામનગર સીટી બી. ડિવિઝન પોલીસ દ્વારા મૃતકના પરિવારજનો, સગા-સંબંધીઓ અથવા ઓળખાણ ધરાવતા વ્યક્તિઓને આગળ આવવા અનુરોધ કરવામાં આવ્યો છે. મૃતક અંગે કોઈ માહિતી હોય અથવા તેમના વાલી-વારસ અંગે જાણકારી હોય તો જામનગર સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જાહેર જનતાને અપીલ કરાઈ છે.

**વિશ્વાસઘાત અને ધમકી આપ્યાનો ગુનો નોંધાવાયો**

## જામનગર જિલ્લાના ધ્રોલના પેટ્રોલ પંપમાં રૂપિયા 14.06 લાખની ઉચાપતનો આક્ષેપ : મેનેજર સામે વિશ્વાસઘાત અને ધમકીની ફરિયાદ

(એજન્સી) જામનગર | તા.09




જામનગર જિલ્લાના ધ્રોલ ખાતે આવેલા 'જય દ્વારકાધીશ પેટ્રોલિયમ' પેટ્રોલ પંપમાં રૂપિયા 14,06,857ની ઉચાપત થયાનો આક્ષેપ સામે આવ્યો છે. પેટ્રોલ પંપના ભાગીદાર કેતનભાઈ લાલજીભાઈ પરમારે ધ્રોલ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ પંપના કર્મચારી દાઉદશા અનવરશા શાહમદાર સામે વિશ્વાસઘાત અને ધમકી આપ્યાનો ગુનો નોંધાવાયો છે.ફરિયાદ મુજબ ધ્રોલના ચામુંડા પ્લોટ વિસ્તારમાં આવેલ પેટ્રોલ પંપનું સંચાલન 4 ભાગીદારો દ્વારા કરવામાં આવે છે. વર્ષ 2018થી શરૂ થયેલા આ પેટ્રોલ પંપમાં મેનેજર નિશાંતભાઈ રજાએ જતા તા.02 ડિસેમ્બર 2025થી 21 ડિસેમ્બર 2025 દરમિયાન સમગ્ર વહીવટ દાઉદશા અનવરશા શાહમદારને સોંપવામાં આવ્યો હતો.આ સમયગાળા દરમિયાન પેટ્રોલ અને ડીઝલનું કુલ રૂપિયા 44,95,368નું વેચાણ થયું હોવાનું હિસાબમાં સામે આવ્યું હતું, જ્યારે બેંક અને હિસાબમાં માત્ર 30,88,511 જમા કરાવવામાં આવ્યા હોવાનું જણાયું હતું. તપાસ કરતાં 14,06,857ની રકમનો તફાવત સામે આવ્યો હતો.

ભાગીદારોએ હિસાબ અંગે પૂછપરછ કરતાં દાઉદશાએ પોતાના ઉપયોગ માટે રકમ ખર્ચી નાખ્યાનું સ્વીકાર્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ત્યારબાદ દાઉદશા અને તેના ભાઈ રફીકશા અનવરશા શાહમદારે તા.17 જાન્યુઆરી 2026ના રોજ નોટરી લખાણ કરી રકમ પરત આપવાની ખાતરી આપી હતી.જોકે નોટરીમાં દર્શાવેલ સમયમર્યાદા પૂર્ણ થયા બાદ પણ રકમ પરત આપવામાં આવી નહોતી. ફરિયાદી પક્ષના જણાવ્યા મુજબ રકમની ઉઘરાણી માટે સંપર્ક કરતાં આરોપી ગોળમટોળ જવાબ આપતો હતો અને બાદમાં "તમારાથી જે થાય તે કરી લેજો, રૂપિયા આપવાના નથી" કહી હાથ-પગ ભાંગી નાખવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકી પણ આપતો હતો. આ સમગ્ર મામલે ધ્રોલ પોલીસે ફરિયાદના આધારે આરોપી દાઉદશા અનવરશા શાહમદાર વિરુદ્ધ વિશ્વાસઘાત, ઉચાપત અને ધમકી સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**પુત્રની ફરિયાદ પરથી ગુનો નોંધાયો**

## લાલપુર નજીક આરીખાણા પાસે સ્કોર્પિયો કારની અડફેટે બુઝુર્ગનું મૃત્યુ

(એજન્સી) જામનગર | તા.09

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના આરીખાણા પાટિયા નજીક સર્જાયેલા માર્ગ અકસ્માતમાં એક બુઝુર્ગનું મૃત્યુ નિપજતાં પોલીસે સ્કોર્પિયો કારના ચાલક સામે ગુનો નોંધ્યો છે. ફરિયાદી જયસુખભાઈ જયંતીલાલ મારડીયા (ઉ.વ. 50, રહે મુરીલા) લાલપુરે પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના પિતા જયંતીલાલ મોહનલાલ મારડીયા (ઉં.વ-70) તા.07/06/2026ના રોજ સાંજે આશરે 6:30 વાગ્યે પોતાનું જીજે-10-એએ-0708 નંબરનું બાઈક લઈને હરીપર તરફથી મુરીલા જઈ રહ્યા હતા. તે દરમિયાન આરીખાણા પાટિયા નજીક પહોંચતા લાલપુર તરફથી પૂરઝડપે આવી રહેલી કાળા રંગની સ્કોર્પિયો કાર (જીજે-10-ઈસી-9602)ના ચાલકે બેદરકારીપૂર્વક વાહન હંકારી મોટરસાયકલને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં જયંતીલાલ મારડીયાને માથા, પગ તથા શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તને પ્રથમ 108 એમ્બ્યુલન્સ મારફતે લાલપુર સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાંથી વધુ સારવાર માટે જામનગરની જી.જી.હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા.

જોકે સારવાર દરમિયાન ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે પુત્ર જયસુખભાઈ મારડીયાની ફરિયાદના આધારે પોલીસે સ્કોર્પિયો કારના ચાલક સામે બેદરકારીપૂર્વક વાહન ચલાવી અકસ્માત સર્જી મોત નિપજાવવાના ગુનાની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## અમેરિકાથી ભારતની એલપીજી આયાતમાં મોટો ઉછાળો

# ભારતીય ઊર્જા બજારમાં અમેરિકા બન્યું સૌથી મોટું ઈંધણ સપ્લાયર

(એજન્સી) મુંબઈ | તા.09

ભારતની ઊર્જા સુરક્ષાની રણનીતિમાં એક મોટું પરિવર્તન જોવા મળી રહ્યું છે. ચાલુ વર્ષના મે મહિનામાં અમેરિકાએ પરંપરાગત પૂરવઠેદારો એવા સંયુક્ત આરબ અમીરાત, કતાર અને સાઉદી અરેબિયાને પાછળ છોડીને ભારત માટે લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી) તથા લિક્વિફાઈડ નેચરલ ગેસ (એલએનજી)ના સૌથી મોટા પૂરવઠેદાર તરીકે સ્થાન જમાવ્યું છે. મીડિયા અહેવાલો મુજબ, પશ્ચિમ એશિયામાં સર્જાયેલી અસ્થિરતાને પગલે ભારતે પોતાની આયાત વ્યૂહરચનામાં ધરખમ ફેરફારો કર્યા છે, જેનું સીધું પરિણામ અમેરિકાથી થતી ઈંધણની આયાતમાં થયેલા વધારા સ્વરૂપે જોવા મળી રહ્યું છે.



એક સમય હતો જ્યારે ભારતની એલપીજીની મોટાભાગની જરૂરિયાતો મધ્ય પૂર્વના દેશો દ્વારા પૂરી કરવામાં આવતી હતી. ફેબ્રુઆરીના અંતમાં યુદ્ધ ફાટી નીકળ્યું તે પહેલાં સંયુક્ત આરબ અમીરાત, કતાર અને સાઉદી અરેબિયા ભારત માટે એલપીજીના મુખ્ય આધાર હતા. જોકે, અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવ અને ત્યારબાદ મધ્ય પૂર્વમાં ફાટી નીકળેલા સંઘર્ષને કારણે આ દેશોમાંથી થતા ઈંધણ પૂરવઠામાં નોંધપાત્ર ખલેલ પહોંચી છે. આ સંજોગોમાં ભારતે પોતાની ઊર્જા જરૂરિયાતોને સુરક્ષિત રાખવા માટે આયાતના સ્રોતોમાં વૈવિધ્યતા લાવવા પર ભાર મૂક્યો છે.કોમોડિટી એનાલિટિક્સ પેઢી કેપ્લરના ડેટા પર નજર કરીએ તો, આ પરિવર્તન અત્યંત સ્પષ્ટ છે. એપ્રિલ મહિનાની સરખામણીમાં મે મહિનામાં અમેરિકા ખાતેથી ભારતની એલપીજી આયાત સીધી ૬૩ ટકા વધીને ૬.૨૯ લાખ ટન પર પહોંચી ગઈ છે. તેની સામે સંયુક્ત આરબ અમીરાતથી થતી આયાતમાં ૩૧ ટકાનો ઘટાડો નોંધાયો છે અને તે ઘટીને ૧.૧૨ લાખ ટન રહી છે. એલએનજીના મોરચે સ્થિતિ વધુ ચોંકાવનારી છે, જ્યાં અમેરિકાથી થતી આયાત એપ્રિલની સરખામણીએ ૨૨૫ ટકાના જબરદસ્ત ઉછાળા સાથે ૯,૦૭,૦૦૦ ટન રહી છે. આ ઉપરાંત, બુટેન અને પ્રોપેનની આયાતમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે.

ઘરઆંગણે સતત વધી રહેલી ઈંધણની માંગ અને પેટ્રોકેમિકલ ક્ષમતામાં થઈ રહેલા વધારાને કારણે ભારતને વધુ ઈંધણની જરૂરિયાત છે. અમેરિકી કંપનીઓ માટે આ એક સુવર્ણ તક સાબિત થઈ રહી છે, જેઓ વર્તમાન ભૌગોલિક-રાજકીય સ્થિતિનો લાભ લઈને ભારત જેવા દેશોમાં ઈંધણ પૂરવઠામાં વધારો કરી રહી છે. નિષ્ણાતો માને છે કે, જો મધ્ય પૂર્વમાં સંઘર્ષ ચાલુ રહેશે, તો ભારત દ્વારા અમેરિકા પરની આ નિર્ભરતા લાંબા ગાળા સુધી જળવાઈ શકે છે. આ માત્ર ઈંધણની ખરીદી નથી, પરંતુ ભારતની બદલાતી વિદેશ નીતિ અને આર્થિક સુરક્ષાનું એક સચોટ ઉદાહરણ છે. આગામી દિવસોમાં ભારત પોતાની ઊર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે અન્ય નવા સ્રોતોની શોધ પણ ચાલુ રાખશે તેવા સંકેતો મળી રહ્યા છે.

## હરીત ઝવેરી જ્વેલર્સે તેની નવી પોલ્કી કલેક્શન સાથે ભારતીય દુલ્હનની શાહી ભાવનાનો ઉત્સવ ઉજવ્યો

અમદાવાદ | દુલ્હનના આભૂષણો માત્ર શણગારનું સાધન નથી, પરંતુ તે લાગણીઓ, સ્મૃતિઓ અને પરંપરાની શક્તિને પોતાના સાથે સંભાળી રાખે છે. આ જ ભાવનાને ધ્યાનમાં રાખીને અમદાવાદ સ્થિત હરીત ઝવેરી જ્વેલર્સે તેની નવી પોલ્કી કલેક્શન રજૂ કરી છે, જે શાહી ભારતીય બ્રાઇડલ જ્વેલરીનું એક પરિષ્કૃત અને આધુનિક સ્વરૂપ છે. આ કલેક્શન એવી આધુનિક દુલ્હનો માટે તૈયાર કરવામાં આવી છે, જે પોતાની પરંપરાગત વારસાને જાળવી રાખતાં આત્મવિશ્વાસ અને ગૌરવ સાથે પોતાની વ્યક્તિગત ઓળખને વ્યક્ત કરવા માંગે છે. 18 કેરેટથી 14 કેરેટ સોનામાં તૈયાર કરવામાં આવેલી અને એમરાલ્ડથી અલંકૃત આ પોલ્કી કલેક્શન દુલ્હનના જીવનના તે પરિવર્તનકારી ક્ષણની ઉજવણી કરે છે, જ્યારે તે પોતાના ભૂતકાળની યાદો અને ભવિષ્યની નવી શરૂઆત વચ્ચે ઉભી હોય છે. આ સંગ્રહનો દરેક આભૂષણ આ વિશેષ ભાવનાત્મક યાત્રાનો સાથી બનવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે.આ



કલેક્શનનું કેન્દ્રબિંદુ છે પોલ્કી કારીગરીની સમૃદ્ધ પરંપરા. પોલ્કી એટલે કે અનકટ કુદરતી હીરા, જે પોતાની પરંપરાગત સુંદરતા અને શાહી આકર્ષણ માટે જાણીતા છે અને લાંબા સમયથી ભારતીય રાજવંશોની વારસાનો ભાગ રહ્યા છે. તેમની ભવ્યતાને જીવંત લીલા એમરાલ્ડ સાથે જોડવામાં આવી છે, જે નવી શરૂઆત, પ્રેમ, સમરસતા અને સમૃદ્ધિનું પ્રતીક માનવામાં આવે છે. લીલા એમરાલ્ડની ઊંડાણ અને તાજગી આ કલેક્શનને એવું સ્વરૂપ આપે છે, જે એક સાથે ક્લાસિક પણ છે અને આધુનિક પણ.આ સંગ્રહમાં નેકલેસ, કડા, વીંટીઓ, ઝુમકા અને સંપૂર્ણ બ્રાઇડલ સેટ્સ સહિત અનેક આકર્ષક અને બહુમુખી આભૂષણોનો સમાવેશ થાય છે. દરેક ડિઝાઇનને એમરાલ્ડ, મોતી અને પોલ્કીની નાજુક કારીગરીથી શણગારવામાં આવી છે.હરીત ઝવેરી જ્વેલર્સની આ કલેક્શન પરંપરાગત લાલ રંગના બ્રાઇડલ પરિધાનો અને પટોળા જેવી વારસાગત વણાટવાળા વસ્ત્રો સાથે સાથે આધુનિક આઈવરી, પેસ્ટલ શેડ્સ અને ફ્યૂઝન પરિધાનો સાથે પણ સુંદર રીતે મેળ ખાય છે. ભલે તેને પરંપરાગત લહેંગા સાથે પહેરવામાં આવે, આધુનિક અંદાજમાં પહેરેલી સાડી સાથે જોડવામાં આવે અથવા પ્રી-વેડિંગ સમારંભોમાં સ્ટાઈલ કરવામાં આવે, આ કલેક્શન દરેક પ્રસંગે દુલ્હનની સુંદરતાને શાંત પરંતુ પ્રભાવશાળી શાહી આભા પ્રદાન કરે છે. આ આભૂષણોને માત્ર આજ માટે નહીં પરંતુ આવનારી પેઢીઓ માટે પણ વારસાગત ધન તરીકે કલ્પવામાં આવ્યા છે. ઉત્કૃષ્ટ કારીગરી, કિંમતી રત્નો અને કાલાતીત કલાનું આ સંયોજન તેમને એવા આભૂષણોમાં પરિવર્તિત કરે છે, જેને પેઢી દર પેઢી સંભાળી રાખી શકાય.આ પ્રસંગે હરીત ઝવેરી જ્વેલર્સના સંયુક્ત મેનેજિંગ ડિરેક્ટર હરીત ઝવેરીએ જણાવ્યું: 'હરીત ઝવેરી જ્વેલર્સમાં અમારો હંમેશા એવો વિશ્વાસ રહ્યો છે કે બ્રાઇડલ જ્વેલરી વ્યક્તિગત લાગણી ધરાવતી હોવી જોઈએ, એવી કે જે દુલ્હનની કહાની અને તેના વ્યક્તિત્વને પ્રતિબિંબિત કરે. અમારા ઘણા ગ્રાહકો સ્વાભાવિક રીતે એવા અનોખા આભૂષણો તરફ આકર્ષાય છે, જે તેમની ઓળખ સાથે સુસંગત હોય અને વર્ષો સુધી તેમની યાદોનો ભાગ બની રહે. આ પોલ્કી કલેક્શન દ્વારા અમે ઉત્કૃષ્ટ કારીગરી અને એમરાલ્ડની સમૃદ્ધ સુંદરતાનો ઉત્સવ મનાવવાનો પ્રયત્ન કર્યો છે. એમરાલ્ડ એવું રત્ન છે, જે દુલ્હનના વિવિધ રંગોના પરિધાનો સાથે સહજ રીતે સુમેળ બેસાડે છે અને તેના સમગ્ર લુકને વધુ આકર્ષક બનાવે છે. સૌથી મહત્વની વાત એ છે કે ગુણવત્તા અમારા દરેક સર્જનના કેન્દ્રમાં રહે છે, કારણ કે અમારું માનવું છે કે આભૂષણો એટલા જ ટકાઉ હોવા જોઈએ જેટલી તેમની સાથે જોડાયેલી યાદો અને લાગણીઓ.' હરીત ઝવેરી જ્વેલર્સ યોગ્ય પ્રસંગ માટે યોગ્ય કિંમતે ઉત્કૃષ્ટ કારીગરી પ્રદાન કરવાની પોતાની પ્રતિબદ્ધતા સાથે આવી કાલાતીત પોલ્કી કૃતિઓ રજૂ કરે છે, જે એક તરફ આકર્ષક અને વિશિષ્ટ છે, તો બીજી તરફ ગ્રાહકો માટે અત્યંત વ્યક્તિગત અને ભાવનાત્મક મહત્વ પણ ધરાવે છે.

સ્ટોરનું સરનામું:

હરીત ઝવેરી જ્વેલર્સ
અક્ષર કોમ્પ્લેક્સ, ગ્રાઉન્ડ ફ્લોર,
શિવરંજની ક્રોસ રોડ, સેટેલાઇટ,
અમદાવાદ, ગુજરાત - 380015.

## હોરાઇઝન રિક્લેમ (ઈન્ડિયા) લિમિટેડે IPO ની જાહેરાત કરી

HORIZON RECLAIM (INDIA) LIMITED

ઉત્તર પ્રદેશ | હારાઇઝન રિક્લમ (ઇાન્ડયા) લિમિટેડ જૂના ટાયર, રબર ટ્યુબ, ટ્રેડ પીલીંગ અને ઔદ્યોગિક ભંગાર, જેમાં EPDM (ઈથિલિન પ્રોપીલીન ડાયેન મોનોમર)નો સમાવેશ થાય છે, તેમાંથી મેળવેલા રિક્લેમ રબરના ઉત્પાદનમાં રોકાયેલ છે. કંપની BSE SME પર 52,69,200 ઈક્વિટી શેરના 100% નવા ઈશ્યૂ IPO સાથે મૂડી બજારોમાં પ્રવેશ કરી રહી છે, જેનો ઉદ્દેશ્ય 98-103 પ્રતિ શેરના પ્રાઇસ બેન્ડ પર 54.27 કરોડ એકત્ર કરવાનો છે. એન્કર ઈન્વેસ્ટર તારીખ 11 જૂન, 2026 છે, અને આ ઈશ્યૂ 12 જૂન થી 16 જૂન, 2026 સુધી જાહેર સબ્સ્ક્રિપ્શન માટે ખુલ્લો રહેશે.બુક રનિંગ લીડ મેનેજર: GYR કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ.ઈશ્યૂ માળખું : કુલ ઈશ્યૂ કદ: 52.69 લાખ ઈક્વિટી શેર સુધી (100% તાજા ઈશ્યૂ), માર્કેટ મેકર હિસ્સો: 2.64 લાખ ઈક્વિટી શેર સુધી, એન્કર રોકાણકાર હિસ્સો: 15.01 લાખ ઈક્વિટી શેર સુધી, નેટ QIB હિસ્સો: 10.01 લાખ ઈક્વિટી શેર સુધી, બિન-સંસ્થાકીય રોકાણકારો: 7.51 લાખ ઈક્વિટી શેરથી ઓછા નહીં, વ્યક્તિગત રોકાણકારો: 17.52 લાખ ઈક્વિટી શેરથી ઓછા નહીં.૨૦૦૬ માં સ્થાપિત, હોરાઈઝન રિક્લેમ (ઇન્ડિયા) લિમિટેડ એક સંકલિત રબર રિસાયક્લિંગ અને ઉત્પાદન કંપની છે જે વપરાયેલા ટાયર, ટ્યુબ, ટ્રેડ પીલીંગ અને ઔદ્યોગિક રબર સ્ક્રેપ જેવા રિસાયકલ રબર કચરાનું રિક્લેમ્ડ રબર ઉત્પાદનોમાં પ્રક્રિયા કરવામાં રોકાયેલી છે. કંપની ભગવાનપુર, હરિદ્વાર, ઉત્તરાખંડ (યુનિટ I) ખાતે તેની ઉત્પાદન સુવિધા ચલાવે છે અને યુનિટ II (રાજકોટ, ગુજરાત) અને યુનિટ III (ભગવાનપુર, હરિદ્વાર) દ્વારા વિસ્તરણ હાથ ધર્યું છે.હોરાઈઝન રિક્લેમ કુદરતી રબર રિક્લેમ, કૃત્રિમ રબર રિક્લેમ અને ક્રમ્બ રબરનું ઉત્પાદન કરે છે, જેનો ઉપયોગ ઔદ્યોગિક અને માળખાગત એપ્લિકેશનોમાં કુદરતી અને કૃત્રિમ રબરના વિકલ્પ તરીકે થાય છે. કંપની ISO 9001:2015, ISO 14001:2015, ISO 45001:2018 પ્રમાણિત અને RoHS સુસંગત છે, ગુણવત્તા, પર્યાવરણીય વ્યવસ્થાપન અને વ્યવસાયિક સ્વાસ્થ્ય અને સલામતી પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## શેરબજારના ઈક્વિટી સેગમેન્ટમાં મે મહિનામાં જોવા મળ્યો મોટો ઉછાળો

મુંબઈ: દેશના શેરબજારોની ગતિવિધિમાં મે મહિના દરમિયાન એક રસપ્રદ વળાંક જોવા મળ્યો છે. એક તરફ જ્યાં ઈક્વિટી કેશ સેગમેન્ટમાં વેપાર પ્રવૃત્તિ છેલ્લા ૨૨ મહિનાની ટોચ પર પહોંચી છે, તો બીજી તરફ ડેરિવેટિવ્સ સેગમેન્ટમાં સ્થિરતાનું વાતાવરણ જોવા મળ્યું છે. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં રોકાણકારોના વધેલા આકર્ષણને કારણે બજારના રોકડ વિભાગમાં તેજીનો માહોલ રહ્યો છે.પ્રાપ્ત આંકડાઓ મુજબ, નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ) પર કેશ સેગમેન્ટમાં



સંયુક્ત સરેરાશ દૈનિક ટર્નઓવર એપ્રિલ મહિનાની સરખામણીમાં મે મહિનામાં ૫.૭૦ ટકાના વધારા સાથે ૧.૫૨ ટ્રિલિયન રૂપિયા સુધી પહોંચ્યું છે. વર્ષ ૨૦૨૪ના જૂન મહિના પછીનો આ સૌથી ઊંચો આંકડો છે, જે બજારના રોકડ વિભાગમાં રોકાણકારોનો મજબૂત વિશ્વાસ દર્શાવે છે.કેશ સેગમેન્ટની વિરુદ્ધમાં, ડેરિવેટિવ્સ સેગમેન્ટનું કામકાજ ૪૮૫.૯૦ ટ્રિલિયન રૂપિયાના સ્તરે લગભગ સ્થિર રહ્યું છે. બજારના નિષ્ણાતો અને સૂત્રોના જણાવ્યા મુજબ, આ નિરસતા પાછળ મુખ્યત્વે ૧લી એપ્રિલથી અમલમાં આવેલા નવા નિયમો જવાબદાર છે. સિક્યુરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ (એસટીટી)માં કરાયેલો વધારો વેપારીઓ માટે એક મોટો અવરોધ સાબિત થયો છે.નવા નિયમ મુજબ, ફ્યુચર્સના વેપાર પર એસટીટી ૦.૦૨ ટકાથી વધારીને ૦.૦૫ ટકા અને ઓપ્શનમાં ૦.૧૦ ટકાથી વધારીને ૦.૧૫ ટકા કરવામાં આવ્યો છે. આ ટેક્સના બોજને કારણે વેપારીઓનું ધ્યાન ડેરિવેટિવ્સથી હટીને કેશ માર્કેટ તરફ વળ્યું હોવાનું જણાય છે. માત્ર ટેક્સમાં વધારો જ નહીં, પરંતુ અન્ય પરિબળો પણ ડેરિવેટિવ્સ સેગમેન્ટને પ્રભાવિત કરી રહ્યા છે. મીડિયા અહેવાલો મુજબ, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા બ્રોકરો માટે ફન્ડિંગના ધોરણો સખત બનાવવામાં આવ્યા છે, જેની સીધી અસર બજારની તરલતા પર પડી છે. વધુમાં, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ) ભારતીય બજારમાંથી પીછેહઠ કરી રહ્યા હોવાથી પણ ડેરિવેટિવ્સના કામકાજમાં પ્રમાણમાં નિરસતા જોવા મળી છે.

## વૈશ્વિક અસ્થિરતા વચ્ચે સોના-ચાંદીના ભાવમાં જોવા મળી ઉછળકૂદ

મુંબઈ: આંતરરાષ્ટ્રીય બજારમાં ચાલી રહેલી ભૌગોલિક-રાજકીય અસ્થિરતા અને ક્રૂડતેલની કિંમતોમાં જોવા મળતી ભારે વધઘટની સીધી અસર આજે ભારતીય ઝવેરી બજારો પર જોવા મળી હતી. સોના, ચાંદી અને પ્લેટીનમના ભાવમાં આજે મોટા પાયે બેતરફી ઉછળકૂદ જોવા મળી હતી, જેના અંતે બજાર ઘટાડા સાથે બંધ થયું હતું. સપ્તાહના પ્રથમ દિવસે મુંબઈ અને અમદાવાદ ઝવેરી બજારમાં ભાવ નીચા ખૂલ્યા બાદ સહેજ ઉછળ્યા હતા, પરંતુ અંતે શનિવારના બંધ ભાવની સરખામણીએ કિંમતોમાં ઘટાડો નોંધાયો



હતો. બજારના સૂત્રોના જણાવ્યા અનુસાર, દેશી કરન્સી બજારમાં રૂપિયો નબળો પડ્યો છે અને ડોલરના ભાવમાં ઉછાળો આવ્યો છે, જેની અસર કિંમતી ધાતુઓના વેપાર પર પડી રહી છે. અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામ દીઠ ૧૫૦૦ રૂપિયા ઘટીને ૯૯૫ના ૧,૫૫,૨૦૦ રૂપિયા અને ૯૯૯ના ૧,૫૫,૫૦૦ રૂપિયા નોંધાયા હતા. આ જ રીતે ચાંદીના ભાવમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યાં એક કિલો ચાંદીના ભાવ ૫,૦૦૦ રૂપિયા ઘટીને ૨,૪૫,૦૦૦ રૂપિયા પર પહોંચ્યા હતા. મુંબઈ બજારમાં પણ સોનામાં ૫૦૦થી ૬૦૦ રૂપિયા અને ચાંદીમાં ૧,૭૦૦ રૂપિયાનો ઘટાડો નોંધાયો હતો.વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલી અસ્થિરતાએ રોકાણકારોની ચિંતા વધારી છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના સંઘર્ષના સમાચારોને પગલે ક્રૂડતેલના ભાવ ઉછળીને ૯૮.૦૮ ડોલર સુધી પહોંચ્યા હતા. જોકે, ત્યારબાદ ઈરાન દ્વારા હુમલા અટકાવવાના સંકેતો મળતા બ્રેન્ટ ક્રૂડના ભાવ ઘટીને ૯૪.૨૬ ડોલર પર આવી ગયા હતા. વધુમાં, વિશ્વના અગ્રણી વપરાશકર્તા દેશ ચીને પોતાની ક્રૂડ રિફાઈનિંગ ક્ષમતા વધારવાની યોજના હાલ પૂરતી મુલતવી રાખતા વૈશ્વિક બજારમાં ઈંધણની માંગ ધીમી પડી હોવાનું મનાય છે.માત્ર સોનું અને ચાંદી જ નહીં, પરંતુ પ્લેટીનમના ભાવ પણ દબાણ હેઠળ રહ્યા હતા. મુંબઈ બજારમાં પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામ દીઠ ૨,૫૦૦ રૂપિયા ઘટીને ૬૦,૦૦૦ રૂપિયાની સપાટીની નીચે એટલે કે ૫૯,૬૦૭ રૂપિયા સુધી નીચે ઉતરી ગયા હતા.

## બંધન બેન્ક અને સેન્ટ્રમ ફિનસર્વે 3-ઇન-1 ઇન્વેસ્ટમેન્ટ પ્લેટફોર્મ લોંચ કરવા ભાગીદારી કરી

કોલકતા : બંધન બેન્કે આજે સેન્ટ્રમ ગ્રૂપની ફુલ સર્વિસ બ્રોકરેજ ફર્મ સેન્ટ્રમ ફિનસર્વ લિમિટેડ સાથે એક જ પ્લેટફોર્મ પર બેન્કિંગ, ડીમેટ અને ટ્રેડિંગ સેવાઓ સંકલિત કરતી 3-ઈન-1 ઓફર લોંચ કરવા વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી હતી. આ જોડાણનો હેતુ ગ્રાહકો માટે રોકાણની યાત્રા સરળ બનાવવાનો અને ભારતમાં ઝડપથી વૃધ્ધિ પામી રહેલાં નાણાં બજારોમાં સરળતાથી તેમની સહભાગિતા સક્ષમ કરવાનો છે. આ ઈન્ટીગ્રેટેડ ઓફર દ્વારા ગ્રાહકો બંધન બેન્કનાં વ્યાપક બ્રાન્ચ નેટવર્ક અને ડિજિટલ પ્લેટફોર્મનાં સહયોગથી સરળ, પેપરલેસ પ્રક્રિયા દ્વારા પોતાનું બેન્કિંગ, ડિમેટ અને ટ્રેડિંગ એકાઉન્ટ્સ ખોલાવી શકશે અને ઓપરેટ કરી શકશે. ગ્રાહકોને ઈક્વિટી, આઈપીઓ, ડેરિવેટિવ્ઝ, ઈટીએફ અને સૂચકાંકો જેવી રોકાણની સર્વગ્રાહી તકો મળશે અને સાથે સાથે ચાર્ટ આધારિત અમલીકરણ, અલ્ગોરિધમિક વ્યૂહો અને માર્જિન લિવરેજ જેવી એડવાન્સ્ડ ટ્રેડિંગ ક્ષમતાઓનો પણ લાભ મળશે. સેન્ટ્રમ ફિનસર્વનાં ટેકનોલોજી આધારિત ઈન્વેસ્ટમેન્ટ પ્લેટફોર્મને બંધન બેન્કની મજબૂત ગ્રાહક ફ્રેન્ચાઈઝી સાથે સંકલિત કરીને આ ભાગીદારી સલામત, સાહજિક અને ગ્રાહક-કેન્દ્રી અનુભવ પૂરો પાડવા માંગે છે. ભારતની રોકાણ કાર્યપધ્ધતિ મહત્વપૂર્ણ ગતિમાંથી પસાર થઈ રહી છે. ઉદ્યોગનાં વલણો નાના રોકાણકારોની ભાગીદારી અને ડિજિટલ સ્વીકારમાં સતત વધારાનો સંકેત આપી રહ્યા છે. 3-ઈન-1 પ્લેટફોર્મનો હેતુ ગ્રાહકોને પોતાની બેન્કિંગ અને રોકાણ જરૂરિયાતોનું સંચાલન કરવા એકીકૃત અને કાર્યક્ષમ ઉપાય પૂરો પાડવાનો છે. આ ભાગીદારી અંગે ટિપ્પણી કરતા બંધન બેન્કનાં એમડી અને સીઈઓ પાર્થા પ્રતિમ સેનગુપ્તાએ જણાવ્યું કે, "બંધન બેન્કમાં અમે ગ્રાહકો માટે હંમેશા નાણાકીય સેવાઓને વધુ સુગમ, સમાવેશી અને સગવડદાયક બનાવવા સતત પ્રયત્નશીલ છીએ.

## BPCL સાથે ગતિ પકડતું ગુજરાત, રાજ્યભરના શહેરોમાં ઈંધણની માંગમાં સતત વધારો

અમદાવાદ : ફોર્ચ્યુન ગ્લોબલ 500 કંપની અને મહારત્ન PSU, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL), એ મે 2026 દરમિયાન ગુજરાતની વધતી જતી ગતિશીલતા અને આર્થિક પ્રવૃત્તિને ટેકો આપવાનું ચાલુ રાખ્યું, અને સમગ્ર રાજ્યમાં પેટ્રોલ (મોટર સ્પિરિટ) અને ડીઝલ (હાઈ-સ્પીડ ડીઝલ)ના વેચાણમાં મજબૂત વૃદ્ધિ નોંધાવી. ભારતના સૌથી વધુ ઔદ્યોગિક અને આર્થિક રીતે ગતિશીલ રાજ્યોમાંના એક તરીકે, ગુજરાતની ઊર્જા જરૂરિયાતો ઉત્પાદન ક્લસ્ટરો, બંદરો, લોજિસ્ટિક્સ કોરિડોર, શહેરી કેન્દ્રો અને વિસ્તરતા પરિવહન નેટવર્ક્સમાં થતી પ્રવૃત્તિઓ સાથે નજીકથી જોડાયેલી છે. મહિના દરમિયાન BPCLનું પ્રદર્શન આ સતત ગતિને પ્રતિબિંબિત કરે છે, જેમાં મુસાફરી અને વાણિજ્યિક ઈંધણ બંને સેગમેન્ટમાં માંગ મજબૂત રહી. મે 2026 દરમિયાન, ગુજરાતમાં BPCLનું પેટ્રોલ વેચાણ 66,526.53 MT સુધી પહોંચ્યું, જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન 58,813.64 MT હતું, જે 13.11%ની વૃદ્ધિ નોંધાવે છે. ડીઝલના વેચાણમાં વધુ મજબૂત પ્રદર્શન નોંધાયું, જે મે 2025માં 144,378.10 MTથી વધીને 177,472.09 MT થયું, જે 22.92%ની વૃદ્ધિ દર્શાવે છે. રાજ્યના સૌથી મોટા વાણિજ્યિક અને વપરાશ કેન્દ્ર અમદાવાદમાં પેટ્રોલ (MS)નું વેચાણ 9,843.07 MT નોંધાયું, જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન 8,945.73 MT હતું, જે 10.03%ની વૃદ્ધિ નોંધાવે છે. ડીઝલ (HSD)નું વેચાણ 10,392.02 MTથી વધીને 11,382.37 MT થયું, જે 9.53%નો વધારો દર્શાવે છે. વડોદરાએ રાજ્યના મુખ્ય બજારોમાં સૌથી મજબૂત પ્રદર્શનોમાંનું એક નોંધાવ્યું. પેટ્રોલનું વેચાણ 5,151.16 MTથી વધીને 6,471.94 MT થયું, જે 25.64%ની વૃદ્ધિ નોંધાવે છે, જ્યારે ડીઝલનું વેચાણ 9,238.23 MTથી વધીને 13,951.93 MT થયું, જે 51.02%નો વધારો દર્શાવે છે. ગાંધીનગરમાં પેટ્રોલનું વેચાણ મે 2025ના 1,734.94 MTની સરખામણીએ 2,014.17 MT રહ્યું, જે 16.09%ની વૃદ્ધિ નોંધાવે છે. ડીઝલનું વેચાણ 3,200.00 MTથી વધીને 3,552.89 MT થયું, જે 11.03%નો વધારો દર્શાવે છે. જામનગરમાં પેટ્રોલનું વેચાણ 1,344.08 MT નોંધાયું, જે ગયા વર્ષના સમાન સમયગાળાના 1,143.16 MTની સરખામણીએ 17.58%ની વૃદ્ધિ નોંધાવે છે. ડીઝલનું વેચાણ 3,304.96 MTથી વધીને 4,698.76 MT થયું, જે 42.17%નો વધારો દર્શાવે છે. રાજકોટમાં પેટ્રોલનું વેચાણ 3,861.19 MTથી વધીને 4,697.51 MT થયું, જે 21.66%ની વૃદ્ધિ નોંધાવે છે, જ્યારે ડીઝલનું વેચાણ 7,380.92 MTથી વધીને 10,041.46 MT થયું, જે 36.05%નો વધારો દર્શાવે છે. કચ્છ વાણિજ્યિક ઈંધણની માંગ માટે એક મુખ્ય વિકાસ કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું. પેટ્રોલનું વેચાણ મે 2025 દરમિયાન 1,560.21 MTની સરખામણીએ વધીને 1,826.55 MT થયું, જે 17.07%ની વૃદ્ધિ નોંધાવે છે. ડીઝલનું વેચાણ 9,377.87 MTથી વધીને 15,135.65 MT થયું, જે 61.4%નો મજબૂત વધારો દર્શાવે છે, જે આવરી લેવામાં આવેલા મુખ્ય બજારોમાં સૌથી વધુ છે. આ દરમિયાન, ગુજરાતના અગ્રણી ઉત્પાદન અને વાણિજ્યિક કેન્દ્રોમાંના એક સુરતમાં પેટ્રોલનું વેચાણ 7,854.19 MT નોંધાયું, જે ગયા વર્ષના સમાન સમયગાળાના 6,997.05 MTની સરખામણીએ 12.25%ની વૃદ્ધિ નોંધાવે છે. ડીઝલનું વેચાણ 15,032.01 MTથી વધીને 16,143.20 MT થયું, જે 7.39%નો વધારો દર્શાવે છે. BPCLના એક પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "ગુજરાતભરમાં નોંધાયેલી મજબૂત વૃદ્ધિ રાજ્યના ગતિશીલ આર્થિક પરિદૃશ્ય અને વધતી જતી ગતિશીલતા જરૂરિયાતોને પ્રતિબિંબિત કરે છે. BPCL તેની વ્યાપક સપ્લાય ચેઈન, રિટેલ નેટવર્ક અને લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા સીમલેસ ઈંધણ ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે. અમે રાજ્યભરના ગ્રાહકો, વ્યવસાયો અને ઉદ્યોગોને વિશ્વસનીય ઊર્જા ઉપલબ્ધ કરાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખીએ છીએ, સાથે સાથે ગુજરાતની વિકાસયાત્રાને પણ ટેકો આપીએ છીએ."ગુજરાતભરમાં BPCLનું રિટેલ નેટવર્ક મહિના દરમિયાન સરળતાથી કાર્યરત રહ્યું, જેને કાર્યક્ષમ ઈન્વેન્ટરી મેનેજમેન્ટ, નિયમિત રિપ્લેનિશમેન્ટ ચક્ર અને મજબૂત વિતરણ ઈકોસિસ્ટમનો ટેકો મળ્યો. કંપનીની સંકલિત સપ્લાય ચેઈને શહેરી કેન્દ્રો, ઔદ્યોગિક ક્લસ્ટરો, લોજિસ્ટિક્સ હબ્સ અને હાઈવે કોરિડોરોમાં અવિરત ઈંધણ ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી.

### ઝેપ્ટો લિમિટેડે IPO માટે સેબીમાં યુડીઆરએચપી-1 ફાઇલ કર્યું

## ક્વિક કોમર્સ પ્લેટફોર્મ ઝેપ્ટો આઈપીઓ દ્વારા એકત્ર કરશે ૮૦૧૦ કરોડ

નવી દિલ્હી: ક્વિક કોમર્સ ક્ષેત્રમાં અગ્રેસર રહેલી કંપની 'ઝેપ્ટો' હવે શેરબજારમાં પ્રવેશવા માટે સજ્જ થઈ છે. કંપનીએ તેના પ્રસ્તાવિત પ્રારંભિક જાહેર ભરણા (આઈપીઓ) માટે અપડેટેડ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (DRHP) સેબીમાં દાખલ કર્યું છે. આ આઈપીઓ દ્વારા કંપની ૮,૦૧૦ કરોડ રૂપિયાનું નવું ઈક્વિટી ભંડોળ એકત્ર કરવાનું લક્ષ્ય રાખી રહી છે. આ સાથે જ, કંપની તેના પ્રારંભિક રોકાણકારો દ્વારા ઓફર-ફોર-સેલ (OFS) મારફતે હિસ્સો વેચવાની પણ યોજના ધરાવે છે.આ અપડેટેડ દસ્તાવેજ મુજબ, કંપની ૮,૦૧૦ કરોડ રૂપિયાના નવા શેર જારી કરશે. આ ઉપરાંત, કંપનીના વર્તમાન સંસ્થાકીય રોકાણકારો પણ તેમના હિસ્સાનું વેચાણ કરશે. જેમાં નેક્સસ વેન્ચર્સના વિવિધ એકમો, કોન્ટ્રરી ઝેપ્ટો હોલ્ડિંગ્સ, રેઝર વેન્ચર્સ અને કૈસર ફાઉન્ડેશન હોસ્પિટલ્સ જેવા મોટા નામોનો સમાવેશ થાય છે. આ હિસ્સાના વેચાણ દ્વારા આશરે

zepto

૧૧.૩૪ કરોડથી વધુ શેર બજારમાં લાવવામાં આવશે. મોતીલાલ ઓસ્વાલ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ, મોર્ગન સ્ટેનલી, ગોલ્ડમેન સાક્સ અને એક્સિસ કેપિટલ સહિતની અનેક મોટી બેન્કો આ આઈપીઓ માટે બુક રનિંગ લીડ મેનેજર તરીકે કાર્ય કરી રહી છે.ઝેપ્ટોનું આર્થિક પ્રદર્શન ઝડપથી વિકસી રહ્યું છે. છેલ્લા ત્રણ નાણાકીય વર્ષના આંકડા જોઈએ તો, કંપનીની કામગીરીમાંથી થતી આવક સતત વધી રહી છે. માર્ચ ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા નાણાકીય વર્ષમાં ઝેપ્ટોની આવક ૨,૨૬,૨૩૫ કરોડ રૂપિયા રહી હતી, જે ૨૦૨૫ ના વર્ષમાં ૧,૧૧,૦૯૯ કરોડ રૂપિયા હતી. જોકે, આ ઝડપી વૃદ્ધિની સાથે કંપનીના ખર્ચમાં અને ચોખ્ખા નુકસાનમાં પણ વધારો જોવા મળ્યો છે.

### એચડી હ્યુન્ડાઈના શિપયાર્ડ પ્રોજેક્ટમાં રોકાણ વધશે

## તમિલનાડુમાં એચડી હ્યુન્ડાઈના મેગા શિપયાર્ડ પ્રોજેક્ટને મળ્યું સમર્થન

ચેન્નાઈ: તમિલનાડુ રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં વધુ એક મહત્વનો અધ્યાય ઉમેરાઈ રહ્યો છે. નવી રચાયેલી તમિલનાડુ સરકાર દ્વારા રાજ્યમાં ઔદ્યોગિક રોકાણ આકર્ષવા માટે આક્રમક વ્યૂહરચના અપનાવવામાં આવી છે. આ કડીમાં, રાજ્યના ઉદ્યોગ મંત્રી સેલ્વી એસ. કીર્તનાએ તેમની પ્રથમ આંતરરાષ્ટ્રીય મુલાકાત દરમિયાન દક્ષિણ કોરિયા સ્થિત એચડી હ્યુન્ડાઈ હેવી ઈન્ડસ્ટ્રીઝ (એચએચઆઈ) ની મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય તૂતીકોરીનમાં પ્રસ્તાવિત મેગા શિપબિલ્ડિંગ પ્રોજેક્ટને જરૂરી સમર્થન અને પ્રોત્સાહન આપવાનો હતો. રાજ્યની રોકાણ પ્રોત્સાહન એજન્સી 'ગાઈડન્સ તમિલનાડુ' દ્વારા સોશિયલ મીડિયા પર આ મુલાકાતને ખૂબ જ મહત્વપૂર્ણ ગણાવવામાં આવી છે. સરકારના જણાવ્યા મુજબ, આ મુલાકાત ઉદ્યોગો પ્રત્યેની સરકારની પ્રતિબદ્ધતા, વિશ્વાસ અને સાતત્યનો એક મજબૂત સંકેત આપે છે. તૂતીકોરીનમાં બનનારા આ વિશાળ શિપયાર્ડ પ્રોજેક્ટથી રાજ્યમાં માત્ર



ઔદ્યોગિક વૃદ્ધિ જ નહીં, પરંતુ મોટા પાયે રોજગારીની તકો પણ ઊભી થશે. આ પ્રોજેક્ટ તમિલનાડુને વૈશ્વિક સ્તરે એક અગ્રણી રોકાણ સ્થળ તરીકે સ્થાપિત કરવામાં મદદરૂપ થશે.

તમિલનાડુ સરકાર આ પ્રોજેક્ટને સફળ બનાવવા માટે તમામ પ્રક્રિયાઓ ઝડપી અને સરળ બનાવવા માટે તૈયાર છે. 'ગાઈડન્સ તમિલનાડુ' જે રાજ્યની સિંગલ-વિન્ડો ફેસિલિટેશન એજન્સી છે, તેણે સ્પષ્ટ કર્યું છે કે પ્રસ્તાવિત પ્રોજેક્ટને અમલમાં લાવવા માટે સરકાર પૂરેપૂરો સહયોગ આપશે.

### બજાર આધારિત કિંમત નિર્ધારણથી ગ્રાહકોને મળશે લાભ

## દેશમાં પારદર્શક કોલસાના વેપાર માટે નવા કોલસા વિનિમય નિયમો

નવી દિલ્હી: ભારતના ઊર્જા ક્ષેત્રમાં એક મોટા અને મહત્વપૂર્ણ સુધારાની જાહેરાત કરવામાં આવી છે. કોલસા મંત્રાલયે અધિકૃત રીતે 'કોલસા વિનિમય નિયમો, ૨૦૨૬' જાહેર કર્યા છે. આ પગલાનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતના કોલસા સપ્લાય ચેઈનને આધુનિક બનાવવાનો અને કોલસાના વેપારને વધુ પારદર્શક તથા કાર્યક્ષમ બનાવવાનો છે. આ નિયમો વર્ષ ૨૦૨૫ના માઈન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) સુધારા કાયદા હેઠળ અમલી બનાવવામાં આવ્યા છે. મંત્રાલયે ડિસેમ્બર ૨૦૨૫માં 'કોલ કંટ્રોલર ઓર્ગેનાઈઝેશન' (CCO) ને કોલસા વિનિમય માટે નોંધણી અને નિયમન કરવાની જવાબદારી સોંપી હતી. નવા નિયમો મુજબ, પાત્ર સંસ્થાઓને ૨૫ વર્ષના સમયગાળા માટે કોલસા વિનિમય કેન્દ્રો સ્થાપવા અને ચલાવવાની મંજૂરી આપવામાં આવશે. આ સંસ્થાઓ બજારના નિયમો બનાવવા અને કોલસાના વેપારને સુગમ બનાવવાનું કાર્ય કરશે.આ નવી વ્યવસ્થા કોલસાના વેચાણ મોડેલમાં મોટું પરિવર્તન લાવશે. અત્યાર સુધી જે પરંપરાગત 'વન-ટુ-મેની' (એક વિક્રેતા, અનેક ખરીદદાર) મોડેલ અમલમાં હતું, તેની જગ્યાએ હવે સ્પર્ધાત્મક 'મેની-ટુ-મેની' ટ્રેડિંગ પ્લેટફોર્મ કાર્યરત થશે. આનાથી કોલસાના ભાવ બજારની માંગ અને પુરવઠાના આધારે નક્કી થશે, જેનાથી ભાવ નિર્ધારણમાં પારદર્શિતા આવશે.આ સુધારાથી કોમર્શિયલ અને કેપ્ટિવ માઈનર્સ સહિત તમામ કોલસા ઉત્પાદકોને ખરીદદારોના વિશાળ નેટવર્ક સુધી સરળતાથી પહોંચ મળી રહેશે. જાહેર ક્ષેત્રની કોલસા કંપનીઓ પણ આ મંચનો ઉપયોગ કરીને પોતાની બજાર ભાગીદારી વધારી શકશે. સરકારનું માનવું છે કે, આ નવી પહેલ 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ને પ્રોત્સાહન આપશે અને ભારતને ઊર્જા ક્ષેત્રે વધુ આત્મનિર્ભર બનાવશે.આ સુધારાનો હેતુ માત્ર વેપારને સરળ બનાવવાનો જ નથી, પરંતુ દેશની ઊર્જા સુરક્ષાને મજબૂત કરવાનો પણ છે. સ્પર્ધાત્મક અને કાર્યક્ષમ કોલસા બજાર દ્વારા ઔદ્યોગિક વિકાસને વેગ મળશે, જે અંતે 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવામાં યોગદાન આપશે.

# શાળા તેમજ હોસ્ટેલમાં પાણી પાણીનો પોકાર, વાશુર્ણાના રાજવીની કલેકટરને રાજુવાત

સુશીલ પવાર ડાંગ

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આવેલી માધ્યમિક શાળા અને તેની બિલકુલ બાજુમાં આવેલી સરકારી હોસ્ટેલમાં હાલમાં પાણીની ભયંકર અછત ઊભી થઈ છે.આ ગંભીર સમસ્યા અંગે વાસુર્ણાના રાજવી ધનરાજસિંહ ચંદ્રસિંહ સૂર્યવંશી દ્વારા કલેક્ટરને લેખિતમાં રજૂઆત કરીને તાત્કાલિક નિવારણ લાવવા માટે ઉગ્ર માંગ કરવામાં આવી છે. પત્રમાં જણાવ્યા અનુસાર, આ સરકારી હોસ્ટેલમાં ડાંગ જિલ્લાના અંતરિયાળ અને ગરીબ પરિવારોના બાળકો રહીને પોતાનો અભ્યાસ કરે છે. છેલ્લા કેટલાક સમયથી અહીં પૂરતા પ્રમાણમાં પાણી ન મળવાને કારણે આ વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે વિદ્યાર્થીઓને નાહવા-ધોવા, પીવા તેમજ રોજિંદી દૈનિક ક્રિયાઓ માટે પણ પૂરતું પાણી મળી રહ્યું નથી. શાળા અને હોસ્ટેલમાં સર્જાયેલી આ ભયંકર પાણીની અછતના કારણે વિદ્યાર્થીઓનું સ્વાસ્થ્ય જોખમાય તેવી ચિંતાજનક સ્થિતિ ઊભી થઈ છે, જેના લીધે તેમના અભ્યાસ પર પણ ખૂબ જ માઠી અસર પડી રહી છે. ડાંગના ભવિષ્ય સમાન આ ગરીબ બાળકો આવી વિકટ પરિસ્થિતિમાં મુશ્કેલી વેઠી રહ્યા છે તે અત્યંત ગંભીર બાબત છે.આ સમસ્યાના કાયમી અને તાત્કાલિક ઉકેલ માટે કલેક્ટર સમક્ષ બે મુખ્ય માંગણીઓ રજૂ કરવામાં આવી છે.(1)હોસ્ટેલ અને શાળા કેમ્પસમાં તાત્કાલિક ધોરણે પાણીના ટેન્કરો દ્વારા પૂરતો પાણી પુરવઠો પૂરો પાડવામાં આવે જેથી વિદ્યાર્થીઓને રાહત મળે.(2) ત્યાં આવેલી પાણીની લાઈન અથવા બોરવેલની ટેકનિકલ ખામીઓની યોગ્ય ચકાસણી કરીને, પાણી પુરવઠા વિભાગ દ્વારા આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે.ડાંગની જનતાની સુખાકારી અને આ ગરીબ વિદ્યાર્થીઓના હિતને ધ્યાને રાખીને, કલેક્ટર આ સંવેદનશીલ પ્રશ્નની ગંભીરતા સમજીને અંગત રસ લે અને વહેલી તકે યોગ્ય તેમજ સકારાત્મક આદેશો કરે તેવી નમ્ર અપીલ વાસુર્ણા સ્ટેટનાં રાજવીએ પત્રના અંતમાં કરવામાં આવી છે.

# નડિયાદના સરદાર ભવનમાં મફતની વીજળીનો લાભ મેળવતા કર્મચારીઓ

## સરકારી ઓફિસમાં ખાનગી EV ચાર્જિંગ!, સરકારી તિજોરી પર બોજ

(એજન્સી) નડિયાદ । તા. 09

દેશના વડાપ્રધાને ઈલેક્ટ્રિકલ વિહિકલનો ઉપયોગ કરવાનું આહવાન કરતા જ નડિયાદના સરકારી કર્મચારીઓને મોજ પડી ગઈ હોય તેવો ઘાટ સર્જાયો છે. નડિયાદના સરદાર ભવનમાં સરકારી અધિકારીઓ પોતાના અંગત વાહનોનું ચાર્જિંગ સરકારી ખર્ચે કરી રહ્યા હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. સરદાર ભવન પરિસરમાં આવેલા સાદા ચાર્જિંગ બોર્ડમાં સરકારી કર્મચારીઓ પોતાના ઈલેક્ટ્રીક વ્હીકલ ચાર્જ કરતા હોવાના દ્રશ્યો કેમેરામાં કેદ થતાં સમગ્ર જિલ્લામાં ભારે ચર્ચા જાગી છે. નડિયાદ સ્થિત સરદાર ભવનમાં વિવિધ સરકારી કચેરીઓ આવેલી છે, જ્યાં ફરજ બજાવતા કેટલાક કર્મચારીઓ અને અધિકારીઓ પોતાના અંગત ઈલેક્ટ્રિક વાહનો સરકારી વીજળીથી ચાર્જ કરતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. વડાપ્રધાને



પ્રદૂષણ મુક્ત પર્યાવરણ માટે લોકોને ઈલેક્ટ્રિક વાહનો વાપરવાની અપીલ કરી હતી, પરંતુ અહીંના અધિકારીઓએ આ અપીલનો પોતાના અંગત આર્થિક ફાયદા માટે દુરુપયોગ કરવાનું શરૂ કરી દીધું છે. મફતની વીજળી મેળવવા માટે અધિકારીઓ સરકારી કચેરીના પરિસરનો ઉપયોગ કરી રહ્યા છે.

આ બાબતમાં સૌથી ચોંકાવનારી વિગત એ સામે આવી છે કે અમદાવાદથી નડિયાદ અપડાઉન કરતા કેટલાક કર્મચારીઓ પણ પોતાના ઈલેક્ટ્રોનિક વ્હીકલ સરકારી કચેરીમાં જ ચાર્જ કરે છે.

# ડીસાની મારૂતી હોસ્પિટલ બહારથી બાઈક ચોરી : અજાણ્યા ચોર વિરુદ્ધ પોલીસ ફરિયાદ

## બાઈક ન મળતા, હોસ્પિટલના CCTV કેમેરા તપાસવામાં આવ્યા

(એજન્સી) ડીસા । તા. 09

ડીસા શહેરની મારૂતી હોસ્પિટલ બહાર પાર્ક કરેલી એક બાઈકની ચોરી થઈ છે. આ અંગે લાખણી તાલુકાના દેવસરી ગામના રહેવાસી હિતેશભાઈ જોરાભાઈ રબારીએ ડીસા શહેર ઉત્તર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ફરિયાદ મુજબ, હિતેશભાઈ તેમના કાકાની દીકરીના નવજાત બાળકને મારૂતી હોસ્પિટલમાં દાખલ કરાયું હોવાથી ટિફિન આપવા ગયા હતા. તેઓ પોતાની હીરો સ્પ્લેન્ડર પ્લસ (સિલ્વર કલર, નંબર GJ-24-AG-2926) બાઈક લઈને હોસ્પિટલ પહોંચ્યા હતા અને તેને બહાર પાર્ક કરી હતી. હોસ્પિટલના બીજા માળે થોડો સમય રોકાયા બાદ જ્યારે તેઓ



નીચે આવ્યા ત્યારે પાર્ક કરેલી જગ્યાએ બાઈક જોવા મળી ન હતી.

આસપાસ શોધખોળ કરવા છતાં બાઈક ન મળતા, હોસ્પિટલના CCTV કેમેરા તપાસવામાં આવ્યા હતા. જેમાં એક અજાણ્યો વ્યક્તિ બાઈક ચોરી કરીને લઈ જતો સ્પષ્ટ દેખાયો હતો. ચોરી થયેલ બાઈક વર્ષ 2018 મોડલની હોવાનું અને તેની અંદાજિત કિંમત રૂપિયા 30,000 હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

# ગંદકી વહન કરતા ડમ્પરમાંથી ગંદા પાણીના ફુવારા ઉડતાં વાહનચાલકો પરેશાન

## કાંસમાંથી કાઢવામાં આવેલી ગંદકી અને કાદવને ડમ્પરમાં ભરીને સાઈટ પર લઈ જવામાં આવી

(એજન્સી) નડિયાદ । તા. 09

નડિયાદ શહેરમાં સરદાર સ્ટેચ્યુ પાસે આવેલ કાંસની સફાઈ કામગીરી દરમિયાન નડિયાદ નગરપાલિકાની ગંભીર બેદરકારી સામે આવી છે. કાંસમાંથી કાઢવામાં આવેલી ગંદકી અને કાદવને ડમ્પરમાં ભરીને કમળા નજીક આવેલી ડમ્પિંગ સાઈટ પર લઈ જવામાં આવી રહ્યો હતો, તે સમયે ડમ્પરનો પાછળનો દરવાજો બરાબર બંધ ન હોવાને કારણે સમગ્ર રસ્તા પર ગંદુ પાણી અને કચરો ઢોળાયો હતો. આ ઘટનાને પગલે રસ્તા પરથી પસાર થતા અનેક વાહનચાલકો પર ગંદા પાણીના છાંટા ઉડ્યા હતા, જેને કારણે સ્થાનિક લોકો અને વાહનચાલકોમાં તંત્રની કામગીરી સામે ભારે આક્રોશ જોવા મળ્યો છે.

શહેરમાં હાથ ધરવામાં આવેલ કાંસની સફાઈ પ્રક્રિયા અંતર્ગત સરદાર સ્ટેચ્યુ વિસ્તારમાં જે કચરો બહાર કાઢવામાં આવ્યો હતો, તેને



અન્યત્ર ખસેડવા માટે ડમ્પરની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ડમ્પરમાં પ્રવાહી યુક્ત ગંદકી ભરી દેવામાં આવી હતી. ત્યારબાદ આ વાહનને કમળા ડમ્પિંગ સાઈટ તરફ રવાના કરવામાં આવ્યું હતું, પરંતુ જવાબદાર કર્મચારીઓ કે કોન્ટ્રાક્ટર દ્વારા વાહન સુરક્ષિત છે કે નહીં તેની કોઈ ચકાસણી કરવામાં આવી નહોતી.

વાહન જ્યારે મુખ્ય માર્ગો પરથી પસાર થઈ રહ્યું હતું ત્યારે તેના પાછળના ભાગમાંથી ગંદા પાણીના ફુવારા છૂટતા હોવાના દ્રશ્યો સર્જાયા હતા. આ ગંદુ પાણી પાછળ આવી રહેલા દ્વિચક્રી વાહનચાલકો અને અન્ય રાહદારીઓ પર ઉડ્યું હતું.

# મહીસાગર જિલ્લાના ગોધર ગામે 'પ્લાસ્ટિક મુક્ત ગ્રામ્ય દિવસ'ની શાનદાર ઉજવણી

જગદીશ ત્રિવેદી | મહીસાગર

દેશના યશસ્વી વડાપ્રધાનશ્રીના સુશાસન અને ગરીબ કલ્યાણના ૧૨ વર્ષના સફળ કાર્યકાળ પૂર્ણ થવાના અવસરે રાજ્યભરમાં 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' સહિત વિવિધ જનલક્ષી કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવનાર છે. આ ઉજવણીના ભાગરૂપે મહીસાગર જિલ્લામાં પણ વહીવટી તંત્ર દ્વારા વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. જે અંતર્ગત આજરોજ મહીસાગર જિલ્લાના ગોધર ગામે 'સ્વચ્છતા સપ્તાહ અભિયાન' હેઠળ 'પ્લાસ્ટિક મુક્ત ગ્રામ્ય દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.વડાપ્રધાનશ્રીના 'સ્વચ્છ ભારત'ના સ્વપ્નને સાકાર કરવા અને પર્યાવરણના જતન માટે ગોધર ગામમાં જનભાગીદારી થકી સફાઈ



ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત રસ્તાઓની સઘન સફાઈ કરી ગામના મુખ્ય રસ્તાઓની બંને બાજુએ વ્યાપક સફાઈ ઝુંબેશ હાથ ધરી હતી અને કચરાનો યોગ્ય નિકાલ કર્યો હતો. અને'પ્લાસ્ટિક મુક્ત ગ્રામ્ય દિવસ'ની ઉજવણીના ભાગરૂપે ગ્રામજનોને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ સંપૂર્ણપણે બંધ કરવા અને કાપડ કે શણની થેલીઓનો ઉપયોગ કરવા માટે જાગૃત કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાનશ્રીના ૧૨ વર્ષના યશસ્વી કાર્યકાળની ઉજવણી અંતર્ગત આગામી દિવસોમાં પણ જિલ્લામાં 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન'ના માધ્યમથી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે વિવિધ કાર્યક્રમો અવિરતપણે ચાલુ રહેશે.

# દાંતીવાડા સ્થિત ૨૧મી બીએસએફ વાહિની કેમ્પ ખાતે 'એક પેડ માઁ કે નામ' અભિયાન અંતર્ગત 200 રોપાઓનું વાવેતર

માહિતી બ્યુરો, પાલનપુર | દાંતીવાડા સ્થિત ૨૧મી સીમા સુરક્ષા બળ (BSF) વાહિની કેમ્પ ખાતે ભારત સરકારના 'એક પેડ માઁ કે નામ' અભિયાન હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં કેમ્પ પરિસરમાં વિવિધ પ્રજાતિના કુલ 200 રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. દેશની સરહદોની સુરક્ષા માટે સતત તત્પર રહેતા બીએસએફના જવાનોએ ઉત્સાહપૂર્વક વૃક્ષારોપણમાં ભાગ લઈ પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત અધિકારીઓ અને જવાનોએ વૃક્ષોના જતન, ઉછેર અને સંરક્ષણ માટે પણ મક્કમ સંકલ્પ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન પર્યાવરણ સંરક્ષણ, હરિયાળી વધારવા અને કુદરતી સંસાધનોના જતન અંગે જનજાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. કેમ્પ પરિસરમાં પર્યાવરણ જાગૃતિ અંગેના બેનરો અને સંદેશાઓ દ્વારા હરિયાળા ભવિષ્યના નિર્માણ માટે સૌને પ્રેરિત કરવામાં આવ્યા હતા. બીએસએફના અધિકારીઓ અને જવાનો દ્વારા હાથ ધરાયેલ આ સરાહનીય પહેલ પર્યાવરણ સંરક્ષણની દિશામાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર સાબિત થઈ છે તેમજ વિકસિત ભારત@૨૦૪૭ અને વિકસિત ગુજરાત@૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવામાં સહાયક બનશે.

# જૂનાગઢમાં ભૂવનેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ અને યુવક મંડળ, ગાંધીગ્રામ ખાતે શ્રી મદ્ ભાગવત સપ્તાહનું આયોજન

જૂનાગઢ | જૂનાગઢમાં ગાંધીગ્રામ વિસ્તારમાં સરકારી ગોડાઉન પાછળ, ભૂવનેશ્વર નગર શેરી નં.૪મા આવેલ ભુવનેશ્વર મહાદેવ મંદિર પટાંગણમાં શ્રી ભૂવનેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ અને યુવક મંડળ દ્વારા શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું છે. આ સપ્તાહ તા.૦૯-૦૬-૨૦૨૬ થી તા.૧૫-૦૬-૨૬ સુધી કથા સમય બપોરે ૦૩ થી ૦૭ સુધીનો છે, આ ભાગવત્ સપ્તાહ નું રસપાન શાપુરવાળા શાસ્ત્રીશ્રી મનોજભાઈ ભટ્ટ કરાવશે તો આ કથા શ્રવણ માટે સર્વે ધર્મપ્રેમી જનતાને પધારવા આયોજકો તરફથી ભાવભર્યુ આમંત્રણ છે.આ કથાનાં સફળ આયોજન માટે શ્રી બાલાભાઈ રાડા ના માર્ગદર્શન હેઠળ શ્રી રોનકભાઈ ભરખડા, હસમુખભાઈ દવે, રોનકભાઈ ચોટલીયા, કાનાભાઈ મોરી, જયેશભાઈ પુરોહિત, ઝખરાભાઈ ઓડેદરા, ગોરધનદાસ પરમાર, પ્રણવભાઈ પંડ્યા, અરવિંદભાઈ પેશીવાડીયા, પ્રવિણભાઈ જોશી તથા યુવક મંડળના પ્રમુખશ્રી રાજુભાઈ ચુડાસમા, વિજયભાઈ પિપરોત્રા તથા કમલેશભાઈ, રામભાઈ , મનુભાઈ દવે વિગેરે સ્વયંસેવકો જહેમત ઉઠાવી રહ્યા છે.

# અમદાવાદમાં ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે નીતિ સંવાદનો પ્રારંભ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | અમદાવાદ ખાતે કેન્દ્રીય ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાન તથા ગુજરાતના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં 'અનલોકિંગ વેલ્યૂ: એડવાન્સિંગ ફૂડ પ્રોસેસિંગ ફોર એમ્પ્લોયમેન્ટ જનરેશન એન્ડ સસ્ટેનેબલ ગ્રોથ ઈન સાઉથ એશિયા' વિષય પર બે દિવસીય ઉચ્ચ સ્તરીય પ્રાદેશિક નીતિ સંવાદનો પ્રારંભ થયો છે. ઉદ્ઘાટન સત્રને સંબોધતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે ભારત ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં વૈશ્વિક અગ્રણી કેન્દ્ર તરીકે ઝડપથી આગળ વધી રહ્યું છે. તેમણે કહ્યું કે મૂલ્યવર્ધન, આધુનિક ટેક્નોલોજી અને પ્રાદેશિક સહયોગ દક્ષિણ એશિયાની ખાદ્ય અર્થવ્યવસ્થાને નવી દિશા આપી રહ્યા છે. આ ક્ષેત્ર કૃષિ અને સમૃદ્ધિ વચ્ચે મહત્વપૂર્ણ સેતુ બનીને રોજગારી સર્જન, પાક નુકસાનમાં ઘટાડો અને ખેડૂતોની આવક વધારવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી રહ્યું છે. કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે ગુજરાત કૃષિ અને એગ્રો-ઈન્ડસ્ટ્રી વિકાસમાં દેશનું અગ્રણી રાજ્ય છે. તેમણે અમૂલ મોડલને વૈશ્વિક સફળ સહકારી મોડલ ગણાવતા કહ્યું કે ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્ર ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવે છે અને ખેડૂતોને વધુ સારા ભાવ અપાવવામાં મદદરૂપ બને છે.

# વિકસિત ભારત@૨૦૪૭ સંકલ્પ અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં "સ્વચ્છતા સપ્તાહ અભિયાન"નો ઉત્સાહભેર પ્રારંભ

માહિતી બ્યુરો, પાલનપુર | વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત@૨૦૪૭ના રાષ્ટ્રીય સંકલ્પને લોકભાગીદારી દ્વારા સાકાર કરવા તેમજ વિકસિત ગુજરાત@૨૦૪૭ના ધ્યેયને જનઆંદોલનનું સ્વરૂપ આપવા રાજ્ય સરકારશ્રી દ્વારા તા. ૦૫ જૂનથી ૨૧ જૂન, ૨૦૨૬ દરમિયાન રાજ્યવ્યાપી જનજાગૃતિ અને જનકલ્યાણલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તેના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા 'સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ' અંતર્ગત તા. ૦૮ જૂનથી ૧૪ જૂન, ૨૦૨૬ દરમિયાન સમગ્ર જિલ્લામાં 'સ્વચ્છતા સપ્તાહ અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા વહીવટી તંત્ર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, તાલુકા પંચાયતો, ગ્રામ પંચાયતો, જનપ્રતિનિધિઓ, કર્મયોગીઓ, યુવાનો તથા ગ્રામજનોના સહયોગથી સમગ્ર જિલ્લામાં સ્વચ્છતા અંગે વ્યાપક જનજાગૃતિ લાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. "સ્વચ્છ ગામ, સુંદર ગામ - આપણું ગામ, આપણું ગૌરવ"ના સંકલ્પને સાકાર કરવા માટે વિવિધ સ્વચ્છતા આધારિત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. અભિયાનના પ્રથમ દિવસે જિલ્લાભરના અનેક ગામોમાં સાયકલ રેલી, જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવાનો અને ગ્રામજનોએ હાથમાં સ્વચ્છતાના સંદેશા આપતા બેનરો અને પ્લેકાર્ડ્સ સાથે ગામોગામ સ્વચ્છતાનો સંદેશ પહોંચાડ્યો હતો. સાથે જ ગામોને પ્લાસ્ટિક મુક્ત બનાવવા તથા ઘન કચરા વ્યવસ્થાપનના નિયમોના અસરકારક અમલીકરણ માટે જરૂરી કામગીરી હાથ ધરવામાં આવી હતી. અભિયાન દરમિયાન ગામના મુખ્ય માર્ગો, મહોલ્લાઓ, જાહેર સ્થળો, સરકારી કચેરીઓ, શાળાઓ, આંગણવાડી કેન્દ્રો તથા ધાર્મિક સ્થળોની આસપાસ સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ગ્રામજનો અને યુવાનોએ શ્રમદાન કરી સ્વચ્છતા પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. કચરાના યોગ્ય નિકાલ માટે ડસ્ટબીનના ઉપયોગ, ભીનો અને સુકો કચરો અલગ કરવાની પદ્ધતિ તેમજ પ્લાસ્ટિકના ઉપયોગમાં ઘટાડા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગામોના તળાવો, ખુલ્લા પ્લોટો, ગટર વિસ્તાર તથા પાણી ભરાઈ રહેતા સ્થળોની સફાઈ કરવામાં આવી હતી. મચ્છરજન્ય રોગચાળો અટકાવવા અને સ્વચ્છ પર્યાવરણ જાળવવા માટે વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી હતી. લાંબા સમયથી એકત્રિત થતા કચરાના નિકાલ તથા વધુ કચરો એકત્રિત થતા વિસ્તારોને પ્રાથમિકતા આપવામાં આવી હતી. અભિયાનના અંતિમ દિવસે ગ્રામજનોને સ્વચ્છતાની શપથ લેવડાવવામાં આવશે તેમજ સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને નાગરિક જવાબદારી અંગે જાગૃતિ ફેલાવવામાં આવશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જનપ્રતિનિધિઓ, સામાજિક સંસ્થાઓ, યુવા મંડળો તથા સામાન્ય નાગરિકોને આ અભિયાનમાં સક્રિય સહભાગી બનવા અનુરોધ કરવામાં આવ્યો છે.બનાસકાંઠા જિલ્લામાં હાથ ધરાયેલું આ 'સ્વચ્છતા સપ્તાહ અભિયાન' માત્ર સફાઈ પૂરતું મર્યાદિત નહીં રહે, પરંતુ સ્વચ્છતા, આરોગ્ય, પર્યાવરણ સંરક્ષણ અને સામાજિક જવાબદારી અંગેનું અસરકારક જનઆંદોલન બની "વિકસિત બનાસકાંઠા"ના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. સ્વચ્છ, સ્વસ્થ અને પ્રગતિશીલ સમાજના નિર્માણ દ્વારા વિકસિત ગુજરાત@૨૦૪૭ અને વિકસિત ભારત@૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં જિલ્લો વધુ એક મહત્વપૂર્ણ પગલું ભરી રહ્યો છે.

# ઓપરેશન કારાવાસ-૨: 30 વર્ષની સજા ભોગવતો પેરોલ જમ્પર મોહન ગોહિલ બોરીવલી સ્ટેશનથી પકડાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

ગુજરાત રાજ્યના પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી તરફથી સમગ્ર ગુજરાત રાજ્યમાં ઓપરેશન કારાવાસ-૨ ડ્રાઈવ રાખવામાં આવેલ જે અન્વયે પેરોલ રજા પરથી ફરાર, વચગાળાના જામીન પરથી ફરાર, જેલ ફરારી પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલ આરોપીને સરદહું ડ્રાઈવ દરમ્યાન પકડી પાડવા ઉપરી અધિકારીશ્રીઓ તરફથી સુચના તથા માર્ગદર્શન મળેલ હોય. જે અન્વયે ક્રાઈમ બ્રાન્ચ, જૂનાગઢ તથા પેરોલ ફર્લો સ્કવોડને જુદા- જુદા પોલીસ સ્ટેશનો મા પેરોલ જમ્પ કરી ગયેલ આરોપીઓ તથા જેલ ફરારી કેદીઓને પકડવા સારૂ હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેકનીકલ સોર્સનો ઉપયોગ કરી કાર્યરત હતા. જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.ફ.૭૯/૨૦૦૭ ઈ.પી.કો.ક. ૩૦૨, ૩૭૬, ૩૯૪, ૧૧૪ મુજબના કામે સને-૨૦૦૭ માં દાતાર પર્વતની ધાર્મિક જગ્યા પર '' ચાંદની હત્યા કાંડ '' થી સમગ્ર ભારતભરમાં ચર્ચાસ્પદ બનેલ બનાવ. જે બનાવમાં દાતાર પર્વત પર પ્રવાસી તરીકે આવેલ પરીવારની દિકરીને તથા તેની બહેનપણીને આરોપી મોહન હમીર ગોહિલ તથા તેના સાગરીત દ્વારા દાતાર પર્વતની સીડી પરથી સીડીની બાજુમાં આવેલ જંગલ વિસ્તારમાં બળજબરીપુર્વક ઢસડી લઇ જઇ બળાત્કાર ગુજારી ખુન કરી જધન્ય કૃત્ય કરી નાશી ગયેલ. જે ગુન્હામાં નામદાર પાંચમા એડી. સેશન્સ કોર્ટ, જૂનાગઢ દ્વારા સને-૨૦૧૧ માં સદરહું કેસમાં આરોપી મોહન હમીર ગોહિલ રહે. બિલખા રોડ, જૂનાગઢ વાળાને ૩૦ વર્ષની સજા તથા ૨૯,૦૦૦/- ના દંડની સજા કરવામાં આવેલ. જે આરોપી રાજકોટ, મધ્યસ્થ જેલ ખાતે સજા ભોગવતો હોય. જે આરોપી નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ દિન-૧૪ ના પરૌલ રજા પર ગયેલ અને તા.૦૫/૦૨/૨૦૨૫ ના રોજ જેલ પર હાજર થવાનું હોય પરંતુ હાજર થયેલ નહિ અને ફરાર થયેલ. જે આરોપીની વોચ તપાસમાં હતા દરમ્યાન જૂનાગઢ પેરોલ ફર્લો સ્ક્વોર્ડના એ.એસ. આઈ. ઉમેશભાઇ વેગડાને બાતમી હકિકત મળેલ કે, મજકુર આરોપી મોહન હમીર ગોહિલ સુરત રેલ્વે સ્ટેશન ત્યારબાદ મહારાષ્ટ્ર રાજ્યના બોમ્બે રેલ્વે સ્ટેશન તથા બોરીવલી રેલ્વે સ્ટેશન ખાતે જેવી અલગ- અલગ જગ્યાઓએ આશ્રય સ્થાન બદલી વેશપલટો કરી છુપાતો હોવાની હકિકત મળતા. સદરહું પેરોલ જમ્પ થયેલ આરોપી ની તપાસ અર્થે પેરોલ ફર્લો સ્કવોડના એ.એસ. આઈ. ઉમેશભાઇ વેગડાને મહારાષ્ટ્ર રાજ્યના બોરીવલી ખાતે મોકલતા. તેઓ દ્વારા સ્થાનીક સોર્સ ઉભા કરી મજકુર ઇસમની વોચ તપાસમાં મહારાષ્ટ્ર રાજ્યના બોરીવલી ખાતે સતત દિન-૫ સુધી મજુરવેશ ધારણ કરી ખાનગીરાહે સતત વોચ રાખતા મજકુર આરોપી મોહન હમીર ગોહિલ મળી આવતા પકડી પાડી સ્થાનીક પોલીસની મદદ મેળવી હસ્તગત કરી મધ્યસ્થ જેલ, રાજકોટ ખાતે સોપી આપવામા આવેલ છે. હસ્તગત કરેલ આરોપી:- મોહન હમીર ગોહિલ રહે. રહે. બિલખા રોડ, રાજીવ નગર સોસાયટી, ટેલીફોન એક્ષચેન્જની બાજુમાં, જૂનાગઢ હાલ રહે. બોરીવલી રેલ્વે સ્ટશેન, મહારાષ્ટ્ર

આરોપીનો ગુન્હાહિત ઈતિહાસ:-

(૧) જૂનાગઢ સીટી પો.સ્ટે. ગુ.ર.ન.ફ. ૨૧૮/૧૯૯૨ ઈ.પી.કો.ક.૩૦૨, ૩૪ તથા બીપી.એક્ટ ક. ૧૩૫ મુજબ મરણજનાર રમેશ રૂડાને મોહન હમીર ગોહિલ સાથે અગાઉ તકરાર થયેલ હોય જે મનદુઃખના કારણે મોહન હમીર ગોહિલ તથા તેના સાગરીતોએ એકસંપ થઈ જીવલેણ હથિયારથી માર મારી હાથ-પગ તથા માથામાં ગંભીર પ્રકારની ઈજા કરી મોત નીપજાવેલ.

(૨) જૂનાગઢ સીટી પો.સ્ટે. ગુ.ર.નં.ફ. ૧૮૮/૧૯૯૪ ઈ.પી.કો.ક. ૩૦૨, ૧૧૪ તથા બીપી.એક્ટ ક. ૧૩૫ મરણજનાર નાનજી કુંભાને મકાનનો પ્લોટ ખાલી કરવા બાબતમાં મોહન હમીર ગોહિલ તથા તેના સાગરીતો સાથે મનદુઃખ થતા મોહન હમીર ગોહિલ તથા તેના સાગરીતોએ ધારદાર હથિયારો વડે માર મારી ગંભીર જીવલેણ ઈજાઓ કરી મોત નીપજાવેલ. (૩) કેશોદ પો.સ્ટે. ગુ.ર. નં.ફ.૧૮૭/૧૯૯૫ ઈ.પી.કો.ક.૩૦૩, ૩૦૨, ૧૧૪, તથા બીપી.એક્ટ ક. ૧૩૫

નવીનભાઇ તથા તેમની પત્નિ ઉષાબેનને મોહન હમીર ગોહિલ તથા તેના સાગરીતોએ ઘરમાં ચોરી તથા લુંટ કરવાના ઈરાદે ગે.કા. અપપ્રવેશ કરી નવીનભાઇને છરા વડે ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવી તથા ઉષાબેનને છરા વડે ઈજા કરી નાશી ગયેલ. (૪) એ ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં.ફ.૧૫૪/૨૦૦૫ ઈ.પી. કો.ક.૩૦૨, ૪૫૨ મુજબ

મરણજનાર મુંધીબેનના પતિ પાસે મોહન હમીર ગોહિલ ઉછીના પૈસા અવાર-નવાર માંગતા પૈસા આપવાની ના પાડતા મોહન હમીર ગોહિલે ઘરમાં પ્રવેશ કરી તિક્ષ્ણ હથિયારથી મુંધીબેનને માર મારી મોત નીપજાવેલ. (૫) જૂનાગઢ તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં. ૭૯/૨૦૦૭ ઈ.પી.કો.ક.૩૦૨, ૩૭૬, ૩૯૪, ૧૧૪ મુજબ દાતાર પર્વત પર પ્રવાસી તરીકે આવેલ પરીવારની દિકરીને તથા તેની બહેનપણીને મોહન હમીર ગોહિલ તથા તેના સાગરીત દ્વારા બળજબરી પુર્વક દાતાર પર્વતની સીડી પરથી સીડીની બાજુમાં આવેલ જંગલ વિસ્તારમાં ઢસડી લઇ જઇ બળાત્કાર ગુજારી ખુન કરી નાશી ગયેલ.

(૬) રાજકોટ કુવાડવા પો.સ્ટે. ગુ.ર.નં.ફ.૮૨/૨૦૦૯ ઈ.પી. કો.ક.૩૭૬(ઝ), ૩૪૨, ૧૧૪ તથા એટ્રોસીટી એક્ટ ક. ૩(૧)(૧૦) મુજબમોહન હમીર ગોહિલ તથા તેના સાગરીતોએ ફરીયાદીની દિકરીનુ બાવળુ પકડી બળજબરીપુર્વક મોઢે મુંગો દઈ વોકળામાં લઈ જઈ મોહન હમીર ગોહિલ તથા તેના બે સાગરીતોએ વારાફરતી બળાત્કાર કરી ગુન્હો કરેલ. આરોપી મોહન હમીર ગોહિલ વિરૂધધમાં દાખલ થયેલ અન્ય ગુન્હાઓ:- (૭) જૂનાગઢ તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં. થર્ડ-૬૪/૧૯૯૪ પ્રોહી ક. ૬૬બી, ૬૫ડી,ઇ,એફ મુજબ(૮) બી ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં. થર્ડ-૬૪/૧૯૯૯ પ્રોહી ક. ૬૫ઇ, એફ, ડી, સી મુજબ (૯) બી ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં. થર્ડ-૨૫૩/૧૯૯૯ પ્રોહી ક. ૬૫બી, સી, ડી, એફ, ૮૧ મુજબ (૧૦) બી ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં. થર્ડ-૩૦૧/૧૯૯૯ પ્રોહી ક. ૬૬બી, ૬૫ઇ, બી, સી, ડી, એફ, ૮૧ મુજબ (૧૧) એ ડીવીઝન પો.સ્ટે. ગુ.ર. નં. ૯૭/૧૯૯૯ પ્રોહી ક. ૬૬બી, ૬૫ઇ, એફ, ૮૧ મુજબ(૧૨) બી ડીવીઝન પો.સ્ટે. ગુ.ર. નં. સે.૨૩/૨૦૦૦ બી.પી.એક્ટ ક.૧૩૫ મુજબ. આરોપી એમ.ઓ. મજકુર આરોપી ખુબ જ રીઢો ગુન્હેગાર હોય અને મજકુર ઈસમ વિરૂધ્ધમાં હાલ સુધીમાં કુલ-૧૨ ગુન્હાઓ નોંધાયેલ છે. જેમાં ૫-ખુન તથા બે કરેલ છે. તેમજ સને-૨૦૦૭ માં દાતાર પર્વત પર બનેલ અતિઘૃણાસ્પદ બનાવ કે જે ચાંદની કાંડ તરીકે સમગ્ર ભારતભરમાં ચર્ચાસ્પદ બનાવનો મુખ્ય આરોપી છે. જે ગુનો પણ મજકુર ઈસમ જામીન પર મુકત હતો. આ સિવાય પણ મજકુર ઈસમ સને-૧૯૯૪ માં ખુનના કેસમાંથી જામીન પર મુકત થતા મજકુર ઈસમ દ્વારા સને-૧૯૯૪ માં ફરી ખુન કરેલ અને જેલમાં ગયેલ હતો. ત્યારબાદ મજકુર ઈસમ ફરી જામીન મુકત થતા અને સને-૨૦૦૭ માં દાતાર કાંડના બનાવ બાદ ફરારી દરમ્યાન સને-૨૦૦૯ માં રાજકોટ જિલ્લાના કુવાડવા પો.સ્ટે. વિસ્તારમાં મજુરની દિકરી સાથે પોતે તથા તેના સાગરીતો સાથે મળી સામુહિક બળાત્કારનો ગુન્હો આચરેલ હતો. આ સિવાય પણ મજકુર ઈસમ જામીન મુકત હતો તે દરમ્યાન પ્રોહીબીશન ધારા હેઠળના ગુન્હાઓ નોંધાયેલ છે. આ અંગેની સફળ કામગીરી કરનારા પો.અધિકારીપો.કર્મચારી માં જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ.શ્રી કૃણાલ એમ.પટેલ તથા પો.સબ ઈન્સ. એસ.એ.સોલંકી તથા પેરોલ ફર્લો સ્કવોડના એ.એસ.આઈ. ઉમેશચંદ્ર વેગડા, પો.કોન્સ. દિપકકુમાર ચૌહાણ, દિનેશભાઈ છૈયા, રાજદિપસિંહ વાઘેલા, દિવ્યેશકુમાર ડાભી એ રીતેના પોલીસ સ્ટાફએ સાથે રહી કામગીરી કરેલ છે.

# વરસાદ ની ઋતુના ફળો

ઋતુ અનુસાર ફળ,ફ્રુટ,અનાજ,શાકભાજી નો ઉપયોગ કરવાથી શરીર તંદુરસ્ત રહે છે ને સ્વાસ્થ્ય ને લગતી સમસ્યા થતી નથી. ફ્લાવર,કોબી,લીલી ભાજીઓ, સંતરા,સફરજન,બાજરો,લીલોતરી શાક વગેરે શિયાળા માં ભરપૂર થાય છે એનો મતલબ એ કે આ ઠંડી ની ઋતુ માં જ ખવાય,કેમ? અન્ય ઋતુ માં આધુનિક ખેતી ની ટેકનોલજી અને રાસાયણિક ખાતર ના લીધે બધી ઋતુ માં અત્યારે જે ઈચ્છો એ મળી રહે છે. વર્તમાન સમય માં માણસ ના દિમાગે પ્રસન્ન કરેલ જીની ની કૃપાથી ઉનાળા ની ઋતુ ના કેરી,તરબૂચ,ટેટી વગેરે વગેરે ફળો બારેમાસ બજાર માં મળતા થઈ ગયા છે. આ વર્ષે ઉનાળુ ફેવરિટ ફ્રૂટ તરબૂચ થી લોકોના આરોગ્ય જોખમ માં મુકાયા હતા એની પાછળ નું મુખ્ય કારણ તરબૂચ ને વધારે મીઠા અને સાઈઝ માં વજનદાર બનાવવા માટે વેચનારા ના મગજ ની તરકીબ હતી. ફુડ & ડ્રગ ડિપાર્ટમેન્ટ ની બેદરકારી ના લીધે તરબૂચ ખાધા બાદ પેટ દર્દ ની સમસ્યા થી લઈને મૃત્યુ સુધી પહોંચી જવાની નોબત આવી છે. માણસ એ પોતાના સ્વાસ્થ્ય નું ધ્યાન પોતે જ રાખવું પડતું હોય છે આપણા ને તો કુદરત અવાર નવાર લાલ બતી દેખાડતી હોય છે પણ "સ્વાદ એ માણસ મરે" કહેવત ખોટી નથી પડી. વર્તમાન સમયની મુખ્ય સમસ્યા એ છે કે પૌષ્ટિકતા ને ધ્યાન માં રાખીને "ફરજિયાત" શબ્દ નામ શેષ થઈ ગયો છે.બાળકો થી લઈને યુવાનોની ભાવે કે ન ભાવે ખાસ ચોઈસ ને મહત્વ આપવામાં આવી રહ્યુ છે.ઋતુ પ્રમાણે ના ફળ,શાકભાજી ખાવા માં ખાસ રસ નથી હોતો

ચાલો જાણીએ ઋતુ અનુસાર ફળ ખાવાની આદત:

ઉનાળો ભરપૂર આગ વરસાવી ને એના ગંતવ્ય તરફ આગળ વધી ગયો છે ને ટૂંક સમયમાં અનરાધાર વરસાદ ની હેલીનો આપણે બધા આનંદ માણવા ના છીએ. ચોમાસા ની ઋતુ માં જાંબુ અને લીલી ખજૂર ની માફક આલુ બુખારા,દાડમ,પીચ વગેરે ફળો ની આવક બજાર માં જોવા મળશે.

ચોમાસુ ફળો ના ફાયદાઓ વિશે જાણીએ :

આલુ બુખારા: લાલ લાલ રસાળ ગોળ આકાર ની ખટ મધુરી આલુ બુખારા નજરે પડતા જ મન ખુશ થઈ જાય છે.આલુ બુખારા એ પ્લમ,રાસબરી વગેરે નામે થી પણ ઓળખાય છે. વિટામિન સી થી ભરપૂર અને પોટેશિયમ નો ઉતમ



- રુપાલી દવે

સ્ત્રોત આલુ બુખારા એ ચોમાસા ની ઋતુ માં અમૃત સમાન માનવામાં આવે છે.સ્વાસ્થ્ય સંબંધિત ઘણી બધી સમસ્યા નો હલ માનવામાં આવે છે.ચોમાસા ની ઋતુ માં શ્વાસ,સ્કિન,આંખ,ગળા વગેરે માં એલર્જી ની સમસ્યા વધારે થતી જોવા મળે છે.વરસાદ માં વધારે સમય પલાળવા થી હેર ફોલ ની સમસ્યા પણ થતી હોય છે. ચોમાસા ની ઋતુ માં સ્કિન માં લાલ કલર ના રેશીશ, ફોડલી થી લઈને ગડ ગુમડા એ સ્કિન એલર્જી ને કારણે જ થાય છે.

ફાયદાઓ :

૧ આલુ બુખારા માં આયર્ન નું પ્રમાણ ભરપૂર માત્રા મા હોવાના લીધે ચોમાસા ની ઋતુ માં એલર્જી ના લીધે વાળ ખરવાની સમસ્યા સતાવતી નથી. રક્ત પરિભ્રમણ માં સુધારો થતો હોવાના લીધે વાળ વધવાની સાથે તંદુરસ્ત ઘટ્ટ બને છે.

૨ આલુ બુખારા માં ભરપૂર માત્રામાં ફાઈબર ની સાથે આઈસીટીન અને સોર્બિટોલ નામના તત્વ હોવાના લીધે આંતરડા સ્વસ્થ અને તંદુરસ્ત રહે છે. કબજિયાત નામક દર્દ નાક રોગ થી આલુ બુખારા નું સેવન રક્ષણ આપે છે.ચયાપચય ની પ્રક્રિયા ને ઝડપી બનાવવા સાથે શરીર માંથી ઝેરી તત્વો ને બહાર કાઢી ને વજન ઘટાડવા માં મદદરૂપ થાય છે.

૩ આલુ બુખારા માં ઉપલબ્ધ બીટા કેરોટિન નામક તત્વ એ કેન્સર ના કોષો ને આગળ વધવા દેતા નથી જેના કારણે સ્તન કેન્સર સામે રક્ષણ મળે છે.

૪ વર્તમાન સમય માં યુવાનો માં "સ્ટ્રેસ" નામનો રોગ સામન્ય બનતો જાય છે આલુ બુખારા માં ઉપલબ્ધ ક્લોરોજેનિક એસિડ અને અન્ય ગુણધર્મો ઉપલબ્ધ હોવાના કારણે સ્ટ્રેસ પર કાબુ મેળવી શકાય છે.

૫ ચોમાસા ની ઋતુ ના બેત્રણ મહિના માર્કેટ માં સરળતા થી મળી રહેતી આલુ બુખારા ઉર્ફ રાસબરી ઉર્ફ પ્લમ ત્વચા ને ડાઘ ડૂધી વગરની એકદમ સ્વસ્થ,કરચલી વગરની યુવાન રાખવામાં મદદ રૂપ થાય છે.

મારું તો માનવું છે કે ચોમાસું ફળ આલુ બુખારા ઉર્ફ રાસબરી ઉર્ફ પ્લમ ના રસ માંથી કશુંય બનાવવા માટે ખાંડ વગેરે ભેળવવા કરતા એને રિયલ ફ્રૂટ સ્વરૂપે ખાશો તો એમાં ઉપલબ્ધ તત્વો નો લાભ તુરંત મળશે.

પીચ :

ચોમાસા ની ઋતુ માં પીચ બજાર માં વધારે જોવા મળે છે જૂન જુલાઈ માસ માં તાજા,રસદાર અને સ્વાદિષ્ટ પીચ બજાર માં ભરપૂર જોવા મળે છે.ભારત માં ઉત્તરાખંડ,જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશ ની પહાડીઓ માં ઉગતા ફળ પીચ ના ગેરફાયદા નહિવત છે પણ ફાયદાઓ પુષ્કળ છે. પીચ ને સામન્ય ફળ માનવાની ભૂલ ન કરતા આ ફળ એ અનેક રોગો નો રામબાણ ઈલાજ છે. માત્ર ચોમાસા ના બેત્રણ માસ બજાર માં દેખતા ફળ પીચ નો ઉનાળા માં આવતા ફળ કેરી ની માફક નિયમિત ઉપયોગ કરવાનું રાખશો તો અનેક શારીરિક સમસ્યાઓ દૂર થઈ શકે છે.

ફાયદાઓ :

૧ પીચ માં ઉપલબ્ધ એન્ટી ઓક્સિડન્ટ એ આંખો નું રક્ષણ કરે છે જેના લીધે ચોમાસા માં થતા આંખો ની એલર્જી ને લગતા રોગ અખિયાં મિલા કે મતલબ આંખ લાલ થવી,આંખ માંથી પાણી વહેવા વગેરે સામે રક્ષણ મળે છે.

૨ પીચ માં ઉપલબ્ધ પોટેશિયમ એ હદય ને સ્વસ્થ અને મજબૂત રાખવામાં મદદરૂપ થાય છે.

૩ ચોમાસા ની ઋતુ માં ભૂખ ખૂબ લાગે છે એની સામે જનજીવન સ્થિર થઈ જતા મોટા ભાગ ના લોકોનું જીવન બેઠાડુ બની જતું હોય છે જેને લીધે જેના કારણે અપચા થી લઈને પેટમાં દુખાવવા વગેરે સમસ્યામાં થતી હોય છે. પીચ માં ઉપલબ્ધ ભરપૂર માત્રા મા ફાઈબર એ ચયાપચય ની પ્રક્રિયા ને ઝડપી બનાવે છે જેના કારણે ખાધેલ ખોરાક જલ્દી પચી જાય છે.

૪ સ્કિન ટોન સુધરવા માંગતા હો તો એન્ટી ઓક્સિડન્ટ થી ભરપુર અને A, E,C વિટામિન્સ ધરાવતા ઠંડા પ્રદેશની પહાડી ઓ માં ઊગતા ફળ પીચનો ઉપયોગ ચોમાસા ની ઋતુ માં કરવો જોઈએ.

૫ પીચ ના ફૂલો નો રસ ત્વચા પર લગાવવાથી ડાઘ ડૂધી થી લઈને સન ટેન દૂર થઈ જાય છે.

૬ જેને અનિદ્રા ની સમસ્યા થતી હોય એમણે મેંગેનીઝ તત્વ ધરાવતા પીચનો ઉપયોગ કરવો જોઈએ.

૭ હાઈ બ્લડ પ્રેશર અને હેવી કેલેસ્ટ્રોલ ને પીચ કન્ટ્રોલ માં રાખીને હાર્ટ એટેક નો હુમલો ટાળે છે

ચોમાસા ની ઔષધિ ગણાતા ફળ "પીચ ના રસ " માંથી રેસિપીઓ તો ઘણી બનાવી શકાય.માર્કેટ માં પણ પીચ નું શરબત,જ્યૂસ અને અન્ય વાનગી સ્વરૂપે પણ મળી રહે છે.ફળફળાદી શબ્દ નો અર્થ "ફળ" સ્વરૂપે જ ઉદભોગ કરવો એવો થાય છે. ફળ ની રેસિપી ઓ માં ખાંડ નો ઉપયોગ વધારે થતો હોવાથી આ રેસિપી જીભ ના ટેસ્ટ માટે બરાબર છે પણ અંતે એનાથી શરીર ને નુકશાન થાય છે,કેમ? ફળો માંથી રેસિપી ઓ બનાવતી વખતે ફળ માં ઉપલબ્ધ પોષક તત્વો નાશ પામતા હોય છે.આ કારણોસર મારું તો માનવું છે કે ખાટું,મીઠું કે તૂરું ફળ ને સીધે સીધું ખાવાનું રાખો.

# જેનિફર વિંગેટના બીજા લગ્નની ચર્ચાએ જોર પકડ્યું

## સિંગાપોરના બિઝનેસમેન વિલિયમને ડેટ કરી છે એક્ટ્રેસ; ક્રિશ્ચિયન રીતિ-રિવાજ મુજબ થશે વિધિ



મુંબઈ : ટીવી એક્ટ્રેસ જેનિફર વિંગેટ ટૂંક સમયમાં બીજા લગ્ન કરી શકે છે. તે સિંગાપોરના બિઝનેસમેન વિલિયમ ઇશ્માઇલ સાથે રિલેશનશિપમાં છે. હિન્દુસ્તાન ટાઇમ્સના રિપોર્ટ અનુસાર, વિલિયમે એક હોલિડે દરમિયાન જેનિફરને પ્રપોઝ કર્યું હતું, જેના માટે તેણે પોતાની સંમતિ આપી દીધી છે. જોકે, જેનિફર કે વિલિયમ તરફથી હજુ સુધી આ મામલે કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી.

**ઇન્સ્ટાગ્રામ એક્ટિવિટીથી શરૂ થઈ ચર્ચા** જેનિફરના લગ્નની ચર્ચા ત્યારે શરૂ થઈ જ્યારે ચાહકોએ ઇન્સ્ટાગ્રામ પર તેની કેટલીક એક્ટિવિટી નોટિસ કરી. જેનિફરે સોશિયલ મીડિયા પર લગ્નના એક ડાન્સ રીલ વીડિયો પર રિએક્ટ કર્યું હતું. આ પછી ચાહકોએ જોયું કે તેણે ઇન્સ્ટાગ્રામ પર લગ્ન સંબંધિત ઘણા પેજને ફોલો કરવાનું શરૂ કરી દીધું છે. આ એક્ટિવિટી પછીથી જ સોશિયલ મીડિયા પર તેના લગ્નને લઈને અટકળો લગાવવામાં આવી રહી છે.

**ખ્રિસ્તી રીતિ-રિવાજ પ્રમાણે થઈ શકે છે લગ્ન** જેનિફર અને વિલિયમ એકસાથે ખૂબ ખુશ છે. વિલિયમના પ્રપોઝલ પછી જેનિફરે લગ્નની તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. તેઓ વેડિંગ વેન્ડર્સને શોર્ટલિસ્ટ કરી રહી છે અને તેમણે એક મૂડ બોર્ડ પણ તૈયાર કર્યું છે. બંને ખ્રિસ્તી રીતિ-રિવાજ પ્રમાણે લગ્ન કરવાનું પ્લાનિંગ કરી રહ્યા છે. લગ્ન માટે આ વર્ષે સપ્ટેમ્બર-ઓક્ટોબર અથવા ડિસેમ્બર-જાન્યુઆરીનો સમય નક્કી કરી શકાય છે.

**નજીકના મિત્રોને લગ્નની જાણકારી છે** રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે જેનિફર અને વિલિયમ હજુ લગ્ન માટે સ્થળ (વેન્યુ) શોધી રહ્યા છે. જેનિફરના નજીકના મિત્રોને આ વાતની સંપૂર્ણ જાણકારી છે. તેના ટીવી અને ફિલ્મ ઇન્ડસ્ટ્રીના મિત્રો જેવા કે હરલીન સેઠી અને જેનેલિયા દેશમુખ પણ આ પ્લાનિંગ વિશે જાણે છે. તાજેતરમાં જેનિફરનું નામ તેના કો-સ્ટાર કરણ વાહી સાથે પણ જોડવામાં આવ્યું હતું, પરંતુ કરણે આ સમાચારોને સંપૂર્ણપણે ખોટા અને ફેક ગણાવ્યા હતા.

**કરણ સિંહ ગ્રોવર સાથે થયા હતા પહેલા લગ્ન** જેનિફર વિંગેટના પહેલા લગ્ન એક્ટર કરણ સિંહ ગ્રોવર સાથે થયા હતા. બંનેની મુલાકાત ટીવી સીરિયલ 'દિલ મિલ ગયે'ના સેટ પર થઈ હતી. ત્યારબાદ એપ્રિલ 2012માં બંનેએ લગ્ન કરી લીધા, પરંતુ આ સંબંધ લાંબો ટક્યો નહીં અને વર્ષ 2014માં તેમના છૂટાછેડા થઈ ગયા. ત્યારબાદ કરણ સિંહ ગ્રોવરે વર્ષ 2016માં ફિલ્મ 'અલોન'માં સાથે કામ કર્યા પછી એક્ટ્રેસ બિપાશા બાસુ સાથે લગ્ન કરી લીધા હતા.

# જાવેદ જાફરીની પત્ની પાસેથી ₹16 કરોડની છેતરપિંડી

## કેસમાં BMC અધિકારી સસ્પેન્ડ, ક્રાઈમ બ્રાન્ચે તપાસ હાથ ધરી




મુંબઈ : બોલિવૂડ એક્ટર જાવેદ જાફરીના પરિવાર સાથે સંકળાયેલ નાણાકીય છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. તેની પત્ની હબીબા જાફરીએ આરોપ લગાવ્યો છે કે તેની સાથે લગભગ 16.24 કરોડ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે. મામલાની ગંભીરતાને જોતા તપાસ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી છે. આ કેસમાં નામ સામે આવ્યા બાદ બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (BMC)ના એક અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.

ઈન્ડિયા ટુડેના રિપોર્ટ અનુસાર, હબીબા જાફરીએ ફરિયાદમાં આરોપ લગાવ્યો છે કે તેમને રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ અને રોકાણ પર ભારે નફાનું લાલચ આપીને કરોડો રૂપિયાનું રોકાણ કરવા માટે રાજી કરવામાં આવ્યા હતા. તેને વિશ્વાસ અપાવવામાં આવ્યો હતો કે રોકાણની રકમ પર આકર્ષક વળતર મળશે અને પ્રોજેક્ટ્સથી મોટો આર્થિક ફાયદો થશે. જોકે, બાદમાં ન તો વચન આપેલું વળતર મળ્યું અને ન તો મૂળ રકમ પાછી મળી. આ પછી મામલો પોલીસ સુધી પહોંચ્યો.

ફરિયાદ નોંધાયા બાદ તપાસ એજન્સીઓએ મામલાની તપાસ શરૂ કરી. પ્રારંભિક તપાસમાં કેટલાક તથ્યો સામે આવ્યા, ત્યારબાદ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને તપાસની જવાબદારી સોંપવામાં આવી. તપાસ એજન્સીઓ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે કથિત છેતરપિંડીનું નેટવર્ક શું હતું, તેમાં કેટલા લોકો સામેલ હતા અને રોકાણકારો પાસેથી એકત્ર કરાયેલી રકમ ક્યાં ગઈ.

# સ્ટ્રીટ ડોગના મૃત્યુ પર રડી પડી મંજરી ફડનીસ

## એક્ટ્રેસે શ્વાનની માર મારીને હત્યાનો દાવો કર્યો ને ન્યાયની માંગ કરી



મુંબઈ : એક્ટ્રેસ મંજરી ફડનીસે એક સ્ટ્રીટ ડોગને કથિત રીતે માર મારીને હત્યા કરવાના મામલે ઊંડો શોક વ્યક્ત કર્યો છે. માયકીની સંભાળ મંજરી અને તેમની સોસાયટીના અન્ય રહેવાસીઓ છેલ્લા સાત વર્ષથી રાખી રહ્યા હતા.

મંજરીએ સોશિયલ મીડિયા પર એક ભાવુક વીડિયો શેર કરીને જણાવ્યું કે માયકી નામનો લાંબા વાળવાળો સ્ટ્રીટ ડોગ હતો, જેને તેના પરિવારે છોડી દીધો હતો. તે 2019-20થી સોસાયટીમાં રહી રહ્યો હતો. થોડા સમય પહેલા તેના અચાનક ગુમ થયા બાદ રહેવાસીઓ તેની શોધખોળમાં લાગી ગયા હતા.

તેણે જણાવ્યું કે માયકીને શોધવા માટે પોસ્ટર લગાવવામાં આવ્યા, સુરક્ષા ગાર્ડ અને સ્ટાફની પૂછપરછ કરવામાં આવી, પરંતુ તેનો કોઈ પત્તો લાગી શક્યો નહીં.

મંજરી અનુસાર, બાદમાં એક વ્યક્તિએ કથિત રીતે સ્વીકાર્યું કે માયકી પર તે સમયે હુમલો કરવામાં આવ્યો જ્યારે તે બિલ્ડિંગના બેઝમેન્ટ વિસ્તાર પાસે સૂઈ રહ્યો હતો. એક્ટ્રેસે આરોપ લગાવ્યો કે તેના માથા પર કોઈ મોટા લાકડા કે લોખંડના સળિયાથી હુમલો કરવામાં આવ્યો, ત્યારબાદ તેને સીડીઓ પાસે ઘસડીને વધુ મારવામાં આવ્યો. તેણે એવો પણ દાવો કર્યો કે ઘાયલ ડોગને બાદમાં એક કોથળામાં નાખીને બિલ્ડિંગની પાછળ આવેલા ખાડી વિસ્તારમાં ફેંકી દેવામાં આવ્યો. મંજરીએ કહ્યું કે હાલ તેના મૃતદેહની શોધખોળ ચાલી રહી છે.



# ₹119 કરોડના નવા ઘરમાં દેખાયા દીપિકા-રણવીર!

## બોલિવૂડની 'મસ્તાની'એ બેબી બમ્પ ફ્લોન્ટ કર્યું; બીજા બાળકના જન્મ બાદ શિફ્ટ થવાનું પ્લાનિંગ

મુંબઈ : સોમવારે દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ મુંબઈના બાંદ્રા વેસ્ટ સ્થિત તેના દરિયા કિનારે બનેલા નવા ક્વાડ્રુપ્લેક્સ ઘરની બાલ્કનીમાં જોવા મળ્યા હતા. બંને ઘરના ઇન્ટિરિયરનું કામ જોવા માટે પહોંચ્યા હતા. જે તસવીરો અને વીડિયો સામે આવ્યા, તેમાં દીપિકા સફેદ કો-ઓર્ડ આઉટફિટમાં દેખાઈ, જ્યારે રણવીરે લાલ ટી-શર્ટ, કાળી પેન્ટ અને બ્લેક કેપ પહેરી હતી. ત્યાં જ હાલમાં બીજી વાર પ્રેગ્નન્ટ દીપિકા બેબી બમ્પ ફ્લોન્ટ કરતી પણ જોવા મળી હતી.

સમાચારો અનુસાર, બીજા બાળકના જન્મ પછી કપલ નવા આલીશાન ઘરમાં શિફ્ટ થઈ શકે છે. દરિયા સામે બનેલો આ લક્ઝરી ક્વાડ્રુપ્લેક્સ એપાર્ટમેન્ટ ઘણો મોટો અને શાનદાર જણાવવામાં આવી રહ્યો છે.

દીપિકા પાદુકોણે 19 એપ્રિલે તેની બીજી પ્રેગ્નન્સીની જાહેરાત કરી હતી. દીપિકા અને રણવીરના ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પર તેની દીકરી દુઆની એક તસવીર શેર કરવામાં આવી હતી, જેમાં દીકરીએ એક પ્રેગ્નન્સી ટેસ્ટ કિટ પકડી હતી, જે પોઝિટિવ રિઝલ્ટ બતાવી રહી છે. તસવીરમાં રણવીર દીકરીને ખોળામાં લઈને બેઠો છે, જોકે તેનો ચહેરો દેખાઈ રહ્યો ન હતો. જ્યારે, તસવીરમાં દુઆનો અડધો ચહેરો દેખાઈ રહ્યો હતો. દીપિકા અને રણવીરે 8 સપ્ટેમ્બર 2024ના રોજ તેની દીકરી દુઆના જન્મની જાણકારી આપી હતી. તે સમયે તેણે લખ્યું હતું, 'વેલકમ બેબી ગર્લ. 8-9-2024. દીપિકા અને રણવીર.'

આ પહેલા ફેબ્રુઆરી 2024માં દીપિકાએ પ્રેગ્નન્સીની જાહેરાત કરી હતી. બંનેની લવ સ્ટોરી 2013માં ફિલ્મ 'ગોલિયોં કી રાસલીલા રામ-લીલા'ના સેટ પરથી શરૂ થઈ હતી. ઘણા વર્ષો સુધી રિલેશનશિપમાં રહ્યા બાદ બંનેએ 2018માં ઇટાલીમાં લગ્ન કર્યા હતા. કપલના વર્કફ્રન્ટની વાત કરીએ તો, રણવીર તાજેતરમાં ફિલ્મ ધુરંધર અને ધુરંધર 2માં જોવા મળ્યા હતા. બંને ફિલ્મો બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ હતી. 'ધુરંધર'ના પહેલા પાર્ટે દુનિયાભરમાં 1307 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો, જ્યારે તેની સિક્વલને પણ દર્શકોનો શાનદાર પ્રતિસાદ મળ્યો હતો. 'ધુરંધર 2' એ બોક્સ ઓફિસ પર શાનદાર કમાણી કરીને ભારતમાં બીજી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બનવાનો રેકોર્ડ બનાવ્યો.

# ગુજરાતના અમીર પરિવારની દીકરી અમિષાની અજાણી વાતો



મુંબઈ : 9 જૂન 1975ના રોજ અમિષા પટેલનો જન્મ ગુજરાતના અમીર બિઝનેસમેન અમિત પટેલ અને પંજાબી NRI માતા આશાના ઘરે થયો. માતા અને પિતાનું નામ જોડીને તેમને અમિષા નામ આપવામાં આવ્યું. 5 વર્ષની ઉંમરે તેને ભરતનાટ્યમની ટ્રેનિંગ અપાવવામાં આવી. તેના દાદાજી રજની પટેલ પ્રખ્યાત બેરિસ્ટર અને કોંગ્રેસના મોટા રાજનેતા હતા. તેમના નામ પર 1986માં મુંબઈના એક રોડનું નામ બેરિસ્ટર રજની પટેલ માર્ગ રાખવામાં આવ્યું છે. મનીષ પોલના પોડકાસ્ટમાં અમિષાએ જણાવ્યું હતું કે તેના દાદાજી મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પણ બનવાના હતા. તેઓ ઇન્દિરા ગાંધીના નજીકના હતા. ઇન્દિરા ગાંધી, અમિષા પટેલના પેરેન્ટ્સના લગ્નમાં પણ પહોંચ્યા હતા. તેમણે પોતે લગ્ન એવી ડેટ પર રખાવ્યા, જે દિવસે તેઓ કામમાં વ્યસ્ત ન હોય અને લગ્ન એટેન્ડ કરી શકે. ત્યાં સુધી કે જ્યારે અમિષાનો જન્મ થયો, ઇન્દિરા ગાંધી તે પહેલી વ્યક્તિ હતા, જે હોસ્પિટલ પહોંચ્યા હતા. 16 વર્ષની ઉંમરે અમિષા પોતાના પિતા સાથે સહેલીના સંગીતમાં પહોંચી હતી. ત્યાં પિતા સાથે બોર્ડિંગ સ્કૂલમાં ભણી ચૂકેલા બાળપણના મિત્ર રાકેશ રોશન પણ પહોંચ્યા હતા. જ્યારે અમિષાએ બિંદાસ અંદાજમાં ડાન્સ કરવાનું શરૂ કર્યું તો રાકેશ રોશનની તેના પર નજર પડી ગઈ. તે સીધા તેમના પિતા પાસે પહોંચ્યા અને પૂછ્યું- આ કોણ છે? ગર્લફ્રેન્ડ? જવાબ મળ્યો- ના રાકેશ, આ મારી દીકરી છે અમિષા. હમણાં જ બોસ્ટનથી ભણીને પરત ફરી છે. રાકેશે તેમને કહ્યું- જ્યારે હું મારા દીકરા હૃતિકને લોન્ચ કરીશ, તો તારી દીકરીને હિરોઈન બનાવીશ. પિતાએ કહ્યું- ના, તે તો ભણવા માટે બોસ્ટન જઈ રહી છે. ફિલ્મોમાં કામ કરવાનો તો સવાલ જ નથી ઉઠતો.



## બોલિવૂડ એક્ટ્રેસ અને ભાજપ સાંસદ કંગના રનૌતે પણ ખૂબ વખાણ કર્યા

# વૈભવ સૂર્યવંશી પર કંગના ફિદા, કહ્યું -'વર્લ્ડ કપ લઈને આવો'

મુંબઈ : ભારતીય ક્રિકેટર વૈભવ સૂર્યવંશીને ભારતીય ક્રિકેટ ટીમમાં પસંદગી થયા બાદ દુનિયાભરમાંથી પ્રશંસા મળી રહી છે. હવે બોલિવૂડ એક્ટ્રેસ અને ભાજપ સાંસદ કંગના રનૌતે પણ ખૂબ વખાણ કર્યા. તેણે વૈભવ પાસે વર્લ્ડ કપની ડિમાન્ડ કરી. કંગનાએ કહ્યું કે, 'મારી પાસે ક્રિકેટ જોવાનો સમય નથી હોતો, પરંતુ હું ક્રિકેટમાં આ યુવાનને શુભેચ્છાઓ આપું છું. તે પણ સચિન અને વિરાટની જેમ સારું પ્રદર્શન કરે. તેના પર દબાણ નથી, પણ વર્લ્ડ કપ લઈને આવો યાર.'

બીજી તરફ, પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ ભારત માટે ડેબ્યૂની તૈયારી કરી રહેલા સ્ટાર યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી વિશે કહ્યું કે, 'મારું માનવું છે કે આપણે તેને તેના હાલ પર છોડી દેવો જોઈએ. તે હજુ માત્ર 15 વર્ષનો છે અને મને નથી લાગતું કે તે દબાણની વધુ પરવા કરશે. આઈપીએલમાં પણ આપણે આ જ જોયું છે.'

ગાંગુલીએ આગળ કહ્યું કે, 'ચોક્કસપણે ભારત માટે રમવું એ અલગ વાત છે. તે એવી ટૂર પર જશે, જ્યાં વિકેટ થોડી અલગ હશે. ત્યાં બોલ વધુ હલચલ કરશે, ઉછાળ વધુ હશે અને નવા બોલથી વધુ મૂવમેન્ટ મળશે. તેથી રમત થોડી અલગ હશે, પરંતુ મને લાગે છે કે તેનામાં અપાર પ્રતિભા છે. તેથી તેને સમય આપો.

# 'ક્રિશ 4' બંધ થવાના સમાચારો પર રાકેશ રોશનનો જવાબ

## 'ફિલ્મને લઈને કોઈ સમસ્યા નથી, હૃતિકે ક્યારેય ₹500 કરોડની માંગ કરી નથી'

મુંબઈ : બોલિવૂડના ચર્ચિત પ્રોજેક્ટ્સમાં સામેલ 'ક્રિશ 4' ફરી એકવાર ચર્ચામાં છે. છેલ્લા કેટલાક મહિનાઓથી સમાચાર હતા કે ફિલ્મના બજેટ અને નિર્માણને લઈને હૃતિક રોશન અને યશરાજ ફિલ્મ્સ (YRF) વચ્ચે મતભેદ ચાલી રહ્યો છે. કેટલાક રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો કે હૃતિક પોતાની ડિરેક્ટોરિયલ ડેબ્યૂ ફિલ્મ 'ક્રિશ 4' માટે લગભગ 500 કરોડ રૂપિયાનું બજેટ ઇચ્છે છે, જ્યારે આદિત્ય ચોપરા તેને 350 કરોડ રૂપિયાની અંદર રાખવા માંગે છે.

હવે આ અટકળો પર ફિલ્મમેકર રાકેશ રોશને પ્રતિક્રિયા આપી છે. તેણે કહ્યું કે હૃતિક દ્વારા 500 કરોડ રૂપિયાની માંગણી કરવામાં આવી હોવાના સમાચાર સંપૂર્ણપણે ખોટા છે.

### ફિલ્મ બંધ નથી થઈ, યોગ્ય સમયની રાહ

રાકેશ રોશને સ્પષ્ટ કર્યું કે ફિલ્મ કોઈ વિવાદ કે મતભેદને કારણે અટકી નથી. તેમણે કહ્યું કે 'ક્રિશ 4' પર કામ ચાલુ છે અને ફિલ્મને લઈને કોઈ સમસ્યા નથી. તેમના મતે, હાલમાં હૃતિક પોતાની બીજી પ્રોફેશનલ કમિટમેન્ટ્સ અને પ્રોડક્શન હાઉસના કામમાં વ્યસ્ત છે. તેથી તારીખોને લઈને રાહ જોવી પડી રહી છે. તેણે કહ્યું કે તેના, હૃતિક અને આદિત્ય ચોપરા વચ્ચે કોઈ પ્રકારનો વિવાદ નથી. સોશિયલ મીડિયા અને કેટલીક રિપોર્ટ્સમાં કહેવાઈ રહેલી વાતોમાં સચ્ચાઈ નથી. આ વર્ષની શરૂઆતમાં ઘણા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો કે 'ક્રિશ 4'નું નિર્માણ બજેટને લઈને અટવાઈ ગયું છે. કહેવામાં આવ્યું હતું કે હૃતિક ફિલ્મને ઇન્ટરનેશનલ સુપરહીરો ફિલ્મોના સ્તર પર બનાવવા માંગે છે, જેના માટે લગભગ 500 કરોડ રૂપિયાની જરૂર પડશે.

### રાકેશ રોશનએ કહ્યું- આવી વાતો સંપૂર્ણપણે બકવાસ છે

મિડ-ડેને આપેલા ઇન્ટરવ્યુમાં રાકેશ રોશને કહ્યું કે એ કહેવું ખોટું છે કે હૃતિકે ફિલ્મ માટે 500 કરોડ રૂપિયાનું બજેટ માંગ્યું છે. તેણે આ સમાચારોને "નોનસેન્સ" એટલે કે બકવાસ ગણાવ્યા. રાકેશના મતે, મોટી અને દર્શકોની અપેક્ષાઓ પર ખરી ઉતરતી ફિલ્મ બનાવવામાં સમય લાગે છે. 'ક્રિશ' ફ્રેન્ચાઇઝીની દરેક ફિલ્મને તૈયાર કરવામાં પણ પૂરતો સમય લેવામાં આવ્યો હતો.

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

નારંગ ફાઉન્ડેશનમાં ખાસ તાલીમ પૂર્ણ

# ઈન્ડોનેશિયન શૂટિંગ ટીમની ભારતમાં તાલીમ પૂર્ણ



(એજન્સી) નવી દિલ્હી । તા. 09

ભારત હવે વિશ્વભરના ખેલાડીઓ માટે શ્રેષ્ઠ રમતગમત તાલીમનું મુખ્ય ગંતવ્ય બની રહ્યું છે. તાજેતરમાં, ઈન્ડોનેશિયાની ૧૬ સભ્યોની શૂટિંગ ટીમ અને તેમના બે કોચની ટીમે ભારતના ગગન નારંગ સ્પોર્ટ્સ પ્રમોશન ફાઉન્ડેશન (GNSPF) ના પુણે અને હૈદરાબાદ સ્થિત કેન્દ્રો ખાતે ત્રણ મહિનાનો સઘન તાલીમ કેમ્પ પૂર્ણ કર્યો છે.

૧૫ ફેબ્રુઆરીથી ૧૫ મે ૨૦૨૬ સુધી ચાલેલા આ તાલીમ કેમ્પમાં લંડન ૨૦૧૨ અને ટોક્યો ૨૦૨૦ ઓલિમ્પિકમાં ભાગ લઈ ચૂકેલા ડાયઝ કુસુમાવરદાની અને વિદ્યા રફિકા રહમત્તન તોયીબા જેવા અનુભવી શૂટર્સ સામેલ હતા. આ ટીમ આગામી એશિયન ગેમ્સ આઈચી-નાગોયા ૨૦૨૬ માટે તૈયારી કરી રહી છે. ભારતમાં રોકાણ દરમિયાન, ઈન્ડોનેશિયન શૂટર્સે ભારતીય ખેલાડીઓ સાથે ખભે-ખભા મિલાવીને તાલીમ લીધી હતી. તેમને વર્લ્ડ-ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્પોર્ટ્સ સાયન્સ સપોર્ટ અને આધુનિક 'સ્કેટ' સિસ્ટમ જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરવાની તક મળી હતી. ઈન્ડોનેશિયન ટીમે તાલીમની સાથે ભારતની પ્રતિષ્ઠિત 'ખેલો ઈન્ડિયા શૂટિંગ ચેમ્પિયનશિપ' (કુમાર સુરેન્દ્ર સિંહ મેમોરિયલ ચેમ્પિયનશિપ) માં પણ ભાગ લીધો હતો, જેણે તેમને ભારતીય ખેલાડીઓ સામે સ્પર્ધાત્મક અનુભવ મેળવવામાં મોટી મદદ કરી હતી.

# પિકલબોલ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની પસંદગી

મુંબઈ | આગામી ૩૦ ઓગસ્ટથી ૬ સપ્ટેમ્બર દરમિયાન વિયેતનામના દા નાંગ ખાતે યોજાનારા 'પિકલબોલ વર્લ્ડ કપ ૨૦૨૬' માટે ભારતીય પિકલબોલ એસોસિએશને (IPA) સત્તાવાર પસંદગી પ્રક્રિયાનો પ્રારંભ કર્યો છે. આ વખતે એસોસિએશન અત્યાર સુધીની સૌથી મજબૂત ભારતીય ટીમ મેદાનમાં ઉતારવાની તૈયારી કરી રહ્યું છે, જેમાં ઓપન, ૫૦+, ૬૦+ અને જુનિયર તમામ કેટેગરીના ખેલાડીઓને તક આપવામાં આવશે. અમેરિકામાં યોજાયેલા અગાઉના વર્લ્ડ કપમાં ભારતીય ટીમે ૨૫ મેડલ (૮ ગોલ્ડ, ૮ સિલ્વર, ૯ બ્રોન્ઝ) જીતીને સાતમો ક્રમ પ્રાપ્ત કર્યો હતો, જે એશિયન દેશોમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન હતું. ભારતીય પિકલબોલ એસોસિએશનના પ્રમુખ સૂર્યવીર સિંહ ભુલ્લરે જણાવ્યું હતું કે, આ વખતે ભારત આ સ્તરને વધુ ઉંચુ લઈ જવા માટે કટિબદ્ધ છે. પસંદગી પ્રક્રિયામાં ખેલાડીઓના ભૂતકાળના પ્રદર્શન અને રાષ્ટ્રીય ચેમ્પિયનશિપના પરિણામોને મુખ્ય માપદંડ બનાવવામાં આવશે.

બિહારના ગોલકીપર સાવન કુમાર પર ગર્વ

# હોકી ચેમ્પિયન સાવન કુમારનું પટનામાં ભવ્ય સ્વાગત



પટના | જાપાનમાં તાજેતરમાં સંપન્ન થયેલી મેન્સ અંડર-૧૮ એશિયા કપ હોકી સ્પર્ધામાં ભારતને સુવર્ણચંદ્રક અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર ગોલકીપર સાવન કુમારનું મંગળવારે પટના એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ભારતની આ ઐતિહાસિક જીત બાદ વતનમાં પરત ફરેલા સાવન કુમારને બિહારના રમતગમત મંત્રી શ્રેયસી સિંહે આવકારીને સન્માનિત કર્યા હતા. ભારતીય પુરુષ હોકી ટીમે ૬ જૂનના રોજ કાકામિગાહારા ખાતે રમાયેલી ફાઈનલમાં યજમાન જાપાનને ૪-૧ થી પરાજય આપીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ ટાઈટલ ક્લેશમાં આશિષ તાની પુર્તીની હેટ્રિક અને કેપ્ટન કેતન કુશવાહાના ગોલની મદદથી ભારતે આ વર્ચસ્વ જમાવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં ભારતીય મહિલા ટીમે પણ શાનદાર પ્રદર્શન કરતા બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

## શ્રીલંકા-એ સામે વૈભવ ૧૪ રને આઉટ, ત્રિ-કોણીય શ્રેણીમાં ભારતની નબળી શરૂઆત

# આં.રા. ક્રિકેટમાં વૈભવ સૂર્યવંશી ફ્લોપ



(એજન્સી) કોલંબો । તા. 09

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૬માં ઓરેન્જ કેપ જીતીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડગ માંડનાર યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી માટે શ્રીલંકા પ્રવાસની શરૂઆત નિરાશાજનક રહી છે. આજે ૯ જૂનના રોજ ભારત-એ અને શ્રીલંકા-એ વચ્ચે રમાઈ રહેલી ત્રિ-કોણીય શ્રેણીની પ્રથમ મેચમાં વૈભવ સૂર્યવંશી મોટી ઈનિંગ રમવામાં નિષ્ફળ રહ્યો હતો. ભારતીય ટીમ માટે ઓપનિંગ કરવા આવેલા વૈભવને શ્રીલંકન બોલર મોહમ્મદ સિરાજે માત્ર ૧૪ રનના સ્કોર પર પેવેલિયન ભેગો કરી દીધો હતો.ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેનાર ટીમ ઈન્ડિયાને સારી શરૂઆતની અપેક્ષા હતી. પ્રભસિમરન સિંહ સાથે ઈનિંગની શરૂઆત કરનાર વૈભવે કેટલાક આકર્ષક શોટ્સ રમ્યા હતા, જેમાં ૩ ચોગ્ગાનો સમાવેશ થાય છે. જોકે, આંતરરાષ્ટ્રીય સ્તરના દબાણ સામે તે ટકી શક્યો ન હતો અને ૧૪ રનના વ્યક્તિગત સ્કોર પર આઉટ થતા ચાહકોમાં નિરાશા જોવા મળી હતી. આઈપીએલના ધમાકેદાર પ્રદર્શન બાદ વૈભવ પાસેથી મોટી ઈનિંગ્સની અપેક્ષા રાખવામાં આવી રહી હતી, પરંતુ પ્રથમ જ તબક્કે તેને ઝટકો લાગ્યો છે.

### તૈયારી માટે મહત્વપૂર્ણ શ્રેણી

આગામી ઈંગ્લૅન્ડ અને આયર્લૅન્ડ પ્રવાસ તેમજ એશિયન ગેમ્સ જેવી મોટી ટુર્નામેન્ટ માટે વૈભવની પસંદગી કરવામાં આવી છે. તેવામાં આ ત્રિ-કોણીય શ્રેણી તેના માટે પોતાની ક્ષમતા સાબિત કરવાની સુવર્ણ તક છે. જોકે, પ્રથમ મેચમાં તે સસ્તામાં આઉટ થયો હોવા છતાં, હજુ તેની પાસે પોતાનું ફોર્મ પાછું મેળવવા માટે ત્રણ મહત્વપૂર્ણ ઈનિંગ્સ બાકી છે. વૈભવના લિસ્ટ-એ કરિયર પર નજર કરીએ તો તે અત્યાર સુધી ૮ મેચમાં ૪૪.૧૨ની સરેરાશથી ૩૫૩ રન બનાવી ચૂક્યો છે, જે દર્શાવે છે કે તેનામાં કૌશલ્યનો અભાવ નથી, માત્ર આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓ સાથે અનુકૂલન સાધવાની જરૂર છે.

### શાનદાર સ્ટ્રાઈક રેટનું સત્ય

વૈભવ તેના તોફાની સ્ટ્રાઈક રેટ માટે જાણીતો છે. લિસ્ટ-એ કરિયરમાં તેનો સ્ટ્રાઈક રેટ ૧૬૫નો રહ્યો છે. તાજેતરમાં જ 'રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપ'માં ઈન્ડિયા-એ માટે રમતા તેણે માત્ર ૪૨ બોલમાં ૧૪૪ રનની વિસ્ફોટક ઈનિંગ રમીને વિશ્વભરના ક્રિકેટ જગતનું ધ્યાન ખેંચ્યું હતું. એક એવી ઈનિંગ જેણે ક્રિકેટના રેકોર્ડબુકમાં ઈતિહાસ રચી દીધો હતો. આથી જ, એક મેચની નિષ્ફળતા તેના પર શંકા કરવાનું કારણ નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે સ્થિરતા લાવવી તેના માટે હવે અનિવાર્ય છે.

ભારત-એ ટીમ માટે આ શ્રેણીમાં હવે મહત્વના મુકાબલા બાકી છે. ૧૧ જૂનના રોજ અફઘાનિસ્તાન-એ સામેનો મુકાબલો વૈભવ માટે કમબેક કરવાની શ્રેષ્ઠ તક હશે. ત્યારબાદ ૧૫ જૂને ફરી શ્રીલંકા-એ અને ૧૭ જૂને અફઘાનિસ્તાન સામે ભારતીય ટીમ ટકરાશે.

# રોહિત અને હાર્દિક અફઘાનિસ્તાન સામે રમશે, વન-ડે સીરિઝમાં સ્ટાર ખેલાડીઓની વાપસી



(એજન્સી) નવી દિલ્હી । તા. 09

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે રમાનારી ત્રણ મેચની વન-ડે સીરિઝ પહેલા ટીમ ઈન્ડિયા માટે સારા સમાચાર સામે આવ્યા છે. ભારતીય ક્રિકેટના સ્ટાર ખેલાડીઓ રોહિત શર્મા અને હાર્દિક પંડ્યા ફિટનેસ કસોટીમાં સફળતાપૂર્વક પાસ થયા છે, જેના કારણે તેમનું સીરિઝમાં રમવાનું નક્કી થઈ ગયું છે. મીડિયા અહેવાલ મુજબ, બંને ખેલાડીઓ ટૂંક સમયમાં જ રાષ્ટ્રીય ટીમ સાથે જોડાઈ જશે.

### ઈજામાંથી પરત ફર્યા રોહિત-હાર્દિક

રોહિત શર્મા અને હાર્દિક પંડ્યા ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ૨૦૨૬ દરમિયાન ઈજાગ્રસ્ત થયા હતા. મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમતા રોહિત શર્માને હેમસ્ટ્રિંગની સમસ્યા હતી, જ્યારે હાર્દિક પંડ્યા પીઠના સ્નાયુઓમાં ખેંચાણને કારણે આઈપીએલના અંતિમ તબક્કામાંથી બહાર થઈ ગયા હતા. જોકે, હવે બંને ખેલાડીઓએ બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા (બીસીસીઆઈ) ના સેન્ટર ઓફ એક્સેલન્સમાં ફિટનેસ ટેસ્ટ પાસ કરી લીધો છે.

એક તરફ રોહિત અને હાર્દિકની વાપસીથી ટીમ મજબૂત બની છે, તો બીજી તરફ સ્ટાર બેટર વિરાટ કોહલી ટીમમાં જોવા મળશે નહીં. આઈપીએલ ૨૦૨૬ની ફાઈનલ મેચ દરમિયાન હેમસ્ટ્રિંગ ઈજાને કારણે વિરાટ કોહલી આ સીરિઝમાંથી બહાર છે. મુખ્ય પસંદગીકાર અજીત આગરકરે જણાવ્યું હતું કે, કોહલીની ઈજાની ગંભીરતા અંગે હજુ સ્પષ્ટતા નથી, પરંતુ તે ઈંગ્લેન્ડ સામેની સીરિઝ સુધીમાં ફિટ થઈ શકે છે. કોહલીના સ્થાને યુવા ખેલાડી યશસ્વી જયસ્વાલનો વન-ડે ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની ત્રણ મેચની વન-ડે સીરિઝનો પ્રારંભ ૧૩ જૂનના રોજ ધર્મશાલા ખાતે થશે.

## મહિલા ટી-૨૦ વર્લ્ડ કપ પહેલા નવું રેન્કિંગ મેલી કેર અને હેલી મેથ્યુસ વચ્ચે કાંટાની ટક્કર

# ટી-૨૦ વર્લ્ડ કપ પહેલા મેલી કેર નંબર વન ઓલરાઉન્ડર



(એજન્સી) નવી દિલ્હી । તા. 09

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઈસીસી) દ્વારા મહિલા ખેલાડીઓના તાજેતરના રેન્કિંગમાં ન્યૂઝીલેન્ડની કેપ્ટન મેલી કેરે ફરી એકવાર ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આગામી ૧૨ જૂનથી ઈંગ્લેન્ડ અને વેલ્સમાં શરૂ થનારા આઈસીસી મહિલા ટી-૨૦ વર્લ્ડ કપ પહેલા મેલી કેર વિશ્વની નંબર ૧ ટી-૨૦ ઓલરાઉન્ડર બની ગઈ છે. આ રેન્કિંગ અપડેટ સાથે તે વર્લ્ડ કપમાં આત્મવિશ્વાસ સાથે પ્રવેશ કરશે.

### કેર અને મેથ્યુસ વચ્ચે જંગ

નવીનતમ રેન્કિંગ મુજબ, મેલી કેરે વેસ્ટ ઈન્ડિઝની કેપ્ટન હેલી મેથ્યુસને પાછળ છોડીને પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. તાજેતરમાં આયર્લેન્ડમાં રમાયેલી ત્રિ-કોણીય શ્રેણીની અંતિમ મેચ ચૂકી જવાને કારણે હેલી મેથ્યુસ બીજા ક્રમે સરકી ગઈ છે. આ બંને ખેલાડીઓ વચ્ચેનું અંતર અત્યંત ઓછું છે, કારણ કે રેન્કિંગમાં બંને વચ્ચે માત્ર પાંચ પોઈન્ટનો તફાવત છે. ટી-૨૦ વર્લ્ડ કપ દરમિયાન આ બંને ઓલરાઉન્ડરો વચ્ચે નંબર ૧ના તાજ માટે કાંટાની ટક્કર જોવા મળશે તેવી શક્યતા છે.

### ભારતીય કેપ્ટનનો દબદબો

બેટિંગ રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયાની જ્યોર્જિયા વોલ ટોચ પર યથાવત છે, જ્યારે બેથ મૂની બીજા સ્થાને છે. ભારતીય ટીમ માટે રાહતના સમાચાર એ છે કે કેપ્ટન હરમનપ્રીત કૌર ટોપ ૧૦માં સ્થાન મેળવનારી એકમાત્ર ભારતીય ખેલાડી બની છે. ઈંગ્લેન્ડ સામે ટાઉન્ટનમાં રમાયેલી મેચમાં અણનમ અર્ધશતક ફટકાર્યા બાદ હરમનપ્રીતે એક ક્રમની છલાંગ લગાવીને ૧૦મો ક્રમાંક મેળવ્યો છે. ઈંગ્લેન્ડની યુવા ખેલાડી એલિસ કેપ્સીએ પણ શાનદાર પ્રદર્શન કરતા ૧૩ ક્રમની છલાંગ લગાવીને ૩૦માં સ્થાને પહોંચી છે. આ ઉપરાંત નિગાર સુલતાના જોટી, હીથર નાઈટ અને સારાહ બ્રાઈસે પણ પોતાના રેન્કિંગમાં સુધારો કર્યો છે. બોલિંગના ચાર્ટમાં ઈંગ્લેન્ડની સ્પિનર લિન્સી સ્મિથ ટોચ પર છે, જ્યારે પાકિસ્તાનની સાદિયા ઈકબાલ બીજા ક્રમે છે. ઈંગ્લેન્ડની લોરેન બેલ અને ચાર્લી ડીને ટોપ પાંચમાં સ્થાન જાળવી રાખ્યું છે, જ્યારે દક્ષિણ આફ્રિકાની નોનકુલુલેકો મ્લાબા પાંચમાં સ્થાને પહોંચી છે. ઓલરાઉન્ડરોની યાદીમાં સ્કોટલેન્ડની કેપ્ટન કેથરીન બ્રાઈસે નવ ક્રમની છલાંગ લગાવીને ૧૭માં સ્થાને પહોંચી છે. તેનું આ પ્રદર્શન તાજેતરમાં બાંગ્લાદેશ અને નેધરલેન્ડ સામેની શ્રેણીમાં નોંધપાત્ર રહ્યું હતું.

# ઝામ્બિયામાં યોગનો ક્રેઝ ભારતીય મૂળનું યોગદાન

## યોગાસન થકી આફ્રિકન ખેલાડીઓની સિદ્ધિ



(એજન્સી) અમદાવાદ । તા. 09

એક સમયે જૂની કોથળીઓ જોડીને યોગ શીખતા ઝામ્બિયાના બાળકો આજે વિશ્વના મંચ પર પોતાની પ્રતિભા સાબિત કરી રહ્યા છે. આફ્રિકાના દેશોમાં યોગાસનનો જે ક્રેઝ જોવા મળી રહ્યો છે, તેની પાછળ ભારત અને ત્યાં વસતા ભારતીય મૂળના લોકોનું ખૂબ મોટું યોગદાન છે. તાજેતરમાં અમદાવાદની એકા એરેના ખાતે યોજાયેલી વિશ્વ યોગ ચેમ્પિયનશિપમાં ઝામ્બિયાના ૧૮ સભ્યોના પ્રતિનિધિમંડળે શાનદાર પ્રદર્શન કરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

### જૂની કોથળીઓથી શરૂ થયેલી સફર

ઝામ્બિયાના કોપરબેલ્ટ વિસ્તારના વાઈસ-પ્રિન્સિપલ ચિતુલા આલ્બર્ટે જ્યારે આશરે દાયકાઓ પહેલા યોગની શરૂઆત કરી ત્યારે તેમની પાસે યોગ મેટ ખરીદવા માટે પણ સાધનો નહોતા. તેમણે જૂની કોથળીઓ સીવીને બાળકો માટે મેટ તૈયાર કરી હતી. શરૂઆતમાં લોકો તેને ધાર્મિક માનતા હતા, પરંતુ આલ્બર્ટની મહેનત અને સોશિયલ મીડિયાના માધ્યમથી આ પ્રેક્ટિસ ધીમે-ધીમે લોકપ્રિય બની. વર્ષ ૨૦૨૦માં એક ભારતીય મૂળની મહિલા દ્વારા યોગા મેટ સ્પોન્સર કરવામાં આવતા આ પ્રયાસને વેગ મળ્યો. ઝામ્બિયામાં યોગને ઔપચારિક રમત તરીકે માન્યતા અપાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવ્યા. ૨૦૨૨માં સરકારી રમતગમત સત્તાવાળાઓ દ્વારા તેને માન્યતા મળી અને ત્યારબાદ ૨૦૨૪થી ત્યાં નિયમિતપણે રાષ્ટ્રીય યોગ ચેમ્પિયનશિપનું આયોજન શરૂ થયું. મીડિયા અહેવાલ મુજબ, આ વર્ષે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ઝામ્બિયાના ખેલાડીઓએ છ મેડલ જીત્યા છે, જેમાં નીયા વિજયવર્ગીયાએ ત્રણ સિલ્વર મેડલ મેળવીને દેશનું નામ રોશન કર્યું છે.

### આફ્રિકામાં યોગનું વિસ્તરણ

આ ચેમ્પિયનશિપમાં માત્ર ઝામ્બિયા જ નહીં, પરંતુ રવાંડા, નાઈજર, ચાડ, સીએરા લિયોન, લેસોથો, યુગાન્ડા અને તાંઝાનિયા જેવા દેશોના ખેલાડીઓએ પણ ભાગ લીધો હતો.

## વોલીબોલ // લીગના બીજા તબક્કાના ટ્રાયલ્સ પૂર્ણ, દેશભરમાંથી અનેક ખેલાડીઓએ ભાગ લીધો

# દિલ્હી પ્રો વોલીબોલ લીગના બીજા તબક્કાની સફળતા




(એજન્સી) નવી દિલ્હી । તા. 09

દિલ્હી પ્રો વોલીબોલ લીગ (ડીપીવીએલ) દ્વારા આયોજિત બીજા તબક્કાના ટ્રાયલ્સ અભૂતપૂર્વ સફળતા સાથે સંપન્ન થયા છે. ભારતમાં વોલીબોલની પ્રતિભાઓને એક મજબૂત મંચ પૂરું પાડવાના ઉદ્દેશ્ય સાથે શરૂ થયેલી આ લીગ હવે ગતિ પકડી રહી છે. આ તબક્કાના ટ્રાયલ્સમાં ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, જમ્મુ-કાશ્મીર, રાજસ્થાન, ચંદીગઢ અને હિમાચલ પ્રદેશ સહિતના રાજ્યોમાંથી મોટી સંખ્યામાં ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ભાગીદારી લીગના પ્રતિભા શોધ કાર્યક્રમમાં દેશભરના ખેલાડીઓનો વિશ્વાસ દર્શાવે છે.

ટ્રાયલ્સ દરમિયાન જોવા મળેલા ખેલાડીઓનો ઉત્સાહ અને રમતનું સ્તર સૂચવે છે કે ભારતીય વોલીબોલ ક્ષેત્રમાં હજુ પણ ઘણી પ્રતિભાઓ છુપાયેલી છે. આ લીગ દેશના ઉભરતા વોલીબોલ ખેલાડીઓ માટે એક શ્રેષ્ઠ પ્લેટફોર્મ બનીને ઉભરી રહી છે. ટ્રાયલ્સમાં ભાગ લેનારા યુવા ખેલાડીઓએ પોતાની રમતનું શાનદાર પ્રદર્શન કર્યું હતું, જેના કારણે સિલેક્શન પ્રક્રિયા અત્યંત સ્પર્ધાત્મક બની રહી હતી.

આ પ્રસંગે દિલ્હી ઓલિમ્પિક એસોસિએશનના મુખ્ય કાર્યકારી અધિકારી કુલદીપ વત્સ અને દિલ્હી વોલીબોલ એસોસિએશનના તમામ સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. દિગ્ગજોએ સમગ્ર ટ્રાયલ્સની પ્રક્રિયાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું અને આયોજનની વ્યવસાયિક અભિગમ માટે ડીપીવીએલના સંચાલકોના વખાણ કર્યા હતા. તેમણે સ્વીકાર્યું હતું કે ડીપીવીએલ જે રીતે પાયાના સ્તરેથી ખેલાડીઓને શોધી રહી છે અને તેમને માર્ગદર્શન આપી રહી છે, તે આવનારા સમયમાં ભારતીય વોલીબોલના માળખાને વધુ મજબૂત બનાવશે. ડીપીવીએલના સ્થાપક નીતિ રાવતે આ સફળતા અંગે જણાવ્યું હતું કે, "જે એક વિચાર સાથે અમે શરૂઆત કરી હતી, તે હવે સતત આકાર લઈ રહ્યો છે. દરેક ટ્રાયલ, દરેક ખેલાડી અને દરેક હિતધારક સાથે જોડાઈને ડીપીવીએલ માત્ર એક લીગ જ નહીં, પરંતુ વોલીબોલ માટે એક આંદોલન બની રહ્યું છે." લીગનું વધતું જતું વ્યવસ્થિત માળખું અને વધતો પ્રતિસાદ સાબિત કરે છે કે તે સાચી દિશામાં આગળ વધી રહી છે.

## ફૂટબોલ વિશ્વકપ પહેલા મેસીની ટીમમાં વાપસી

# આઈસલેન્ડ સામેની મેચમાં મેસી રમશે તે નક્કી



(એજન્સી) ઓબર્ન (અલાબામા) । તા. 09

ફિફા ફૂટબોલ વિશ્વકપ ૨૦૨૬ પહેલા આર્જેન્ટિના માટે રાહતના સમાચાર આવ્યા છે. ટીમના કેપ્ટન લિયોનેલ મેસી હવે સંપૂર્ણ રીતે મેદાનમાં ઉતરવા માટે તૈયાર છે. આર્જેન્ટિનાના મુખ્ય કોચ લિયોનેલ સ્કાલોનીએ પુષ્ટિ કરી છે કે, મંગળવારે આઈસલેન્ડ સામે રમાનારી અંતિમ વોર્મ-અપ મેચમાં મેસી ચોક્કસપણે રમશે. આ મેચ અલાબામાના ઓબર્ન ખાતે રમાનાર છે.

### મેસીની ફિટનેસ પર વિશેષ ધ્યાન

ગત ૬ જૂને હોન્ડુરાસ સામેની ફ્રેન્ડલી મેચ દરમિયાન મેસી રમી શક્યા નહોતા. તેમના ડાબા હેમસ્ટ્રિંગમાં સ્નાયુઓની થાક (મસલ ફટીગ) ની સમસ્યા હોવાથી સાવચેતીના ભાગરૂપે તેમને આરામ આપવામાં આવ્યો હતો. જોકે, હવે તેઓ સ્વસ્થ છે. કોચ સ્કાલોનીએ એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, "મેસી ચોક્કસ રમશે, પરંતુ તેઓ કેટલા મિનિટ મેદાન પર રહેશે તે નક્કી નથી. કોઈ પણ પ્રકારનું જોખમ ટાળવા માટે અમે તેમની ફિટનેસનું ધ્યાન રાખી રહ્યા છીએ."

આર્જેન્ટિનાની ટીમ પોતાના વિશ્વકપ ટાઈટલના બચાવ માટે પૂરજોશમાં તૈયારી કરી રહી છે. કોચ સ્કાલોનીના જણાવ્યા અનુસાર, ખેલાડીઓની મિનિટોનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે જેથી ઈજા જેવી કોઈ દુર્ઘટના ન સર્જાય. ટીમ માટે અન્ય સારા સમાચાર એ છે કે નિકો પાઝ, નાહુએલ મોલિના અને ગોન્ઝાલો મોન્ટીયલ ઈજામાંથી સંપૂર્ણ સાજા થઈને ટીમમાં પરત ફર્યા છે. જુલિયન અલ્વારેઝ અને લેઆન્ડ્રો પેરેડેસ પણ રિકવરીના માર્ગ પર છે.

### અમેરિકા સાથે મોટી પરમાણુ ડીલની તૈયારી, સૈન્ય કાર્યવાહી બાદ ઈરાન નમવા મજબૂર બન્યું

# પરમાણુ હથિયાર ત્યાગવા ઈરાન તૈયાર હોવાનો ટ્રમ્પનો દાવો

(એજન્સી) વૉશિંગ્ટન | તા. 09

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મધ્ય-પૂર્વના રાજકારણમાં ભારે ચકચાર જગાવતો એક દાવો કર્યો છે. ટ્રમ્પના મતે, ઈરાન હવે પોતાની પરમાણુ હથિયારો મેળવવાની જીદ છોડવા અને અમેરિકા સાથે એક મોટી ડીલ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર થઈ ગયું છે. એક વર્ચ્યુઅલ ટેલિ-રેલીને સંબોધતા ટ્રમ્પે જણાવ્યું હતું કે, અમેરિકાની આક્રમક સૈન્ય નીતિઓ અને કાર્યવાહીને કારણે તેહરાન ઘૂંટણિયે આવી ગયું છે.

## પરમાણુ હથિયાર ત્યાગવાની તૈયારી

સાઉથ કેરોલિનાના સેનેટર લિન્ડસે ગ્રેહામના સમર્થનમાં આયોજિત કાર્યક્રમમાં ટ્રમ્પે આત્મવિશ્વાસ સાથે કહ્યું કે, "અમે અત્યારે વાટાઘાટોની પ્રક્રિયામાં છીએ અને ઈરાન એક બહુ જ સારી ડીલ કરવા માટે આતુર છે. તેઓ આપણને બધું જ આપવા માટે તૈયાર છે." ટ્રમ્પે વધુમાં સ્પષ્ટ કર્યું કે ઈરાન પરમાણુ હથિયાર ન રાખવાની શરત સ્વીકારવા પણ તૈયાર છે. તેમના મતે, ઈરાન પાસે પરમાણુ શસ્ત્રો હોવા એ વૈશ્વિક સુરક્ષા માટે મોટું જોખમ છે અને આ બાબત અત્યંત સરળ અને સ્પષ્ટ છે કે તેઓએ પોતાના પરમાણુ કાર્યક્રમ પર સંપૂર્ણ વિરામ મૂકવો જ પડશે.

## ઈરાની નૌસેનાનો સફાયો કર્યાનો દાવો

પોતાની આગવી આક્રમક શૈલીમાં ટ્રમ્પે ઈરાનના સૈન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર થયેલા હુમલાઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે દાવો કર્યો કે અમેરિકન સૈન્ય કાર્યવાહીઓએ ઈરાનની કમર તોડી નાખી છે. ટ્રમ્પના શબ્દોમાં, "અમે તેમની સૈન્ય ક્ષમતાઓને પાયમાલ કરી દીધી છે. તેમની નેવી હવે સંપૂર્ણપણે ખતમ થઈ ગઈ છે. તેમની પાસે ૧૫૯ જહાજો હતા અને અત્યારે દરેક જહાજ પાણીની અંદર છે." ટ્રમ્પનો આ દાવો સૂચવે છે કે અમેરિકાએ ઈરાનના સૈન્ય માળખાને ગંભીર નુકસાન પહોંચાડ્યું છે, જેને કારણે તેહરાન હવે વાટાઘાટોના ટેબલ પર





આવવા મજબૂર બન્યું છે.

આગામી સમય વિશે આગાહી કરતા ટ્રમ્પે જણાવ્યું હતું કે આગામી બે સપ્તાહમાં અમેરિકા સત્તાવાર રીતે પોતાનો સંપૂર્ણ વિજય જાહેર કરશે. આ વિજય બાદ મધ્ય-પૂર્વની સ્થિતિમાં મોટો સુધારો આવવાની તેમણે આશા વ્યક્ત કરી છે. ટ્રમ્પના મતે, આ સફળતાના પગલે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળશે, જે વિશ્વભરના અર્થતંત્રો માટે રાહતના સમાચાર હશે.

ટ્રમ્પના આ નિવેદન બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. જો ઈરાન ખરેખર પરમાણુ શસ્ત્રોનો ત્યાગ કરવા તૈયાર હોય, તો તે મધ્ય-પૂર્વમાં શાંતિ અને સ્થિરતા સ્થાપવા માટેનું સૌથી મોટું પગલું બની શકે છે. જોકે, હજુ સુધી તેહરાન તરફથી આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી. પરંતુ ટ્રમ્પના આ નિવેદનથી વિશ્વના દેશોની નજર હવે અમેરિકા અને ઈરાન વચ્ચે થનારી સંભવિત ડીલ પર ટકેલી છે.

જો આ વાટાઘાટો સફળ રહેશે, તો તે માત્ર અમેરિકા માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વની શાંતિ માટે એક સીમાચિહ્નરૂપ ઘટના સાબિત થશે. ટ્રમ્પનો દાવો જો સાચો ઠરે, તો તે વર્ષોથી ચાલી આવતા તણાવનો અંત લાવી શકે છે. હવે જોવું રહ્યું કે આગામી બે અઠવાડિયામાં આ ડીલ કયા વળાંક પર પહોંચે છે અને શું ખરેખર ઈરાન તેના પરમાણુ કાર્યક્રમને સંપૂર્ણપણે સમેટી લે છે કે કેમ.

### વિનાશક ક્ષમતા વધતા વિશ્વમાં ફેલાયો ભય

# પરમાણુ શસ્ત્રોનો ભયાવહ વધારો દુનિયા માટે જોખમ



(એજન્સી) નવી દિલ્હી | તા. 09

દુનિયાભરમાં પરમાણુ શસ્ત્રોની વધતી જતી સંખ્યા અને તેની વિનાશક ક્ષમતા અંગે વૈશ્વિક ચિંતામાં મોટો વધારો થયો છે. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (સીપ્રી) દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા એક અત્યંત મહત્વના અહેવાલે દુનિયાના બુદ્ધિજીવીઓની ઊંઘ ઉડાવી દીધી છે. આ અહેવાલમાં સ્પષ્ટપણે ચેતવણી આપવામાં આવી છે કે વિશ્વના અનેક પરમાણુ શસ્ત્રો ધરાવતા દેશો હવે તેમના શસ્ત્રોને ગોદામોમાંથી બહાર કાઢીને મિસાઈલ્સ, રોકેટ્સ અને અન્ય અદ્યતન લોન્ચ સિસ્ટમ્સ પર તૈનાત કરી રહ્યા છે. આ સ્થિતિ વૈશ્વિક તંગદિલીમાં અભૂતપૂર્વ વધારો કરી રહી છે.

## વિનાશક ક્ષમતા અને આધુનિકીકરણ

સીપ્રીના અહેવાલ મુજબ, પરમાણુ શસ્ત્રોની કુલ સંખ્યામાં નજીવો ઘટાડો થયો હોઈ શકે છે, પરંતુ તેની સામે આ શસ્ત્રોની ઘાતકતા અને વિનાશક શક્તિમાં ચિંતાજનક વધારો નોંધાયો છે. શીત યુદ્ધના સમયના જૂના શસ્ત્રોનો નાશ કરવામાં આવી રહ્યો છે તે સાચું છે, પરંતુ તેની જગ્યાએ વધુ શક્તિશાળી અને આધુનિક શસ્ત્રો તૈનાત કરવામાં આવી રહ્યા છે. રશિયા અને અમેરિકા પાસે વિશ્વના કુલ પરમાણુ શસ્ત્રોનો ૮૩ ટકા જેટલો જથ્થો મોજૂદ છે અને બંને દેશો સતત પોતાની સિસ્ટમને વધુ ઘાતક બનાવવા માટે આધુનિકીકરણ કરી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સમજૂતીઓ અને શસ્ત્ર-નિયંત્રણ સંધિઓ નબળી પડતી જતી હોવાથી, વૈશ્વિક અસ્થિરતાનું વાતાવરણ વધુ ઘેરાઈ રહ્યું છે. દુનિયામાં અત્યારે આશરે ૧૨,૧૮૭ જેટલા પરમાણુ વોરહેડ્સ મોજૂદ છે. તેમાંથી ૯,૭૪૫ વોરહેડ્સ એવા છે કે જે સ્ટોક-પાઈલમાં સંગ્રહિત છે અને જરૂર પડે ત્યારે ત્વરિત રીતે કાર્યરત કરી શકાય તેવી સ્થિતિમાં છે. આ માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે દુનિયા એક દારૂગોળાના ઢગલા પર બેઠી છે, જ્યાં એક નાનકડી ચિનગારી પણ મહાવિનાશ નોતરી શકે તેમ છે.

### વિવિધ દેશોની પરમાણુ ક્ષમતા

વિશ્વના દેશો વચ્ચે વધતી જતી પ્રતિસ્પર્ધાનું પરિણામ તેમના પરમાણુ કાર્યક્રમોના વિસ્તરણમાં જોવા મળે છે:

| દેશ | વોરહેડ્સની સંખ્યા |
|---|---|
| રશિયા | ૫,૫૮૦ |
| અમેરિકા | ૫,૦૪૪ |
| ચીન | ૬૨૦ |
| ફ્રાંસ | ૨૯૦ |
| યુકે | ૨૨૫ |
| ભારત | ૧૯૦ |
| પાકિસ્તાન | ૧૭૦ |
| ઈઝરાયલ | ૯૦ |
| ઉત્તર કોરિયા | ૬૦ |

ચીન જે રીતે ઝડપભેર પોતાના પરમાણુ શસ્ત્રો અને મિસાઈલોમાં વધારો કરી રહ્યું છે તે વૈશ્વિક સુરક્ષા માટે ગંભીર વિષય છે. બે વર્ષના ટૂંકા ગાળામાં ચીને ૧૨૦ જેટલા વોરહેડ્સનો વધારો કર્યો છે. આ ઉપરાંત ભારત, પાકિસ્તાન અને ઈઝરાયલ પણ પોતાના પરમાણુ કાર્યક્રમોને સતત વિસ્તારી રહ્યા છે, જ્યારે ઉત્તર કોરિયાએ તો ખુલ્લેઆમ પોતાની પરમાણુ ફેક્ટરીઓ અને મિસાઈલ ક્ષમતાનું પ્રદર્શન કરીને પોતાની આક્રમક નીતિ સ્પષ્ટ કરી દીધી છે.

આ પરિસ્થિતિમાં સૌથી વધુ ચિંતાની વાત એ છે કે મોટાભાગના પરમાણુ સજ્જ દેશો હવે સુપર સોનિક કે હાઈપર સોનિક મિસાઈલ્સનો ઉપયોગ કરી રહ્યા છે, જે દુશ્મન દેશની સુરક્ષા કવચને તોડવામાં સક્ષમ છે. પરમાણુ શસ્ત્રોનો આ જથ્થો અને તેની તૈનાતી સૂચવે છે કે વિશ્વ સુરક્ષિત નથી. રાજદ્વારી સ્તરે વધતી જતી હરિફાઈ અને પરસ્પર અવિશ્વાસને કારણે શાંતિની સ્થાપના કરવી દિવસેને દિવસે મુશ્કેલ બની રહી છે.

## ન્યૂઝ બ્રીફ

### એચ-૧બી વિઝા ફી રદ થતા ભારતીયોને મોટી રાહત




બોસ્ટન | અમેરિકામાં કરિયર બનાવવા માંગતા હજારો ભારતીય પ્રોફેશનલ્સ માટે આજે એક અત્યંત રાહતજનક સમાચાર સામે આવ્યા છે. બોસ્ટનની એક યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વિવાદાસ્પદ આદેશને રદબાતલ ઠેરવ્યો છે, જેમાં નવા એચ-૧બી વિઝા માટે ૧,૦૦,૦૦૦ ડોલરની જંગી ફી ચૂકવવાનો નિયમ લાગુ કરવામાં આવ્યો હતો. જજ લિયો સોરોકિને આ નીતિને ગેરકાનૂની ગણાવીને ટ્રમ્પ વહીવટીતંત્રના ઈમિગ્રેશન ક્રેકડાઉન સામે મોટો ફટકો માર્યો છે. અદાલતના આદેશમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે અમેરિકાના પ્રમુખ પાસે કોંગ્રેસની મંજૂરી વિના આટલી મોટી ફી લાદવાની કોઈ કાનૂની સત્તા નથી. જજે અવલોકન કર્યું હતું કે, આ રકમ ફી ન ગણતા તેને એક પ્રકારનો ટેક્સ માનવો જોઈએ, અને રાષ્ટ્રપ્રમુખ પાસે આવી સત્તા ત્યાં સુધી નથી હોતી જ્યાં સુધી સંસદ દ્વારા તેને કાયદાકીય મંજૂરી ન મળી હોય. આ ચુકાદાના પગલે ટ્રમ્પ વહીવટીતંત્રની નીતિ પર કાયદાકીય પ્રશ્નાર્થ ચિન્હ લાગી ગયું છે.

### ઈરાન બોર્ડર પાસે અમેરિકન અપાચે હેલિકોપ્ટર ક્રેશ



હોર્મુઝ સ્ટ્રેટ | અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવપૂર્ણ માહોલ વચ્ચે આજે એક મોટી દુર્ઘટના સામે આવી છે. હોર્મુઝ સ્ટ્રેટ નજીક અમેરિકન સેનાનું એક અદ્યતન અપાચે અટેક હેલિકોપ્ટર અકસ્માતનો ભોગ બન્યું છે. સદનસીબે આ દુર્ઘટનામાં હેલિકોપ્ટરમાં સવાર બંને લશ્કરી કર્મચારીઓને સુરક્ષિત રીતે બચાવી લેવામાં સફળતા મળી છે. પાયલટોના સુરક્ષિત હોવાની પુષ્ટિ સ્વયં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કરી છે. અપાચે હેલિકોપ્ટર તૂટી પડવા પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી, જેણે વૈશ્વિક સ્તરે ઉત્તેજના ફેલાવી દીધી છે. મીડિયા અહેવાલ મુજબ, આ વિસ્તારમાં સીઝફાયરની સ્થિતિ હોવા છતાં આ ઘટના બનતા અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. શું આ દુર્ઘટના કોઈ ટેકનિકલ ખામીને કારણે સર્જાઈ છે કે પછી અન્ય કોઈ બાહ્ય પરિબળ જવાબદાર છે, તેની તપાસ માટે સેનાના નિષ્ણાતો કામે લાગ્યા છે. દુર્ઘટના બાદ ન્યૂયોર્કમાં પત્રકારો સાથે વાત કરતા ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, તેમના પાયલટ એકદમ ઠીક છે. આ ઘટના બાદ સમગ્ર અમેરિકન સેના એલર્ટ મોડ પર આવી ગઈ છે. બીજી તરફ, ટ્રમ્પે ઈરાન સાથેની શાંતિ મંત્રણા અંગે આશાવાદ વ્યક્ત કર્યો છે.

### કાટમાળ નીચે દબાયેલા લોકોની શોધખોળ જારી

# ફિલિપાઇન્સમાં પ્રલયંકારી ભૂકંપથી 37 લોકોના મોત, ભૂકંપ બાદ 20 હજાર લોકો બેઘર બન્યા

(એજન્સી) મનિલા | તા. 09

દક્ષિણ ફિલિપાઈન્સમાં સોમવારે સવારે કુદરતનો રોદ્ર સ્વરૂપ જોવા મળ્યો હતો, જ્યારે ૭.૮ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપે સમગ્ર ટાપુ સમૂહને હચમચાવી નાખ્યો હતો. આ ભયાનક આપત્તિમાં અત્યાર સુધીમાં ૩૭ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જ્યારે ૫૦૦થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અચાનક આવેલા આ ધરતીકંપે હજારો પરિવારોને ઘરવિહોણા કરી દીધા છે અને સમગ્ર વિસ્તારમાં ગમગીનીનું વાતાવરણ છવાઈ ગયું છે.

ભૂકંપનું કેન્દ્રબિંદુ મિંડાનન ટાપુની દરિયાઈ સરહદમાં હતું, જેના કારણે દરિયામાં ૧.૪ મીટર ઊંચા મોજા ઉછળતા સુનામીનો ફફડાટ ફેલાયો હતો. જોકે, સદનસીબે સુનામીના મોજાથી મર્યાદિત નુકસાન થયું છે, પરંતુ ભૂસ્ખલન અને ઈમારતો ધરાશાયી થવાને કારણે જાનહાનિના આંકડામાં વધારો થયો છે. જનરલ સેન્ટોસ શહેરમાં કાટમાળ પડવાથી ૧૩ લોકોના મોત થયા છે, જ્યારે સારાંગાની પ્રાંતમાં ભૂસ્ખલનમાં ૧૮ લોકો દબાઈ ગયા હતા. આ આપત્તિમાં અંદાજે ૨૦,૦૦૦ લોકોએ પોતાનું ઘર ગુમાવ્યું છે, જેમને હવે તાત્કાલિક રાહત છાવણીઓમાં ખસેડવામાં આવ્યા છે.

આ દુર્ઘટના એવા સમયે ઘટી જ્યારે બે મહિનાના વેકેશન બાદ શાળાઓનો પહેલો દિવસ હતો. સવારના સમયે ધ્વજવંદન માટે એકઠા થયેલા માસૂમ વિદ્યાર્થીઓ આ આફતનો ભોગ બન્યા છે. સરકારી અહેવાલો મુજબ, આશરે ૨,૦૦૦ મકાનો અને ૧૧૭ સરકારી ઈમારતોને ગંભીર નુકસાન થયું છે. આ જોખમને ધ્યાનમાં રાખીને ૬,૦૦૦થી વધુ શાળાકીય ઈમારતોની તપાસ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. ત્યાં સુધી શાળાઓ ફરી શરૂ કરવી જોખમી છે, કારણ કે આફ્ટરશોક્સની સતત શક્યતાને કારણે નબળી પડી ગયેલી ઈમારતો ગમે ત્યારે તૂટી શકે તેમ છે. આ ઉપરાંત, જનરલ સેન્ટોસનું આંતરરાષ્ટ્રીય વિમાનમથક બંધ કરી દેવામાં આવ્યું છે, જેનાથી ૬૩ ફ્લાઈટ્સ રદ થતા પરિવહન વ્યવસ્થા પણ ખોરવાઈ ગઈ છે. ભૌગોલિક નિષ્ણાતોના મતે, કોટાબેટો ટ્રેન્ચમાં થયેલી હલચલ આ ભૂકંપનું મુખ્ય કારણ છે. વર્ષ ૧૯૭૬માં આ જ વિસ્તારમાં આવેલો ૮.૧ની તીવ્રતાનો



ભૂકંપ ૮,૦૦૦ લોકોનો ભોગ લેનાર વિનાશક ઘટના હતી, જેની યાદો આજે પણ લોકોના મનમાં તાજી છે. રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયરે સ્થિતિની ગંભીરતાને જોતા તાત્કાલિક રાહત અને બચાવ કામગીરીનું આયોજન કર્યું છે. સરકારી અધિકારીઓને સ્થળ પર પહોંચીને અસરગ્રસ્તોને જરૂરી મદદ પૂરી પાડવાનો આદેશ આપવામાં આવ્યો છે.

## સતત જોખમ વચ્ચે આંતરરાષ્ટ્રીય સહયોગ

ફિલિપાઈન્સ પ્રશાંત મહાસાગરના 'રિંગ ઑફ ફાયર' પર આવેલું હોવાથી તે વિશ્વના સૌથી વધુ આપત્તિ-સંભવિત દેશોમાં સામેલ છે. વર્ષ દરમિયાન વાવાઝોડાં, ધરતીકંપ અને જ્વાળામુખી જેવી કુદરતી આફતો અહીં સામાન્ય બનતી રહે છે. આ મુશ્કેલીની ઘડીમાં અમેરિકા, ફ્રાન્સ, જાપાન અને ન્યુઝીલૅન્ડ જેવા દેશોએ ફિલિપાઈન્સને મદદ કરવાની તૈયારી બતાવી છે. માનવીય અભિગમ સાથે આંતરરાષ્ટ્રીય સમુદાય પણ ફિલિપાઈન્સની સાથે ઉભો રહ્યો છે.

હાલમાં, બચાવકર્મીઓ કાટમાળ નીચે દબાયેલા લોકોને શોધવા માટે અથાક પ્રયાસ કરી રહ્યા છે. હજુ પણ ૪ લોકો ગુમ છે, જેમને શોધવા માટે સઘન શોધખોળ ચાલી રહી છે. પ્રશાસન માટે પડકાર અત્યારે ઈજાગ્રસ્તોને સારવાર આપવાનો અને ૨૦ હજાર બેઘર લોકો માટે આશ્રય તથા ખોરાકની વ્યવસ્થા કરવાનો છે. દેશમાં ફરી એકવાર સાવચેતી અને રાહતના પગલાં લેવામાં આવી રહ્યા છે, જેથી આ મહાઆફતમાંથી દેશ બહાર આવી શકે.

# અમેરિકામાં માંસ ખાઉ કીડાનો ફરી આતંક વધ્યો, જંતુરહિત માખીઓની ફોજ તૈનાત કરવામાં આવશે

(એજન્સી) ટેક્સાસ | તા. 09

હોલિવુડની ફિલ્મોમાં જોવા મળતા ખતરનાક જીવો હવે વાસ્તવિક દુનિયામાં અમેરિકા માટે મોટો ખતરો બનીને ઉભર્યા છે. આશરે ૬૦ વર્ષ સુધી અમેરિકામાંથી નામશેષ રહ્યા બાદ 'સ્ક્રૂ વોર્મ' તરીકે ઓળખાતા 'માંસ ખાઉ કીડા' (Flesh-eating worm) એ ફરી એકવાર દસ્તક દીધી છે. ટેક્સાસના લા પ્રાયર વિસ્તારમાં એક વાછરડામાં આ કીડાનો ચેપ જોવા મળતા સમગ્ર દેશના પશુપાલન ઉદ્યોગમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

સ્ક્રૂ વોર્મ એ સામાન્ય માખી નથી, પરંતુ એક ઘાતક પરોપજીવી માખી છે. આ માખીના લાર્વા કોઈપણ જીવંત પ્રાણી કે મનુષ્યના શરીરમાં ખુલ્લા ઘા કે નાભિ જેવા ભાગમાં ઈંડા મૂકે છે. ત્યારબાદ આ લાર્વા જીવંત માંસને અંદરથી કોતરીને ખાય છે, જે અત્યંત પીડાદાયક અને જીવલેણ બની શકે છે. સરકારે આ ખતરાને ગંભીરતાથી લઈને મેક્સિકન સરહદ નજીકના ૨૦ કિલોમીટરના વિસ્તારને 'ક્વોરેન્ટાઈન એરિયા' જાહેર કરી દીધો છે. ૩ જૂનના રોજ નોંધાયેલા આ કેસ બાદ તંત્ર હરકતમાં આવ્યું છે. નિષ્ણાતોના મતે, આ કીડા પ્રાણીઓના સ્વાસ્થ્ય ઉપરાંત અમેરિકાના અબજો ડોલરના બીફ માર્કેટ માટે મોટો આર્થિક ફટકો સાબિત થઈ શકે છે. પશુઓની અવરજવર પર પ્રતિબંધ મૂકવાની સાથે હવે સરકારે તેમને રોકવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવવાનું નક્કી કર્યું છે. આ આક્રમણ રોકવા માટે અમેરિકા 'જંતુરહિત જંતુ તકનીક' નો સહારો લઈ રહ્યું છે. યોજના મુજબ, પ્રયોગશાળામાં લાખોની સંખ્યામાં માખીઓને વંધ્યીકૃત કરીને પ્રકૃતિમાં છોડવામાં આવશે, જેથી તેમની વસ્તી વધતી અટકે. જોકે, હાલમાં અમેરિકા અને મેક્સિકોની લેબની ઉત્પાદન ક્ષમતા ૧૦ કરોડની જ છે, જે વધારીને ૬૦ કરોડ કરવા માટે રાત-દિવસ કામ ચાલી રહ્યું છે.

# દુબઈમાં ભયાનક અકસ્માત સાત ભારતીયોના મોત, માર્ગ અકસ્માતમાં સાત ભારતીયોએ જીવ ગુમાવ્યા

### ભારતીય કામદારોને વતનમાં લાવવાની તૈયારી

(એજન્સી) દુબઈ | તા. 09

સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) ના દુબઈથી સોમવારે એક અત્યંત કરુણ સમાચાર સામે આવ્યા છે. અમીરાત રોડ પર રસ્તાની વચ્ચે ટેકનિકલ ખામીને કારણે અચાનક બંધ થઈ ગયેલી એક ટ્રક સાથે મિની બસ અથડાતા સાત ભારતીય કામદારોનું ઘટનાસ્થળે જ કમનસીબ મોત નીપજ્યું છે. આ ભયાનક અકસ્માતમાં અન્ય નવ ભારતીય શ્રમિકો પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેમને સારવાર અર્થે સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. દુબઈ પોલીસના ટ્રાફિક વિભાગના અધિકારી બ્રિગેડિયર જુમા સલેમ બિન સુવૈદાને જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે ટ્રકમાં આવેલી ટેકનિકલ ખામીને કારણે તે મુખ્ય માર્ગની વચ્ચે અચાનક બંધ થઈ ગઈ હતી.



મિની બસના ચાલક ટ્રકથી સલામત અંતર જાળવવામાં નિષ્ફળ રહ્યા હતા, જેના પરિણામે બસ પાછળથી ટ્રક સાથે જોરદાર રીતે અથડાઈ હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે મિની બસમાં સવાર અનેક મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની જાણ થતા જ ભારતીય કોન્સ્યુલેટના અધિકારીઓ તાત્કાલિક હરકતમાં આવી ગયા હતા. ભારતીય મિશન દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં આ દુર્ઘટના પર ઘેરા શોકની લાગણી વ્યક્ત કરવામાં આવી છે. અધિકારીઓએ હોસ્પિટલની મુલાકાત લઈને ઈજાગ્રસ્તોના ખબર-અંતર પૂછ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, નવ ઘાયલો પૈકી પાંચની હાલત અત્યંત ગંભીર હોવાનું જણાય છે, જ્યારે ચારને સામાન્ય ઈજાઓ થઈ છે. દુબઈ સ્થિત ભારતીય મિશન હાલમાં સ્થાનિક સત્તાવાળાઓ સાથે મળીને મૃતકોના પરિવારજનોને મદદ પહોંચાડવા અને ઘાયલોને શ્રેષ્ઠ તબીબી સારવાર આપવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહ્યું છે. અકસ્માતનું ચોક્કસ કારણ અને જવાબદારી નક્કી કરવા માટે દુબઈ પોલીસના ટ્રાફિક અકસ્માત તપાસ વિભાગના નિષ્ણાતોને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા. તપાસ પૂર્ણ થયા બાદ જ વધુ વિગતો સ્પષ્ટ થશે. આ મુશ્કેલ સમયમાં ભારતીય મિશને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. આ ઘટનાએ વિદેશમાં કામ કરતા ભારતીય કામદારોની સુરક્ષા અને માર્ગ સલામતીના પ્રશ્નોને ફરી એકવાર ગંભીરતાથી સામે મૂક્યા છે.

**સિમકાર્ડ** | સિમકાર્ડ કૌભાંડમાં ઈડીની મોટી કાર્યવાહી, સાયબર ગઠિયાઓના નેટવર્કનો થયો પર્દાફાશ

# કંબોડિયા સાયબર ફ્રોડમાં ૩૬ હજાર સિમકાર્ડ વપરાયા

(એજન્સી) નવી દિલ્હી | તા. 09

ભારતીયોને નિશાન બનાવીને કરવામાં આવતી સાયબર છેતરપિંડીના તાર હવે વિદેશી ધરતી સાથે જોડાઈ રહ્યા છે. કંબોડિયા હાલમાં ભારતીયો વિરુદ્ધ સાયબર ક્રાઈમનું સૌથી મોટું કેન્દ્ર બનીને ઉભર્યું છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા કરવામાં આવેલી એક મહત્વની તપાસમાં સામે આવ્યું છે કે, કંબોડિયાથી સંચાલિત સાયબર ક્રાઈમ રેકેટમાં ભારતના આશરે ૩૬,૦૦૦ સિમકાર્ડનો મોટા પાયે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ ગંભીર કૌભાંડને પગલે ઈડીએ રાજસ્થાન અને પંજાબ સહિતના અનેક રાજ્યોમાં રાષ્ટ્રવ્યાપી દરોડા પાડીને આખું નેટવર્ક ખુલ્લું પાડ્યું છે.

ઈડીના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, તપાસ એજન્સીએ ૨૩ લાખ શંકાસ્પદ સિમકાર્ડ્સનું ઝીણવટભર્યું વિશ્લેષણ કર્યું હતું. આ પ્રક્રિયામાં એવી ચોંકાવનારી વિગતો બહાર આવી છે કે ઓછામાં ઓછા ૩૬,૦૦૦ સિમકાર્ડનો ઉપયોગ સીધો જ કંબોડિયામાં બેઠેલા સાયબર ગુનેગારો દ્વારા ભારતીયોને ઠગવા માટે



કરવામાં આવે છે. તેમાંથી ૫,૩૦૦ સિમકાર્ડ તો એવી છે જે દેશભરમાં નોંધાયેલા અનેક સાયબર ક્રાઈમના કેસોમાં સક્રિય રીતે સંડોવાયેલા જોવા મળ્યા છે.

આ ષડયંત્રની મોડસ ઓપરેન્ડી અત્યંત વ્યવસ્થિત છે. ભારતમાંથી સિમકાર્ડ એક્ટિવ કરાવીને તેને મલેશિયન નાગરિકોને પહોંચાડવાનું એક મોટું નેટવર્ક કામ કરી રહ્યું છે. પંજાબ અને રાજસ્થાનના સાત જેટલા સ્થળોએ દરોડા દરમિયાન રાહુલ કુમાર ઝા, મોહમ્મદ શરીફ અને સંદીપ ભટ્ટ જેવા આરોપીઓના નામ સામે આવ્યા છે, જેઓ આ સિમકાર્ડ્સના ગેરકાયદે વેચાણ અને વિતરણમાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા હતા. વિવિધ કંપનીઓના સિમ વેન્ડર્સ પણ આ કૌભાંડમાં સામેલ હોવાનું તપાસમાં જણાયું છે. વધુમાં, યુવાનોને વિઝિટિંગ વિઝા પર થાઈલેન્ડ કે વિએટનામ મોકલીને ત્યાંથી સાયબર ક્રાઈમ સેન્ટરમાં નોકરીએ રાખી આ આખું ષડયંત્ર ચલાવવામાં આવે છે.

સાયબર ગુનેગારોની ક્રૂરતાનો વધુ એક કિસ્સો કોચીના ૩૭ વર્ષના એક ડોક્ટર સાથે બન્યો છે. મેટ્રીમોનિયલ વેબસાઈટ પર પરિચય કેળવીને ડોક્ટરને વિશ્વાસમાં લેવામાં આવ્યા હતા અને ત્યારબાદ તેમને એક નકલી રોકાણ પ્લેટફોર્મમાં ૩૭ લાખ રૂપિયાનું રોકાણ કરવા મજબૂર કરવામાં આવ્યા હતા. જ્યારે ડોક્ટરને છેતરપિંડીનો અહેસાસ થયો ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. આ કેસમાં દિલ્હીથી ૨૪ વર્ષના અબ્દુલ રહેમાનની ધરપકડ કરવામાં આવી છે, જે ૨૦૨૨થી કંબોડિયાના સાયબર સેન્ટર સાથે જોડાયેલો છે.

# પાકિસ્તાનના કબજા હેઠળના POKમાં હિંસક બગાવત 7 લોકોના મોત થયા

(એજન્સી) નવી દિલ્હી | તા. 09

પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીર (પીઓકે) માં રાજકીય અસંતોષે અત્યંત હિંસક સ્વરૂપ ધારણ કરી લીધું છે. ચૂંટણી-વ્યવસ્થામાં ફેરફારની માગણી સાથે રસ્તા પર ઉતરેલી જનતા અને સલામતી દળો વચ્ચે થયેલા ભીષણ સંઘર્ષમાં અત્યાર સુધીમાં સાત લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ૬૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે. આ ઘટના બાદ સમગ્ર ક્ષેત્રમાં ભય અને તણાવનું વાતાવરણ ફેલાઈ ગયું છે.

સ્થાનિક સંગઠન 'જોઈન્ટ આર્મી એક્શન કમિટી' (જેએએસી) ના સમર્થકો દ્વારા લાંબા સમયથી ચૂંટણી પદ્ધતિમાં બદલાવની માગણી કરવામાં આવી રહી હતી. જ્યારે સરકાર દ્વારા આ માગણીઓને ફગાવી દેવામાં આવી અને સંગઠન પર આતંકવાદ વિરોધી કાયદા હેઠળ પ્રતિબંધ મૂકવામાં આવ્યો, ત્યારે આંદોલનકારીઓ વધુ આક્રમક બન્યા હતા. મંગળવારે સમગ્ર પ્રદેશમાં હડતાળનું એલાન આપવામાં આવતા સરકારની ચિંતામાં વધારો થયો છે.

આ સંઘર્ષમાં ત્રણ નાગરિકો અને ચાર પોલીસકર્મીઓના મોત થયા છે. આંકડાઓને લઈને અધિકારીઓ અને સ્થાનિક સ્તરે મતભેદ છે; રાવલકોટના પોલીસ કમિશનરે મૃત્યુઆંક ઓછો દર્શાવ્યો હોવા છતાં, વાસ્તવિક સ્થિતિ વધુ ગંભીર હોવાનું મનાઈ રહ્યું છે. પોલીસે અત્યાર સુધીમાં ૭૦થી વધુ આંદોલનકારીઓની ધરપકડ કરી છે. સ્થાનિક લોકોનો આક્રોશ એટલો છે કે આવતીકાલે નિર્ધારિત હડતાળ દરમિયાન સ્થિતિ વધુ વણસવાની દહેશત વર્તાઈ રહી છે.

વર્તમાન સ્થિતિ જોતા એવું સ્પષ્ટ જણાય છે કે પીઓકેમાં શાસન અને જનતા વચ્ચેની ખાઈ સતત વધી રહી છે.

# લોકોનો વિશ્વાસ એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ છે

ભારત જેવા વિશાળ અને પ્રતિસ્પર્ધાત્મક લોકશાહી દેશમાં, જાહેર વિશ્વાસ મેળવવો ખૂબ મુશ્કેલ છે અને તેને ટકાવી રાખવો તેનાથી પણ વધુ મુશ્કેલ છે. તેમ છતાં, સતત રાજકીય સ્પર્ધા અને જનતાની કડક નજર હોવા છતાં, નરેન્દ્ર મોદી લોકોનો વિશ્વાસ મેળવતા રહ્યા છે. ભારતના સૌથી લાંબા સમય સુધી સતત સેવા આપનારા ચૂંટાયેલા પ્રધાનમંત્રી બનીને, તેમણે લોકતાંત્રિક રાજનીતિમાં એક નવો માપદંડ સ્થાપિત કર્યો છે.

જો કે આપણે ભારતના જુદા જુદા ભાગોમાંથી આવીએ છીએ, પ્રધાનમંત્રી મોદી અને હું એક એવી પેઢીના છીએ જેમની રાજકીય ચેતના કટોકટી દ્વારા ઘડાઈ હતી. અમે લોકતાંત્રિક સ્વતંત્રતાઓ પરના પ્રહારોને પ્રત્યક્ષ નિહાળ્યા હતા અને તેને પુનઃસ્થાપિત કરવા માંગતા આંદોલનમાં ભાગ લીધો હતો. અમારામાંથી ઘણા લોકો માટે, તે સંઘર્ષ માત્ર એક રાજકીય ઘટના ન હતી પરંતુ એક પ્રારંભિક અનુભવ હતો જેણે જાહેર જીવન અને લોકતાંત્રિક મૂલ્યો વિશેની અમારી સમજણને આકાર આપ્યો હતો.

દાયકાઓ સુધી, એવી ધારણા હતી કે દેશના સર્વોચ્ચ પદો માત્ર થોડા વિશેષાધિકાર ધરાવતા લોકો અથવા પ્રભાવશાળી રાજકીય પરિવારોમાં જન્મેલા લોકો માટે જ અનામત હોય છે. પ્રધાનમંત્રી મોદીની સફરે તે ધારણાને પડકારી છે. દેશના સર્વોચ્ચ ચૂંટાયેલા પદ પર પહોંચવા માટે સામાન્ય પૃષ્ઠભૂમિમાંથી આગળ વધીને, તેઓ લાખો યુવાન ભારતીયો, ખાસ કરીને સામાન્ય પૃષ્ઠભૂમિ ધરાવતા યુવાનો માટે પ્રેરણા સ્ત્રોત બન્યા છે. તેમની વાર્તા એ વિશ્વાસને મજબૂત કરે છે કે જીવંત લોકશાહીમાં, દ્રઢ સંકલ્પ, સખત પરિશ્રમ અને ક્ષમતા જન્મ અને પરિસ્થિતિના અવરોધોને પાર કરી શકે છે. તે અર્થમાં, આ સીમાચિહ્નરૂપ સફળતા માત્ર એક વ્યક્તિગત સિદ્ધિ નથી, પરંતુ ભારતીય લોકશાહીની તાકાત અને નિખાલસતાની એક શક્તિશાળી પુષ્ટિ પણ છે.

ડૉ. રામ મનોહર લોહિયા, લોકનાયક જયપ્રકાશ નારાયણ અને અન્ય ઘણા મહાન સમાજવાદી નેતાઓના અનુયાયી તરીકે, મેં હંમેશા રાજનીતિને લોકોના કલ્યાણને સુનિશ્ચિત કરવાના સાધન તરીકે જોયું છે. લોકોને ગરીબી રેખાથી ઉપર લાવવા અને ગૌરવપૂર્ણ જીવન જીવવામાં મદદ કરવી એ કોઈપણ રાજકીય નેતાની સર્વોચ્ચ અગ્રતા હોવી જોઈએ. આ સંદર્ભમાં, પીએમ મોદીનો પ્રભાવશાળી રેકોર્ડ રહ્યો છે. ગરીબી નાબૂદી પરના તેમના તીવ્ર ધ્યાન સાથે, NDA સરકારે 25 કરોડ લોકોને ગરીબીમાંથી બહાર લાવવામાં મદદ કરી છે.

શૌચાલય, બેંક ખાતા, મકાનો, ગેસ કનેક્શન, નળનું પાણી, આરોગ્ય વીમો અને અન્ય ઘણી પ્રાથમિક જરૂરિયાતો કરોડો લોકો સુધી પહોંચી છે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, પછાત વર્ગો, અતિ પછાત વર્ગો, મહિલાઓ, ગરીબ પરિવારો અને વિકાસ કાર્યક્રમોના પ્રથમ પેઢીના લાભાર્થીઓનો મોટો વર્ગ હવે પોતાને ભારતના ગ્રોથ સ્ટોરીમાં સક્રિય સહભાગી તરીકે જોવા લાગ્યો છે. વિશેષ યોજનાઓ દ્વારા યુવાનોને નવી ઉદ્યોગસાહસિકતાની તકો મળી છે. મને એમાં કોઈ શંકા નથી કે આ જૂથોને રાષ્ટ્રીય વિકાસના મુખ્ય પ્રવાહમાં લાવવા એ સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવામાં સૌથી મહત્વપૂર્ણ ઉત્પ્રેરક રહ્યું છે.

મેં મહિલાઓના કલ્યાણ અને ગૌરવ પર પીએમ મોદીએ આપેલો ભાર પણ જોયો છે. તેમની ઘણી યોજનાઓથી મહિલાઓને સીધો ફાયદો થયો છે અને તેમના રોજિંદા જીવનની મુશ્કેલીઓ ઓછી થઈ છે. બિહારમાં મારો એવો અનુભવ રહ્યો છે કે જ્યારે મહિલાઓ વિકાસના પ્રયાસોના કેન્દ્રમાં હોય છે, ત્યારે સમાજ ઝડપથી પ્રગતિ કરે છે. આ જ કારણ છે કે, હવે બિહારમાં



**શ્રી નીતીશ કુમાર રાજ્યસભાના સભ્ય અને બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી**

આપણા 'જીવિકા' પ્રયોગની સફળતાઓ વિશે વૈશ્વિક સ્તરે વાત કરવામાં આવે છે.

ઘણા વર્ષો સુધી મુખ્યમંત્રી તરીકે સેવા આપ્યા પછી, હું ઈચ્છિત લાભાર્થી સુધી લાભો પહોંચાડવાની ખાતરી કરવા સાથે જોડાયેલા પડકારોને જાણું છું. માત્ર સારા ઈરાદા જ પૂરતા નથી. અસરકારક અમલીકરણ મહત્વપૂર્ણ છે. મેં એ પણ જોયું છે કે કેવી રીતે નીતિ વિષયક નિર્ણયોને ગ્રાઉન્ડ લેવલ પર પરિણામોમાં બદલવાની ક્ષમતા માટે સતત દેખરેખ, સુધારા, વહીવટી ધ્યાન અને દરેક નાની બાબતો પર ધ્યાન આપવાની જરૂર પડે છે.

પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વની એક નિર્ણાયક વિશેષતા એ છે કે શાસન નાગરિકો માટે મૂર્ત પરિણામોમાં પરિણમે તે સુનિશ્ચિત કરવા પર તેમનો ભાર રહ્યો છે. કલ્યાણકારી યોજનાઓ હોય, માળખાગત વિકાસ હોય કે જાહેર સેવા વિતરણ હોય, તેમણે સતત કાર્યક્ષમતા, પારદર્શિતા અને જવાબદારી પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ટેકનોલોજીના વ્યાપક ઉપયોગ, સીધા લાભ ટ્રાન્સફર અને મજબૂત દેખરેખ પદ્ધતિઓ દ્વારા, નીતિ ઘડતર અને અમલીકરણ વચ્ચેનું અંતર નોંધપાત્ર રીતે ઓછું થયું છે. સરકારી લાભો લોકો સુધી વધુ અસરકારક રીતે અને ઓછા લીકેજ સાથે પહોંચતા હોવાથી, સંસ્થાઓમાં જાહેર વિશ્વાસ મજબૂત થાય છે. પ્રધાનમંત્રીના નાગરિકો સાથેના સતત જોડાણ અને સંવાદ દ્વારા આ વિશ્વાસ વધુ મજબૂત બને છે, જે સરકાર અને લોકો વચ્ચે મજબૂત જોડાણ કેળવવામાં મદદ કરે છે.

પીએમ મોદીના રાજકીય માર્ગમાં ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના લાંબા અને સફળ કાર્યકાળનો સમાવેશ થાય છે. વાસ્તવમાં, તેઓ ટૂંક સમયમાં જ એક ચૂંટાયેલી સરકારના વડા તરીકે સતત સેવાના 25 વર્ષ પૂર્ણ કરશે. રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરના આ અનુભવે તેમને રાજ્યોની જરૂરિયાતો અને તેમને ટેકો આપવાના મહત્વ વિશે ઊંડી સમજ આપી છે. પ્રધાનમંત્રી તરીકેનો તેમનો કાર્યકાળ સહકારી સંઘવાદ પ્રત્યેની મજબૂત પ્રતિબદ્ધતા દ્વારા ચિહ્નિત થયેલ છે.

મારા મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન, મેં રાજકીય પરિસ્થિતિઓને ધ્યાનમાં લીધા વિના, બિહારના વિકાસ માટે તેમના સમર્થનનો વ્યક્તિગત અનુભવ કર્યો છે. હું ખાસ કરીને 2024-25 અને 2025-26 ના બજેટ દરમિયાન બિહારને મળેલા અદભૂત સમર્થનનો ઉલ્લેખ કરવા ઈચ્છું છું, જેમાં મખાના બોર્ડની સ્થાપના અને ભાગલપુરમાં પાવર પ્લાન્ટ તેમજ પૂરના સંચાલન માટે ભંડોળ અને અસંખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ સામેલ છે.

પીએમ મોદી બિહારની અજોડ સંસ્કૃતિ અને પરંપરાઓ પ્રત્યે ખૂબ આદર ધરાવે છે. તેમણે આંતરરાષ્ટ્રીય મહાનુભાવોને બિહારના મખાના, મધુબની પેઈન્ટિંગ્સ અને અન્ય ઉત્પાદનો ભેટમાં આપીને વૈશ્વિક મંચ પર બિહારના વારસાને પ્રદર્શિત કર્યો છે. પીએમ મોદીએ જ જનનાયક કર્પૂરી ઠાકુરને ભારત રત્નથી સન્માનિત કરવાની ખાતરી આપી હતી, જે દાયકાઓથી અધૂરી રહેલી માંગ હતી.

બિહારને છેલ્લા એક દાયકામાં કેટલાક મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનો લાભ મળ્યો છે. 2014 પહેલાના દાયકાની સરખામણીમાં, કેન્દ્ર તરફથી સમર્થન અને રોકાણમાં નોંધપાત્ર વધારો થયો છે. ગંગા નદી પર મહત્વના પુલોનું નિર્માણ, રાષ્ટ્રીય ધોરીમાર્ગોનું વિસ્તરણ, એરપોર્ટનો વિકાસ અને રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ઝડપી અપગ્રેડેશન બિહારના વિકાસને વેગ આપી રહ્યું છે. રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં થઈ રહેલું પરિવર્તન ખાસ કરીને પ્રશંસનીય છે, જે મારા હૃદયની હંમેશા નજીક રહ્યું છે. વંદે ભારત જેવી નવી ટ્રેનો શરૂ થવાથી મુસાફરી સરળ બની છે. પીએમ મોદીના નેતૃત્વમાં રેલવે ઈલેક્ટ્રિફિકેશન અને અન્ય આધુનિકીકરણ પ્રોજેક્ટ્સને નોંધપાત્ર ગતિ મળી છે, જે સ્વચ્છ અને કાર્યક્ષમ નેટવર્ક બનાવવામાં મદદ કરી રહી છે.

મેં હંમેશા ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરન્સના અભિગમનું પાલન કર્યું છે અને તેને સમર્થન આપ્યું છે. પીએમ મોદીને લોકોના પ્રિય બનાવતા ગુણોમાંનો એક તેમનો ભ્રષ્ટાચાર મુક્ત રેકોર્ડ અને ભ્રષ્ટાચાર સામેનું મજબૂત વલણ છે. સત્તાના પદો પર દાયકાઓ વિતાવ્યા હોવા છતાં તેમની પ્રામાણિકતા પર એક પણ ડાઘ ન હોય તેવા નેતાઓ ભાગ્યે જ જોવા મળે છે. સંસ્થાકીય સુધારાઓ દ્વારા ભ્રષ્ટાચારના માર્ગોને ડામવાની સાથે, તેમણે કાનૂની પ્રક્રિયા દ્વારા ભ્રષ્ટ રાજકારણીઓ અને અધિકારીઓ સામેના કેસો ચલાવવાની રાજકીય ઈચ્છાશક્તિ પણ દર્શાવી છે.

પીએમ મોદીના કાર્યકાળની એક નોંધપાત્ર વિશેષતા એ રહી છે કે તેમના નેતૃત્વ હેઠળ વૈશ્વિક મંચ પર ભારતનું મહત્વ અને પ્રભાવ વધુ મજબૂત બન્યું છે. એક ભારતીય તરીકે, અર્થતંત્ર, આબોહવા પરિવર્તન, ટેકનોલોજી, આરોગ્ય અથવા સહકારને લગતી બાબતોમાં આપણો અવાજ આદર સાથે સ્વીકારવામાં આવે છે તે જોઈને મને ગર્વ થાય છે. વિવિધ દેશો અને જૂથો સાથે મજબૂત સંબંધો જાળવી રાખવાની સાથે, પીએમ મોદી હંમેશા શાંતિ અને પ્રગતિના પક્ષધર રહ્યા છે. પરિણામે, વિશ્વ 21મી સદીમાં વૈશ્વિક વિકાસના મુખ્ય ચાલક તરીકે આપણા દેશ તરફ વધુને વધુ આશા સાથે જોઈ રહ્યું છે.

જાહેર જીવનમાં ઘણા દાયકાઓ વિતાવ્યા પછી, હું જાણું છું કે નેતૃત્વ માટે સતત પ્રયાસ, અથાક મહેનત અને શિસ્તની જરૂર પડે છે. તેના માટે સતત પ્રવાસ, લોકો સાથે નિયમિત જોડાણ, સરકારી કામકાજની વિગતવાર સમીક્ષા અને તે જ સમયે, એક વ્યાપક વિઝન સાથે જોડાયેલા રહેવાની ક્ષમતા જરૂરી છે. પીએમ મોદીના અથાક મહેનત અને સમર્પણે તેમને આટલા લાંબા સમય સુધી લોકોનો વિશ્વાસ જાળવી રાખવામાં મદદ કરી છે.

જ્યારે તેઓ ભારતના સૌથી લાંબા સમય સુધી સતત સેવા આપનારા ચૂંટાયેલા પ્રધાનમંત્રી બનવાનું સીમાચિહ્ન હાંસલ કરી રહ્યા છે, ત્યારે આ પીએમ મોદીના જાહેર જીવનમાં યોગદાનની ઉજવણી કરવાનો અને તેમને આવા ઘણા વધુ સીમાચિહ્નો માટે શુભેચ્છા પાઠવવાનો પ્રસંગ છે. હું તેમને આ ઐતિહાસિક સિદ્ધિ બદલ અભિનંદન આપું છું અને રાષ્ટ્રની સેવામાં સારા સ્વાસ્થ્ય અને સતત સફળતાની કામના કરું છું.

## તૃણમૂલ કોંગ્રેસમાં આંતરિક વિદ્રોહ

## સત્તા ગુમાવતાં જ તૃણમૂલમાં ડખા પાર્ટી ત્રણ ભાગમાં વહેંચાઈ

કોલકાતા: પશ્ચિમ બંગાળમાં સત્તા ગુમાવ્યા બાદ મમતા બેનરજીની મુશ્કેલીઓનો અંત આવતો જણાતો નથી. હવે તેમની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસ આંતરિક કલેહને કારણે પત્તાના મહેલની જેમ વિખરાઈ રહી છે. પ્રાપ્ત અહેવાલો મુજબ, તૃણમૂલ હવે બે નહીં પણ ત્રણ સ્પષ્ટ જૂથોમાં વહેંચાઈ ગઈ છે, જે મમતા બેનરજી માટે રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવાનો સૌથી મોટો પડકાર બની ગયો છે.લોકસભા સાંસદ કાકોલી ઘોષ દસ્તીદારના નેતૃત્વમાં એક મોટું જૂથ બળવા પર ઉતરી આવ્યું છે. આ જૂથનો દાવો છે કે લોકસભાના કુલ 28 સાંસદોમાંથી 20 સાંસદો ભાજપના નેતૃત્વવાળી એનડીએ સરકારને ટેકો આપવા તૈયાર છે. કાકોલી ઘોષે લોકસભા સ્પીકરને પત્ર લખીને અલગ બેઠક વ્યવસ્થાની માંગણી કરી છે. તાજેતરમાં કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવના નિવાસસ્થાને ભાજપના નેતા સુવેન્દુ અધિકારી સાથે થયેલી બેઠકમાં 14 સાંસદોની હાજરીએ રાજકીય ગરમાવો વધારી દીધો છે. આ જૂથમાં શતાબ્દી રોય, જૂન માલિયા અને દેવ જેવા પ્રભાવશાળી ચહેરાઓ પણ સામેલ હોવાનું કહેવાય છે.એક તરફ બળવાખોર જૂથ છે, તો બીજી તરફ હજુ પણ મમતા બેનરજી સાથે મજબૂતીથી ઊભેલા 7 વફાદાર સાંસદોનું જૂથ છે, જેમાં અભિષેક બેનરજી, મહુઆ મોઈત્રા અને સૌગત રોય જેવા દિગ્ગજ નેતાઓનો સમાવેશ થાય છે. આ સિવાય ત્રીજું જૂથ 'સાયલન્ટ મોડ'માં છે. જેમાં શત્રુઘ્ન સિન્હા, યુસુફ પઠાણ અને રચના બેનરજી જેવા નેતાઓ છે, જેઓ અત્યારે મૌન સેવીને આગામી રાજકીય પવનની દિશા માપી રહ્યા છે.પક્ષપલટા વિરોધી કાયદાની જોગવાઈઓ મુજબ, પોતાનું સાંસદ પદ બચાવવા માટે કાકોલી ઘોષ જૂથને ઓછામાં ઓછા 19 સાંસદોના સમર્થનની જરૂર છે.

## ઈઝરાયલમાં છત્રપતિ શિવાજી મહારાજનું સન્માન

## ઈઝરાયલની ધરતી પર ગૂંજશે જય ભવાની શિવાજી મહારાજની પ્રતિમા

ઈઝરાયલ: ભારત અને ઈઝરાયલ વચ્ચેના સાંસ્કૃતિક અને ઐતિહાસિક સેતુને વધુ મજબૂત બનાવતી એક મહત્વની જાહેરાત કરવામાં આવી છે. મરાઠા સામ્રાજ્યના સ્થાપક અને અદમ્ય સાહસના પ્રતીક છત્રપતિ શિવાજી મહારાજની એક ભવ્ય પ્રતિમા ટૂંક સમયમાં ઈઝરાયલની ધરતી પર સ્થાપિત કરવામાં આવશે. આ નિર્ણય માત્ર બે દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધોને જ નહીં, પરંતુ એક અનન્ય ઐતિહાસિક વારસાને પણ ઉજાગર કરે છે. આ ઐતિહાસિક જોડાણના તાર મહારાષ્ટ્રના કોંકણ કિનારે વસતા 'બેને ઈઝરાયલ' સમુદાય સાથે જોડાયેલા છે.



આ ભારતનો સૌથી પ્રાચીન યહૂદી સમુદાય છે. સદીઓ પહેલા ભારત આવેલા આ લોકોએ મરાઠી સંસ્કૃતિ, ભાષા અને પહેરવેશને એટલી હદે અપનાવી લીધો હતો કે તેઓ પોતાની યહૂદી ઓળખ સાથે મરાઠી રંગમાં પૂરેપૂરા ભળી ગયા હતા. છત્રપતિ શિવાજી મહારાજની ધર્મનિરપેક્ષ વિચારધારા અને ન્યાયપ્રિયતાને કારણે આ સમુદાયના લોકો તેમના સ્વરાજ્યના અભિયાનમાં જોડાયા હતા. ઈતિહાસકારો જણાવે છે કે જ્યારે છત્રપતિ શિવાજી મહારાજે કોંકણ અને થાણેમાં પોતાનું સામ્રાજ્ય વિસ્તૃત કર્યું, ત્યારે 'બેને ઈઝરાયલ' સમુદાયના અનેક કુશળ વ્યક્તિઓએ તેમની સેના અને નૌકાદળમાં મહત્વની જવાબદારીઓ સંભાળી હતી. કિલ્લાઓની સુરક્ષા અને મરાઠા નૌકાદળને મજબૂત કરવામાં આ યોદ્ધાઓનું યોગદાન અમૂલ્ય હતું. શિવાજી મહારાજે પણ તેમની વફાદારીનું સન્માન કરી તેમને વહીવટી તંત્રમાં ઉચ્ચ સ્થાન આપીને એક મિશાલ કાયમ કરી હતી.

## સિક્કિમના ગ્રામ્ય વિસ્તારોમાં 'હર ઘર જલ'ને વેગ: કેન્દ્ર-રાજ્ય વચ્ચે ઐતિહાસિક MoU પર હસ્તાક્ષર

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | સિક્કિમના ગ્રામ્ય અને પહાડી વિસ્તારોમાં દરેક ઘરમાં નળ મારફતે શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવાના 'હર ઘર જલ' સંકલ્પને વધુ મજબૂતી આપવા માટે જળ શક્તિ મંત્રાલય અને સિક્કિમ રાજ્ય સરકાર વચ્ચે ઐતિહાસિક સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. 'જલ જીવન મિશન 2.0' હેઠળ થયેલા આ કરારના અમલીકરણથી રાજ્યના દૂરદરાજ અને



દુર્ગમ પહાડી વિસ્તારોમાં વસતા નાગરિકોને સુરક્ષિત અને સ્વચ્છ પીવાના પાણીની સુવિધા વધુ ઝડપથી ઉપલબ્ધ બનશે. આ પ્રસંગે સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગની વિશેષ ઉપસ્થિતિ રહી હતી, જ્યારે રાજ્ય અને કેન્દ્ર સરકારના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં જણાવાયું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ શરૂ થયેલ જલ જીવન મિશન વિશ્વનો સૌથી મોટો નળજળ પુરવઠા કાર્યક્રમ બની રહ્યો છે, જેના માધ્યમથી કરોડો પરિવારો સુધી ઘરઆંગણે પીવાનું પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. આ સમજુતી કરાર વડાપ્રધાનના 'સબકા સાથ, સબકા વિકાસ'ના સંકલ્પને વધુ મજબૂતી આપે છે. અધિકારીઓએ જણાવ્યું કે આ પહેલથી સિક્કિમના ગ્રામીણ વિસ્તારોમાં જીવનસ્તર સુધારાશે તેમજ આરોગ્ય અને સ્વચ્છતા ક્ષેત્રે પણ મહત્વપૂર્ણ પરિવર્તન જોવા મળશે.

## શાહીબાગમાં બાળમજૂરી સામે જિલ્લા ટાસ્કફોર્સની ચાર ટીમની રેડ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | અમદાવાદ જિલ્લા ડિસ્ટ્રીક્ટ ટાસ્કફોર્સની ચાર ટીમ દ્વારા શાહીબાગ વિસ્તારમાં આવેલ સુમેલ-11 કોમ્પ્લેક્સમાં સંયુક્ત રીતે રેડ કરી બાળમજૂરી મામલે કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ કાર્યવાહીમાં ચાર સંસ્થાઓના સંચાલકોને નોટિસ ફટકારવામાં આવી છે. નાયબ શ્રમ આયુક્ત કચેરી, અમદાવાદ દ્વારા જણાવવામાં આવ્યું છે કે તા. 09 જૂન 2026ના રોજ હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં સુમેલ-11ની ચાર દુકાનોમાંથી કુલ 6 તરૂણ કામ કરતા મળી આવ્યા હતા. જેના પગલે સંબંધિત દુકાનદારો સામે બાળ અને તરૂણ શ્રમ (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, 1986 અંતર્ગત કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. બાળમજૂરી નાબૂદી માટે જિલ્લા ટાસ્કફોર્સ દ્વારા સમગ્ર જૂન મહિના દરમિયાન વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોમાં સતત ચકાસણી અને રેડની કાર્યવાહી કરવામાં આવી રહી છે, જેથી બાળકોને શ્રમમાંથી મુક્ત કરી તેમના શિક્ષણ તરફ પુનઃમાર્ગદર્શન આપી શકાય.

### એનડીએ બેઠક અને નીતિ આયોગમાં લેશે ભાગ

## ચંદ્રબાબુ નાયડુ બે દિવસીય દિલ્હી પ્રવાસે એનડીએ બેઠકમાં લેશે ભાગ

અમરાવતી: આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ બે દિવસીય નવી દિલ્હીની મુલાકાતે જઈ રહ્યા છે. ૧૦ અને ૧૧ જૂન દરમિયાન યોજાનારી આ મહત્વની મુલાકાત દરમિયાન તેઓ નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ) ના ભાગીદારોની બેઠક અને નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં ભાગ લેશે. મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદનમાં આ પ્રવાસની વિગતો જાહેર કરવામાં આવી છે.

મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ ૧૦ જૂને સવારે ૧૧:૩૦ વાગ્યે ગન્નાવરમ એરપોર્ટથી નવી દિલ્હી માટે રવાના થશે. બપોરે ૩:૦૦ થી રાત્રે ૯:૦૦ વાગ્યા સુધી ભારત મંડપમ ખાતે યોજાનારી એનડીએના સહયોગી પક્ષોની બેઠકમાં તેઓ ખાસ હાજરી આપશે. તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) એનડીએનો એક મુખ્ય ઘટક પક્ષ હોવાથી, નાયડુ આ બેઠકમાં રાજકીય અને શાસન સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ગંભીર ચર્ચાઓમાં ભાગ લેશે. આ મુલાકાત કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંકલન સાધવાની દિશામાં એક મહત્વનું પગલું માનવામાં આવે છે.ત્યારબાદ ૧૧ જૂને મુખ્યમંત્રી રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાનારી નીતિ આયોગની ૧૧મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં ભાગ લેશે. સવારે ૯:૧૫ થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ચાલનારી આ બેઠક નીતિ આયોગની સર્વોચ્ચ સંસ્થા છે, જેમાં તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ, કેન્દ્રશાસિત પ્રદેશોના લેફ્ટનન્ટ ગવર્નર્સ અને કેન્દ્ર સરકારના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહેશે. આ પ્લેટફોર્મ પર મુખ્યમંત્રી સહકારી સંઘવાદ, નીતિ નિર્ધારણ અને રાષ્ટ્રીય વિકાસની વ્યૂહરચનાઓ અંગે પોતાના મંતવ્યો રજૂ કરશે.

## ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ આજે નવી દિલ્હીમાં કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ સાથે શુભેચ્છા મુલાકાત કરી



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ નવી દિલ્હીમાં કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન કૃષિ, સહકારિતા અને ખેડૂત કલ્યાણ સાથે જોડાયેલા વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. દિલીપ સંઘાણીએ તાજેતરમાં પૂર્ણ થયેલા અમેરિકા પ્રવાસ દરમિયાન યોજાયેલા કાર્યક્રમો, ઉચ્ચસ્તરીય બેઠકો અને કૃષિ-



સહકારી ક્ષેત્રના અનુભવો અંગે મંત્રીશ્રીને માહિતગાર કર્યા હતા. તેમણે કૃષિ નવીનીકરણ, સહકારી મોડલ, કૃષિ વ્યવસાય વિકાસ, ટેક્નોલોજી હસ્તાંતરણ અને ખેડૂતકેન્દ્રિત પહેલો અંગે અમેરિકામાં થયેલી ચર્ચાઓના મુખ્ય તારણો રજૂ કર્યા હતા. બેઠક દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચે કૃષિ, સહકારિતા, ખાદ્ય સુરક્ષા, કૃષિ ટેક્નોલોજી, કૃષિ વ્યવસાય અને ખેડૂત સશક્તિકરણ જેવા ક્ષેત્રોમાં સહકાર વધારવાની સંભાવનાઓ અંગે અર્થપૂર્ણ ચર્ચા થઈ હતી. બંને દેશો વચ્ચે જ્ઞાન, ટેક્નોલોજી અને શ્રેષ્ઠ પદ્ધતિઓના આદાન-પ્રદાનને વધુ મજબૂત બનાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંઘાણીએ શિવરાજસિંહ ચૌહાણના કૃષિ અને ગ્રામ વિકાસ ક્ષેત્રના દૂરદર્શી નેતૃત્વ તથા ખેડૂતોના કલ્યાણ માટેની તેમની અડગ પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તેમના નેતૃત્વ હેઠળ દેશનું કૃષિ અને સહકારી ક્ષેત્ર નવી ઊંચાઈઓ સર કરશે અને ખેડૂતોની આવક, ઉત્પાદકતા તથા સમૃદ્ધિમાં વધારો થશે.

## અમદાવાદમાં ડુપ્લિકેટ ઘી સામે AMCની કડક કાર્યવાહી: 3 સ્થળેથી 4,850 કિલો શંકાસ્પદ ઘી જપ્ત, રૂ. 31.81 લાખનો જથ્થો સીઝ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદમાં શુદ્ધ ગાયના ઘીના નામે વેચાઈ રહેલા શંકાસ્પદ ડુપ્લિકેટ ઘી સામે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગે મોટી કાર્યવાહી હાથ ધરી છે. 8 જૂન, 2026ના રોજ દક્ષિણ ઝોનના ઈન્દ્રપુરી વોર્ડ વિસ્તારમાં હાથ ધરાયેલા દરોડામાં ત્રણ અલગ-અલગ સ્થળેથી કુલ 4,850 કિલોગ્રામ શંકાસ્પદ ઘી જપ્ત કરીને વેચાણ માટે સીઝ કરવામાં આવ્યું છે, જેની અંદાજિત કિંમત રૂ. 31.81 લાખથી વધુ થાય છે. તપાસ દરમિયાન લક્ષ્મણભાઈ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ તથા આસપાસના વિસ્તારોમાંથી "રિધમ કાઉ ઘી" અને "વચનામૃત કાઉ ઘી"ના મોટા જથ્થા મળી આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં આ બંને બ્રાન્ડના સ્ટોકિસ્ટ તથા વિતરણ નેટવર્ક સામે પણ ગંભીર શંકા ઊભી થઈ છે. ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા નમૂનાઓ લઈ લેબ ટેસ્ટ માટે મોકલવામાં આવ્યા છે અને સમગ્ર જથ્થો સીલ કરી દેવામાં આવ્યો છે. સાથે જ સંબંધિત એકમોની વિગતવાર તપાસ શરૂ કરવામાં આવી છે. વટવા અને દૂધેશ્વર વિસ્તારમાં આવેલા બે અન્ય વિતરણ કેન્દ્રો પર પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમે કાર્યવાહી કરીને વધારાનો શંકાસ્પદ જથ્થો જપ્ત કર્યો છે. પ્રાથમિક તપાસ મુજબ આ ઉત્પાદનો એક જ સપ્લાય ચેઈન સાથે જોડાયેલા હોવાનું સામે આવ્યું છે. લેબોરેટરી રિપોર્ટ બાદ ખાદ્ય સુરક્ષા અને ધોરણ અધિનિયમ, 2006 હેઠળ જવાબદાર સામે કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એ માહિતી આપી છે.

### સીતાપુરમાં ૨૫૦ મેગાવોટનો સોલાર પ્રોજેક્ટ મંજૂર

## ઉત્તર પ્રદેશના સીતાપુરમાં રક્ષામંત્રાલયનો પ્રથમ મોટો સોલાર પ્રોજેક્ટ મંજૂર

નવી દિલ્હી: ભારતીય સંરક્ષણ ક્ષેત્રે ઉર્જા સુરક્ષાને મજબૂત કરવા અને રક્ષામંત્રાલયની ખાલી પડેલી જમીનનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા માટે એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. રક્ષામંત્રી રાજનાથ સિંહે ઉત્તર પ્રદેશના સીતાપુર (ભૂતપૂર્વ કેન્ટોનમેન્ટ) ખાતે ૨૫૦ મેગાવોટના સોલાર પાવર પ્રોજેક્ટની સ્થાપનાને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટમાં બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (BESS) પણ સામેલ હશે, જે તેને ભારતનો અનોખો પ્રોજેક્ટ બનાવે છે. રક્ષામંત્રાલયના સત્તાવાર નિવેદન મુજબ, આ પ્રોજેક્ટ સીતાપુરમાં આશરે ૮૫૦ એકર ખાલી પડેલી સંરક્ષણ જમીન પર વિકસાવવામાં આવશે. આ પ્રકારનો રક્ષામંત્રાલય દ્વારા હાથ ધરવામાં આવેલો આ પહેલો પ્રોજેક્ટ છે, જેમાં વિશાળ પાયે સૌર ઉર્જા ઉત્પાદન સાથે સંકલિત બેટરી સ્ટોરેજ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે. સરકારની આ પહેલ સ્વચ્છ ઉર્જા અને પર્યાવરણીય સ્થિરતા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.આ સોલાર પ્રોજેક્ટ માત્ર સંરક્ષણ દળો માટે લાંબા ગાળાની ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવશે એટલું જ નહીં, પરંતુ સંરક્ષણ સંસ્થાઓ માટે ગ્રીડ પાવરની ખરીદી પાછળ થતા ખર્ચમાં પણ નોંધપાત્ર ઘટાડો કરશે. પ્રોજેક્ટના જીવનકાળ દરમિયાન તેનાથી સરકારી તિજોરીને મોટી બચત થવાની અપેક્ષા છે. આ પહેલ પરંપરાગત ઉર્જા સ્ત્રોતો પરની નિર્ભરતા ઘટાડવામાં મદદરૂપ થશે.આ પ્રોજેક્ટને વાસ્તવિકતામાં લાવવા માટે એનટીપીસી (NTPC) લિમિટેડ દ્વારા સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, જેથી ઉર્જાના ભાવ અને બચતને સૌથી વધુ અનુકૂળ બનાવી શકાય. આ સંપૂર્ણ કાર્ય સંરક્ષણ મંત્રાલયની આર્મી હેડક્વાર્ટર અને ડિરેક્ટોરેટ જનરલ ડિફેન્સ એસ્ટેટ (DGDE) ના નજીકના સંકલનમાં કરવામાં આવશે.આ પ્રોજેક્ટ રાષ્ટ્રીય સુરક્ષા, ઉર્જા સુરક્ષા અને પર્યાવરણીય સ્થિરતાનો સંગમ છે. પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી, સીતાપુર સોલાર પાવર પ્રોજેક્ટ દેશના સૌથી મહત્વપૂર્ણ નવીનીકરણીય ઉર્જા પ્રોજેક્ટ્સમાંનો એક બનશે અને ભવિષ્યમાં સંરક્ષણ ક્ષેત્રમાં અન્ય સોલાર-પ્લસ-સ્ટોરેજ પ્રોજેક્ટ્સ માટે બેન્ચમાર્ક સ્થાપિત કરશે.

## NFRWWO એ વિશ્વ પર્યાવરણ દિવસ 2026 ના રોજ જાગૃતિ શિક્ષા નિકેતન ખાતે વૃક્ષારોપણ ઝુંબેશ અને રોપા વિતરણનું આયોજન કર્યું





માલીગાંવ | વિશ્વ પર્યાવરણ દિવસ 2026 ની ઉજવણી માટે, નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે મહિલા કલ્યાણ સંગઠન (NFRWWO) એ તેના પ્રમુખ શ્રીમતી શાલિની શ્રીવાસ્તવના નેતૃત્વ હેઠળ, પાંડુમાં જાગૃતિ શિક્ષા નિકેતન ખાતે વૃક્ષારોપણ ઝુંબેશ હાથ ધરી અને વિદ્યાર્થીઓને રોપાઓનું વિતરણ કર્યું. આ કાર્યક્રમ દ્વારા, સંસ્થાએ પર્યાવરણીય જાગૃતિ વધારવા અને હરિયાળા, સ્વચ્છ ભવિષ્યના નિર્માણ માટેની તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પર્યાવરણીય સંરક્ષણ પ્રયાસોમાં સક્રિયપણે ભાગ લેવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા અને વૃક્ષારોપણ અને ટકાઉ પ્રથાઓ દ્વારા પ્રકૃતિના રક્ષણના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો. રોપાઓનું વિતરણ કરતી વખતે, બાળકોને વૃક્ષોની સંભાળ રાખવા અને સ્વસ્થ પર્યાવરણમાં યોગદાન આપવા માટે વિનંતી કરવામાં આવી.પાંડુ રેલ્વે કોલોનીમાં 1975 માં સ્થાપિત, જાગૃતિ શિક્ષા નિકેતન એક સાધારણ પહેલ તરીકે શરૂ થયું. ત્યારથી, તે પાંડુ અને માલીગાંવ વિસ્તારોના વંચિત બાળકોને પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવા માટે એક મહત્વપૂર્ણ કેન્દ્રમાં વિકસ્યું છે. છેલ્લા પાંચ દાયકામાં, સંસ્થાએ વિવિધ સંસ્થાઓ, દાતાઓ અને શુભેચ્છકોના સમર્થનથી સતત પ્રગતિ કરી છે.હાલમાં, NFRWWO પ્રમુખ શ્રીમતી શાલિની શ્રીવાસ્તવના માર્ગદર્શન અને આશ્રય હેઠળ, શાળા પ્લેગ્રુપથી લઈને ધોરણ 5 સુધીના 160 થી વધુ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડે છે. શિક્ષણ અને બિન-શિક્ષણ સ્ટાફની સમર્પિત ટીમ દ્વારા સમર્થિત, સંસ્થા શૈક્ષણિક, સાંસ્કૃતિક અને અભ્યાસેતર પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર વિશેષ ભાર મૂકે છે.શાળાએ સેવાના 50 ગૌરવશાળી વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. બાળકો માટે શિક્ષણ વાતાવરણને વધારવા માટે સુવિધાઓને વધુ વિકસાવવા અને અપગ્રેડ કરવાની યોજનાઓ ચાલી રહી છે. NFRWWO સમાજના સર્વાંગી વિકાસમાં ફાળો આપતી શૈક્ષણિક પહેલો અને સમુદાય કલ્યાણ કાર્યક્રમોને સમર્થન આપવા માટે પ્રતિબદ્ધ છે.

## નાગરિકોની રજૂઆતોનો સ્થાનિક સ્તરે જ ઝડપી નિકાલ સુનિશ્ચિત કરાશે: ડીજીપી જી. એસ. મલિક

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યના પોલીસ વડા શ્રી જી. એસ. મલિકે જણાવ્યું છે કે નાગરિકોની રજૂઆતોનો સ્થાનિક સ્તરે જ સુખદ અને ઝડપી નિકાલ થાય તે માટે ગૃહ વિભાગ કટિબદ્ધ છે. ડીજીપી શ્રી મલિકે ગૃહ વિભાગના રાજ્ય જનસંપર્ક કેન્દ્ર તેમજ પોલીસ ભવન ખાતે કાર્યરત જનસંપર્ક કાર્યાલયની ઓચિંતી મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી હતી. આ દરમિયાન તેમણે હાજર અરજદારો સાથે રૂબરૂ સંવાદ કરીને તેમની સમસ્યાઓ પણ



સાંભળી હતી. તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર ખાતે આવતા કેસોનું વિશ્લેષણ કરીને કયા જિલ્લાઓમાંથી વધુ અરજદારો આવે છે અને તેમની મુખ્ય સમસ્યાઓ શું છે તેની ઊંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવી છે. આ સમીક્ષાનો મુખ્ય હેતુ એ છે કે નાગરિકોને નાના-મોટા પ્રશ્નો માટે ગાંધીનગર સુધી આવવું ન પડે અને જિલ્લા સ્તરે જ ઝડપી ન્યાય અને નિવારણ મળી શકે. ડીજીપી શ્રી મલિકે ઉમેર્યું હતું કે હાલમાં ગાંધીનગર આવતા તમામ અરજીઓ તાત્કાલિક સંબંધિત જિલ્લા કે યુનિટ સુધી પહોંચાડીને ઝડપી અને પારદર્શક નિરાકરણ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જનસંપર્ક કાર્યાલય માત્ર અરજી સ્વીકારવાનું કેન્દ્ર નથી, પરંતુ પોલીસ અને જનતા વચ્ચે વિશ્વાસનો સેતુ છે. આવનારા સમયમાં જિલ્લા સ્તરે પણ આ જ પ્રકારની અસરકારક વ્યવસ્થા વધુ મજબૂત કરવામાં આવશે, જેથી પોલીસ તંત્ર વધુ લોકભોગ્ય અને જવાબદાર બને.

## AUDA દ્વારા દેવ સરોવરનું ભવ્ય નવીનીકરણ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) દ્વારા જેતલપુર સ્થિત ઐતિહાસિક ‘દેવ સરોવર’ તળાવના રૂ. 8.50 કરોડના ખર્ચે વ્યાપક નવીનીકરણનું કાર્ય ઝડપથી આગળ વધી રહ્યું છે. 1,89,394 ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલા આ તળાવને આધુનિક સુવિધાઓથી સજ્જ કરીને આકર્ષક જાહેર સ્થળ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. ઔડા દ્વારા હાથ ધરાયેલા આ પ્રોજેક્ટનું બ્યુટીફિકેશન કાર્ય અંતિમ તબક્કામાં છે અને જૂન-2026ના અંત સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.


સિટી
# એક્સપ્રેસ
WEDNESDAY 10 JUNE-2026
AHMEDABAD


## બિરસા મુંડાની પુણ્યતિથિએ ગાંધીનગરમાં પુષ્પાંજલિ કાર્યક્રમ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | આદિવાસી સમાજના ગૌરવ અને સ્વાતંત્ર્ય સંગ્રામના મહાન યોદ્ધા ભગવાન બિરસા મુંડાની પુણ્યતિથિ નિમિત્તે આજે બિરસા મુંડા ભવન, ગાંધીનગર ખાતે ભાવભીનાં પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશ પટેલ સહિત રાજ્ય સરકારના મંત્રીઓ, વિધાનસભાના દંડક, વરિષ્ઠ અધિકારીઓ તેમજ આદિજાતિ સમાજના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા અને બિરસા મુંડાના જીવન, સંઘર્ષ અને રાષ્ટ્રસેવામાં આપેલા યોગદાનને યાદ કરીને તેમને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.




